ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા નં.-૭

અંગ્રેજી-ગુજરાતી

# ઈશ્વરવિદ્યાનો પારિભાષિક કોશ

ટૂંકી નોંધ અને નામાવલી સહિત

સંપાદન કરનાર

આર. બી. દેસાઈ અને આર. એચ. એસ. બૉયડ

ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

પ્રકાશક

ગુજરાતી ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્ય સમિતિ વતી

રેવ. આર. બી. દેસાઈ

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા

અમદાવાદ-૬

પૂંઠા પર તેમ જ મુખપૃષ્ઠ પર છાપેલી આકૃતિ સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા (અમદાવાદ)ના ભજનસ્થાનમાંની કંડારેલા પથ્થરની બારીમાંથી લીધેલી છે. એ આકૃતિમાં પ્રદર્શિત કરાયેલ **હથોડો** (યિર્મે. ૨૩; ૨૯), **તરવાર** (એફે. ૬; ૧૭), **ઢાલ** (ગીત. ૯૧; ૪), **ઓળિયું** (હઝ. ૩; ૧) અને **દીપક** (ગીત. ૧૧૯; ૧૦૫ : પ્રક. ૫; ૧) ઈશ્વરના વચનનાં પ્રતીકો છે.

આવૃત્તિ ૧લી

પ્રત ૧૦૦૦

૧૯૭૨

**મૂલ્ય રૂ. ૪-૦૦**

મુદ્રક : કાન્તિલાલ એમ દેસાઈ, ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ, અમદાવાદ

Christian Theological Series No. 7

ENGLISH–GUJARATI

# THEOLOGICAL GLOSSARY

with

Definitions and a List of Proper Names

Edited by

**R. B. Desai** and **R. H. S. Boyd**

Published by

**The Rev. R. B. Desai**

for

The Gujarati Theological Literature Committee,
Gujarat United School of Theology,
Ahmedabad-6

1st Edition ] [ Copies 1000

1972

This book is published with the help of a grant from the Theological Education Fund of the World Council of Churches. Grateful acknowledgement is also made of special contributions from the Churches co-operating in the Gujarat United School of Theology.

**Price Rs. 4-00**

The design on the cover and title page is taken from a pierced stone window in the Chapel of the Gujarat United School of Theology, Ahmedabad. It represents the Word of God as a Hammer, a Sword, a Shield, a Scroll and a Lamp.

# તંત્રીની પ્રસ્તાવના

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળાના વિદ્યાર્થીઓને, અને વિશેષે કરીને સીરામપોરની બી. ટી. એચ. ડિગ્રી માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં પાઠ્ય પુસ્તકોના અભાવે જે મુશ્કેલીઓ વેઠવી પડે છે તે હલકી કરવાના આશયથી "ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા" રચવાની યોજના ઘડી કાઢવામાં આવેલી છે. ઈશ્વરવિદ્યાના વિદ્યાર્થીઓ ઉપરાંત ધર્મસેવકો, સુવાર્તિકો, સુવાર્તિકાઓ, સાબ્બાથશાળાના શિક્ષકો, તેમ જ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેકને પણ એ મદદરૂપ નીવડશે એવી આશા રાખવામાં આવે છે.

ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્યના ક્ષેત્રમાં ગુજરાતની મંડળી આ દેશની અન્યભાષી મંડળીઓ કરતાં એકંદરે વધુ સમૃદ્ધ છે એ ખુશી થવા જેવી બાબત છે. આપણી પાસે ઊંચી જાતનાં અને અનેક પ્રકારનાં પુસ્તકો છે ખરાં, તોપણ હજુ ઘણું કરવાનું બાકી રહે છે. જે કંઈ છે તે પૂરતું નથી; જૂનાં પુસ્તકોમાંનાં ઘણાંખરાં હાલ સુલભ નથી, અને ઘણાંખરાંનું પુનર્મુદ્રણ હવે પછી થવાનું નથી. તથાપિ એવી આશા સેવવામાં આવે છે કે આ ગ્રંથમાળા સમિતિ તરફથી ઘડી કઢાયેલી યોજના અનુસાર જે સાહિત્ય રફતે રફતે પ્રગટ કરવામાં આવશે તે ગુજરાતી ખ્રિસ્તી મંડળીની અગત્ય ધીરે ધીરે પૂરી પાડશે.

આ કાર્ય પુષ્કળ શ્રમ માગી લેનારું તેમ જ ખર્ચાળ છે એ નિર્વિવાદ છે. પરંતુ ઈશ્વરપિતાએ પોતાના આ કાર્ય માટે સહાય ઊભી કરેલી છે. ખ્રિસ્તી મંડળીઓની વિશ્વ કાઉન્સિલ પાસે ઈશ્વરવિદ્યાવિષયક પ્રવૃત્તિઓ માટે માતબર નાણાં ભંડોળ છે, જેમાંથી દુનિયાના જુદા જુદા પ્રદેશોની આવી યોજનાઓને સહાય કરવામાં આવે છે. એ ભંડોળમાંથી મળતી સહાય વડે આ ગ્રંથમાળા સમિતિ વખત જતાં જાતજાતનાં પુસ્તકો ખ્રિસ્તી મંડળીના હાથમાં મૂકવાની આશા સેવે છે.

પુસ્તકોનો વર્ગ એકદમ ઓળખાઈ આવે માટે વર્ગ વાર નીચે મુજબના રંગનાં પૂઠાં રાખવામાં આવશે.

| | | |
|---|---|---|
| બાઇબલના ખુલાસા | ... | ... જાંબુડા રંગનાં |
| ધર્મસિદ્ધાંત | ... | ... લાલ ,, |
| મંડળીનો ઇતિહાસ | ... | ... લીલા ,, |
| પાળકવિદ્યા અને ભજનસેવા | ... | ... ભૂખરા ,, |

ઈશ્વરવિદ્યાવિષયક પુસ્તકોના પ્રકાશનમાં અગાઉની ઉ. હિં. સં. મંડળીના સ્કૉટ સ્મારક ફંડનો ફાળો ઘણો મોટો છે. એની સહાયથી આજ દિન સુધીમાં અનેક પુસ્તકો છાપી શકાયાં છે, જેની કદર કરી તેનો આભાર માનવામાં આવે છે. વળી ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળામાં સહકાર કરતી મંડળીઓ–એટલે દક્ષિણ એશિયાની મેથડિસ્ટ મંડળી તથા ઉત્તર ભારતની ખ્રિસ્તી મંડળી (અગાઉની ઉત્તર હિંદની સંયુક્ત મંડળી અને ભાઈઓની મંડળી)–તરફથી આ કાર્યને માટે જે ખાસ નાણાંકીય સહાય મળી છે તે બદલ તેમના પ્રત્યે પણ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

આ ગ્રંથમાળાનું આ સાતમું પુસ્તક છે. તેના સંપાદકો રેવ. આર. બી. દેસાઈ અને રેવ. (ડૉ.) આર. એચ. એસ. બોયડ છે. રેવ. દેસાઈ મેથડિસ્ટ મંડળીમાં પાળક અને ડિ. સુ. તરીકે વર્ષો સુધી સેવા આપ્યા બાદ છેલ્લાં અઢારેક વર્ષથી ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળામાં પ્રિન્સિપાલ તરીકે સેવા આપી રહ્યા છે. ડૉ. બોયડ આઇરીશ પ્રેસ્બિટેરીયન મિશનરી છે. તેઓ હાલમાં ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળામાં સેવા આપી રહ્યા છે. ઈશ્વરવિદ્યાક્ષેત્રે ભારતીય ખ્રિસ્તી ઈશ્વરવેત્તાઓએ આપેલા ફાળાનું સંશોધન કર્યા બાદ An Introduction to Indian Christian Theology નામે અંગ્રેજી પુસ્તક તેમણે પ્રસિદ્ધ કર્યું છે.

ગુજ. સં. ઈ. વિ. શાળા,
એલિસબ્રીજ, **અમદાવાદ–૬**

**હિમ્મતલાલ આશીર્વાદ**
તંત્રી
ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

# આભારદર્શન

જેમણે આ પારિભાષિક કોશના સંપાદનકાર્યમાં સહાય કરી છે તે સર્વનો અમે આભાર માનીએ છીએ. વિવિધ મંત્રણામાં ભાગ લેનાર અથવા ખાસ મુદ્દાઓ અંગે સલાહસૂચનો આપનારનાં નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| રેવ. ( ડૉ. ) હિમ્મતલાલ આશીર્વાદ | રેવ. ( ડૉ. ) ડી. એમ. કેનેડી |
| રેવ. જી. એ. કેમ્પબેલ | રેવ. ટી. એચ. લાઈલ |
| રેવ. જયાનંદ આઈ. ચૌહાણ | રેવ. આઈ. વી. માસ્ટર |
| રેવ. પૉલ આર. ચૌહાણ | રેવ. ( ડૉ. ) શાન્તુકુમાર પરમાર |
| રેવ. જે. જી. ક્રિશ્ચિયન | રેવ. એસ. ડી. પરમાર |
| રેવ. ( ફા. ) ઈસુદાસ કવેલી | રેવ. આર. એમ. રાઠોડ |
| ( સ્વ. ) પ્રોફે. ધનજીભાઈ ફકીરભાઈ | રેવ. એમ. સી. રીડયાર્ડ |
| રેવ. જી. ટી. જોન્સન | શ્રી જે. બી. સોલોમન |

આ પુસ્તકના છપામણી કાર્યમાં રેવ. એસ. ડી. પરમારે શરૂઆતથી અંત સુધી અંગત રસ લઈ એકધારી સેવા બજાવી છે અને પોતાના કીમતી સમયનો ભોગ આપ્યો છે તે બદલ તેમનો ખાસ આભાર માનીએ છીએ.

તદુપરાંત, શબ્દો તથા વ્યાખ્યાઓની નકલો કરવી, પ્રૂફ વાંચવું–એવાં એવાં કાર્યોમાં કેટલાંક યુવાન મિત્રોએ પણ સહાય કરી હતી. ખાસ કરીને કુ. ગ્રેસ દેસાઈ, રેવ. બેન્જામીન એસ. પરમાર, સર્વશ્રી. દાનિયેલ એમ. મેકવાન, વિજયકાંત એચ. રાઠોડ અને ઈમાનુએલ સી. ક્રિસ્ટીનો પણ આભાર માનીએ છીએ.

**આર. બી. દેસાઈ**
**આર. એચ. એસ. બોયડ**

# EDITORS' INTRODUCTION

We are glad to present this printed edition of the **English Gujarati Theological Glossary** to the public. A cyclostyled version, based on the Glossary published by the Hindi Theological Textbooks Committee, was published in 1965 ( Part I ) and 1967 ( Part II ). Many additions to the original wordlist have been made in this new version; we have added words from the Tamil and Marathi Glossaries, as well as many words which our own teaching experience has suggested. The present Glossary, moreover, breaks new ground in two directions–first in its inclusion of brief definitions of many of the words listed; and second, in the addition of a list of extra–Biblical proper names, with brief definitions. We hope that these innovations will result in the book becoming a more useful tool of study for several different classes of reader.

It has been our aim in particular to be of help to three different categories of readership. First, to Gujarati–speaking theological students, who in their theological reading in English come across many words not contained in the standard English–Gujarati dictionaries; secondly, to those who translate and adapt English theological books into Gujarati; and thirdly to foreigners who wish to increase their knowledge of Gujarati theological terms. For the benefit of this last class of reader the gender of all nouns has been given, as these are seldom if ever listed in English–Gujarati dictionaries. We venture to hope that in addition the book will prove useful also to the general reading public, both

Christian and others, who may find that it helps to widen, and perhaps to deepen, their understanding of the Christian faith.

It has not been an easy matter to decide which of the many terms listed call for definition, and we have had to be selective. Some of the great words of the Christian faith, like Saviour, justification, redemption, have not been defined, while seemingly less important ones–like dualism, emanation, theodicy, typology etc–have been defined at some length. Our aim has not been to produce a complete theological dictionary, but rather to explain terms which are unfamiliar, or about whose meaning there is likely to be misunderstanding.

A glance at the words listed will show that the vocabulary translated and defined is almost entirely a western one, and reflects the history and controversies of the western Churches.* This is inevitable in a book of this nature, which seeks to help students to read books written in English. This fact, however, should be a warning to Indian theological writers, impelling them to seek a truly Indian terminology to express the truths which God has revealed through the history of salvation as it is seen in the Bible and the Church. Much of the vocabulary listed here relates to the controversies of the early Church, as well as to the Reformation and post-Reformation controversies between Roman Catholics and

* Using the word "western" in the sense in which it is normally used in India. The theological vocabulary of the early controversies includes of course what westerners call the "eastern Churches"; their cultural background, however, is mainly Greek, and so "western" from the Indian point of view.

Protestants. It is important that the the Church in India should pass beyond this period. While it must remain faithful to the Biblical foundation of the faith it need not consider itself permanently bound by a vocabulary which still rests very largely on the work of Aristotle ( for Greek terms ) and Aquinas ( for Latin ones ). The lessons of the past-including the western past-are, however, to be understood rather than disregarded, and they form one of the components of Indian Christian theology. It is our hope, therefore, that this Glossary may strengthen rather than weaken the effort to evolve a truly Indian theological terminology. We venture to suggest that if an attempt were made to draw up a theological word-list **starting from the available Gujarati words,** it would be of great interest, and would no doubt differ in many ways from the present list, which interprets mainly western terms. The theologians of the early Church used the available Greek-and later Latin-words, giving them an added Christian meaning, and at times also coining new words. The same task is today in process of being carried out in the Indian Church, and this Glossary reflects the present stage of the process.

We have attempted, where possible, to give single-word Gujarati equivalents for English terms, and these have been arranged in what we regard as the **order of preference.** All the words listed should, however, be used with caution, and their precise meaning if necessary checked in the જોડણીકોશ. Sometimes it has not been possible to give a single-word equivalent, and in such cases a brief description has been given instead.

Some words have proved virtually impossible to

translate, as they are without an exact equivalent in Indian terminology. We might mention, for example, the word "Person" as applied to the Trinity, or the Greek word **hypostasis** in relation both to the Trinity and to Christology. Or again, such a common and meaningful English word as "evangelical" is very difficult to translate. The word "Trinity" also causes difficulties, as terms like ત્રિ–એકતા or ત્રૈક્ય, which a Christian can follow, may be misleading to a non-Christian. Many Indian theologians have given Christian expositions of **Saccidananda** in this connection, and with this attempt we have much sympathy. We have not, however, included the word **Saccidananda** as an equivalent for "Trinity" as we felt that it did not approach closely enough to a "translation" of the word "Trinity". For the same reason we have not given prominence to the words **Brahman** or **Bhagavan,** though there may well be occasions when these also may be used effectively to express the truths of the Christian revelation. On the other hand we have been glad to include a number of the technical terms of the **bhakti marga** which seem to give an enrichment to the Christian vocabulary–words which express the immediate experience of communion with God, such as પ્રત્યક્ષ, સાક્ષાત્કાર, સાયુજ્ય. We also draw attention to the useful word પ્રમાણુ, which has been so helpfully expounded by A. J. Appasamy in relation to the Christian sources of authority in Scripture (શ્રુતિ), experience (અનુભવ) and theological statement (અનુમાન). We wish to emphasise, however, that in the task of evolving Indian Christian theology **translation** has at most a very limited part to play, since the evolution of a new

terminology must not be controlled by the western vocabulary, however venerable it may be.

This book is a product of the Protestant tradition, and no doubt this is reflected in the definitions, and even in the vocabulary. We trust, however, that Christians of all traditions will find that we have sought to be fair and objective in our presentation of the evidence, even if we may ourselves be committed to certain interpretations. The Protestant tradition in Gujarat tends towards conservatism in Christian vocabulary–the result of a history of more than 150 years (since 1813, in fact) during which hundreds of theological books have been written and a certain Christian vocabulary has become more or less stabilised. The reaction of many Gujarati Protestant Christians to words which seem to have a non–Christian connotation–as for example the word પયગંબર for "prophet"–tends to be rather unsympathetic. In recent years Roman Catholic writers in Gujarati have been willing to be more experimental, and to use a variety of terms with definite Hindu associations, such as પરમપ્રસાદ for "host", સ્નાનસંસ્કાર for "baptism" etc. Many examples of this kind of vocabulary are to be found in the શુભસંદેશ translation of the New Testement, as well as in the new Gujarati liturgy. We have included a number of these terms, sometimes indicating, by the abbreviation રો. કે., that they are used mainly in the Roman Catholic Church.

The purpose of this Glossary, then, is not to standardise the Gujarati theological vocabulary–for that would be premature–but rather to enrich it. There is one field, however, where we feel that standardisation is not only

useful but essential, and that is the matter of proper names. Our present theological textbooks have a wide variety of transliterations of non-Gujarati names, and we feel that the time has come to seek for a uniform spelling. We are indebted to the Rev. J. I. Chawhan and the Rev. T. H. Lyle for their contribution here, and refer the reader to Mr. Lyle's Introduction, which explains the method adopted.

In placing this book before the public we are deeply conscious of our indebtedness to many predecessors who have laboured in the field of theological vocabulary. The early missionaries of the London Missionary Society and the Irish Presbyterian Mission–notably men like J. V. S. Taylor, James Glasgow, Robert Montgomery ( who wrote an excellent English-Gujarati Dictionary ), J. F. Steele, H. R. Scott and G. Wilson helped to set the pattern. In more recent years Dr. W. G. Mulligan showed great ingenuity in the coining of new terms in Gujarati, many of which are listed in the Glossary of his massive ધર્મનું તત્ત્વજ્ઞાન. Not all his terms have won acceptance, but some have, and he has proved that it is not necessary to limit oneself to vocabulary which has already found its way into the જોડણીકોશ. We have drawn also to some extent on the works of Indian theologians from areas outside Gujarat who have written mainly in English–men like Brahmabandhab Upadhyay of Bengal, P. Chenchiah, V. Chakkarai and A. J. Appasamy of Tamil Nadu, and Raymond Panikkar. And we pay special tribute to two Gujarati writers who have done much to enrich the Gujarati theological vocabulary–Manilal C. Parekh and Dhanjibhai Fakirbhai. We have

also benefited from the work of Prof. Ninian Smart, who has given an illuminating series of English-Sanskrit equivalents in his book **Doctrine and Argument in Indian Philosophy** (Allen and Unwin, 1964). The two Gujarati dictionaries which we have consulted most are the indispensable જોડણીકોશ (Gujarat Vidyapitha, 1967) and P. G. Deshpande's **English-Gujarati Dictionary** (Vallabhavidyanagar, 1970). We acknowledge also our special debt to the **English-Hindi Glossary of Theological Terms** (2nd edition, 1969) by R. M. Clark and Shantwant John, revised and enlarged by M. R. Robinson and C. W. David. For the definitions of terms, as well as the notes on the proper names, we have depended very extensively on F. L. Cross, **The Oxford Dictionary of the Christian Church,** (Oxford, 1961).

We are deeply conscious of many defects in this book. Some will feel that it is too conservative; others perhaps that it is too radical and ecumenical. We have only begun to tap the richness of vocabulary which the Christian Church in India can use in the proclamation of its message, and much still remains to be done. We therefore express the hope that some of those who use this book will send us their comments and criticisms so that a future edition may be made more useful and comprehensive.

We believe that the development of a living Indian theological terminology depends ultimately on the vernaculars, even although writers in English may reach a wider public. The vocabulary grows and develops through the work of preaching and lecturing, through the writing of theological textbooks, through the ongoing work of

Bible-translation, through the preparation of apologetic literature and the translation of books originally written in western languages. The various compilers of this Glossary have to some extent been engaged in all these different pursuits and it has been an enriching and stimulating experience to attempt in this way to gather some of the fruits of that varied activity.

It is, then, our hope that this book may make a twofold contribution. First, that it may help many theological students and thinkers in Gujarat to a better understanding of the great body of western theological literature; and secondly, that it may encourage them to evolve a new theological terminology, firmly rooted in the Bible, and in their experience of the living Christ, and yet related also to the land and culture in which they live. This in turn should encourage the growth of a body of Indian theology with new and deep insights, which can enrich the Christian thought and life of the whole world. We shall be happy if this book makes even a small contribution to that great task.

Ahmedabad,
March 1971

**R. B. Desai**
**R. H. S. Boyd**

# અનુક્રમણિકા


| | | | પૃ. |
|---|---|---|---|
| ગ્રંથમાળાના તંત્રીની પ્રસ્તાવના | ... | ... | 5 |
| આભારદર્શન | ... | ... | 7 |
| Editors' Introduction | ... | ... | 8 |
| ભાગ ૧લો : સાર્થ શબ્દકોશ | | | 1 |
| Introduction to Proper Names | | | 138 |
| ભાગ ૨જો : નામાવલિ | | | 145 |

# A

| | |
|---|---|
| abasement | દીનાવસ્થા ( સ્ત્રી. ); હલકું પડવું-પાડવું તે. |
| abbey | મઠ ( પું. ); વિહાર ( પું. ) |
| abbess | વિહારપાલિની; મઠની અધ્યક્ષા ( સ્ત્રી. ) |
| abbot | મઠાધિકારી; મઠાધ્યક્ષ; મહંત ( પું. ) |
| abjure | સોગનપૂર્વક ત્યાગ કરવો. |
| ablution | નહાવું-ધોવું; પ્રક્ષાલન ( ન. ) |
| abnormal | વિકૃત; નિયમ વિરૂદ્ધ; અસાધારણ; અસામાન્ય. |
| abomination | ઘૃણિત કે તિરસ્કારપાત્ર વસ્તુ ( સ્ત્રી. ) અશુદ્ધ દ્રવ્ય ( ન ); વિદ્વેષ ( પું. ) |
| " abomination of desolation " | વિનાશકારક ઘૃણાસ્પદ વસ્તુ ( સ્ત્રી ) ( દાનિયેલ ૧૧ : ૩૧; માર્ક ૧૩ : ૧૪ ) |
| absolute ( adj. ) | ( વિ. ) સંપૂર્ણ; કેવળ; નિરપેક્ષ; અમર્યાદિત; પરાત્પર. |
| absolute, the | પરમતત્ત્વ ( ન. ); કેવળતત્ત્વ ( ન ); પરબ્રહ્મ ( ન. ) |
| absolution | ક્ષમા ( સ્ત્રી. ); પાપમોચન ( ન. ); ક્ષમાદાન ( ન ) |
| absolve | ક્ષમા દેવી; દંડમુક્ત કરવું; પાપમુક્ત કરવું. |
| absorption ( in contemplation ) | વિલીન થવું તે; તન્મય કે ઓતપ્રોત થવું તે; નિર્વાણ ( ન ); મોક્ષ ( પું. ) નિમગ્નતા ( સ્ત્રી ) |
| abstinence | પરહેજ ( પું. ); ઉપવાસ; લાંઘણ; સંયમ ( પું. ) |
| abstract ( adj. ) | ( વિ. ) અમૂર્ત; નિરાકાર; ભાવવાચક; ભાવાત્મક. |
| abstract ( n. ) | ( ના. ) સાર; તત્ત્વસાર; સંક્ષેપ ( પું. ) |
| abstraction | પૃથક્કરણ ( ન. ); અમૂર્ત વિચાર ( પું. ) |
| access | —ની પાસે જવાનો માર્ગ; એ માર્ગનો હક. |
| accident ( and substance ) | ગુણ ( પું. ) ( અને દ્રવ્ય ) |
| accursed | શાપિત. |

| | |
|---|---|
| accusation | આક્ષેપ ( પું. ); તહોમત ( ન ); આરોપ ( પું. ) |
| accuse | આક્ષેપ મૂકવો; તહોમત મૂકવું. |
| achievement | સિદ્ધિ; સાધના ( સ્ત્રી. ) |
| acolyte | વેદી–સેવક ( પું. ); દીપવાહક ( પું. ) |
| acquit | નિર્દોષ ઠરાવવું; દોષમુક્ત કરવું. |
| acquittal | દોષમુક્તિ ( સ્ત્રી. ); ઋણ–મુક્તિ ( સ્ત્રી. ); છુટકારો ( પું. ) |
| " act of God " | દૈવી ઘટના ( સ્ત્રી. ; આસમાની આફત ( સ્ત્રી.) |
| adaptation | અનુરૂપ બનાવવું તે; યોગ્ય ફેરફાર કરીને બંધબેસતું કરવું તે. |
| addendum | પરિશિષ્ટ ( ન. ); પુરવણી ( સ્ત્રી. ) |
| adherent | મતાનુયાયી; અનુયાયી ( પું. સ્ત્રી. ) |
| administration | વહીવટ ( પું. ); કારભાર ( પું. ) |
| administration of sacrament | સંસ્કાર પળાવવો તે. |
| adolescence | કિશોરાવસ્થા; યૌવનાવસ્થા ( સ્ત્રી. ) |
| adopt ( son etc. ) | દત્તક લેવું. |
| adopted | દત્તક. |
| *adoption | દત્તક લેવાની ક્રિયા; દત્તવિધાન ( ન ); દત્તકપુત્રપણું ( ન. ) |

— વિશ્વાસ દ્વારા ખ્રિસ્તનો અંગીકાર કરનારને દત્તકપુત્રો તરીકે સ્વીકારવાનું ઈશ્વરનું પગલું.

| | |
|---|---|
| *adoptionism | દત્તકવાદ ( પું. ) |

— ખ્રિસ્ત વિષેનો એક દુર્મત. ઈશ્વરનો સનાતન પુત્ર ખ્રિસ્ત દેહધારી થયો નથી, પણ તે એક સમર્થ માણસ હતો અને ઈશ્વરે તેને પુત્ર તરીકે " દત્તક " લીધો હતો એવી માન્યતા.

| | |
|---|---|
| adoration | આરાધના; ઉપાસના (સ્ત્રી. ) |
| advent | આગમન ( ન. ) |
| advent ( season ) | ખ્રિસ્તાગમન કાળ ( પું. ); આગમનઋતુ (સ્ત્રી.); નાતાલ પહેલાંના ચોથા રવિવારથી નાતાલ સુધીનો કાળ. |

advent ( second ) પુનરાગમન ( ન. )

adventist ખ્રિસ્તનું પુનરાગમન ટૂંક સમયમાં જ થવાનું છે એવું માનનાર. દા.ત. સેવન્થ–ડે–ઍડવેન્ટિસ્ટ્સ' ( શનિવારીઆ મતવાળા )

adversary સામાવાળો; પ્રતિસ્પર્ધી; પ્રતિવાદી; શત્રુ (પું.)

*advocate બેલી; મધ્યસ્થ; વકીલ ( પું. )

— પવિત્રાત્માની તેમ જ સ્વર્ગારોહણ પામેલા ખ્રિસ્તની મધ્યસ્થી દર્શાવવા સારૂ તેમને માટે ગ્રીકમાં "પારાકલેતોસ" શબ્દ વપરાયો છે. "Advocate" પારાકલેતોસનો અનુવાદ છે.

( See also *Paraclete* )

aeon યુગ ( પું. )

aeon ( gnostic ) પરમેશ્વરમાંથી નીકળતાં દિવ્યસ્વરૂપ પ્રસરણો.

aesthetic સૌંદર્યકલાની કદર કરે એવું.

aesthetics સૌંદર્યમિમાંસા ( સ્ત્રી. ); રસશાસ્ત્ર ( ન )

aetiology જુઓ etiology.

affection પ્રેમભાવ; સ્નેહ ( પું. ); કૂણી લાગણી (સ્ત્રી.)

,, ( in prayer ) ભક્તિભાવ ( પું. )

affirmation ઈકરાર ( પું. ); દઢતાપૂર્વક કરેલું નિવેદન (ન.); કબૂલાત ( સ્ત્રી. )

affliction કષ્ટ; દુઃખ; સંકટ (ન.); પીડા; યાતના (સ્ત્રી.)

affusion પાણી રેડીને બાપ્તિસ્મા આપવાની એક રીત.

*agape ( Gk. ) 'આગાપે' ( ગ્રીક ). (અ) પ્રેમ (પું.) ( આ ) પ્રેમભોજન ( ન. )

— (અ) ખ્રિસ્તી સાહિત્યમાં આ શબ્દ 'દિવ્ય પ્રેમ' માટે વપરાય છે. જાતીય પ્રેમ કે ભાઈચારામાં રહેલા પ્રેમ કરતાં આ પ્રેમ ઉચ્ચતર કક્ષાનો છે.

— (આ) પ્રાચીન મંડળીમાં પ્રભુભોજન સાથે પ્રેમભોજન પણ પળાતું હતું. એ પ્રેમભોજન માટે પણ આ શબ્દપ્રયોગ થતો હતો.

age ( era ) યુગ; જમાનો; કાળ ( પું. )

,, ( stage of life ) અવસ્થા (સ્ત્રી.)

agnostic અજ્ઞેયવાદી.

*agnosticism — અજ્ઞેયવાદ ( પું. )

— ઈશ્વર અને અલૌકિક વિષેનું જ્ઞાન શકય નથી એવી માન્યતા.

Agnus Dei ( Lat. ) — 'આગ્નુસ દેઈ' ( લેટિન ). ઈશ્વરનું હલવાન; "ઈશ્વરના હલવાન" એ શબ્દોથી શરૂ થતી એક પ્રાચીન પ્રાર્થના.

allegorical — અન્યોક્તિસૂચક; રૂપક જેવું; અલંકારિક.

*allegorical interpretation of Scripture.

— કેટલાક લેખકો બાઇબલના ભાગોનો અલંકારિક અર્થ ઘટાવે છે, દા. ત. ગલા ૪ : ૨૧–૩૧, સારાહ અને હાગારની વાર્તામાં ખ્રિસ્તી મંડળી અને પ્રાચીન ઈસ્રાએલની ઉપમા રહેલી છે, એવો ખુલાસો સંત પાઉલ કરે છે. પાછળથી, આલેકઝાન્ડ્રિયાની શાખાએ બાઇબલના ઘણા ભાગોનો આ રીતે જ અર્થ ઘટાવ્યો છે. પ્રોટેસ્ટંટ ધર્મસુધારકોએ બાઇબલનો આવી રીતે અર્થ ઘટાવવાની પ્રથાને નકારી કાઢી અને આગ્રહ કર્યો કે બાઇબલની વાતોનો અક્ષરશઃ અર્થ ઘટાવવો જોઈએ. પણ હજીયે કોઈ કોઈ વાર અલંકારિક અર્થઘટન કરવાની પ્રથાનો ઉપયોગ થાય છે; દા. ત "ગીતોના ગીત"નો તેમ જ "શાપરૂપ ગીતો"નો ખુલાસો.

*allegory — અન્યોક્તિ ( સ્ત્રી. ); રૂપક; દૃષ્ટાંત ( ન. ); રૂપકકથા ( સ્ત્રી. ).

— આધ્યાત્મિક અથવા ઈશ્વરવિદ્યાવિષયક સત્યને એકાદ રસિક વાર્તા દ્વારા રજૂ કરવાની રીત, દા. ત. બન્યનકૃત 'યાત્રાકારી'. એને રૂપકકથા કહી શકાય. દૃષ્ટાંત કરતાં રૂપકકથા જુદી છે. દૃષ્ટાંતમાં એક જ મુખ્ય મુદ્દો કે સત્ય રજુ કરેલું હોય છે, જ્યારે રૂપકકથામાં અનેક મુદ્દા કે સત્યોને આવરી લેવામાં આવ્યાં હોય છે. બાઇબલમાં રૂપકકથાના દાખલા : ગી. શા. ૮૦ : ૮–૧૬; યશા. ૫ : ૧–૬.

alleluia — જુઓ Hallelujah.

allusion — આડકતરો કે અછડતો ઉલ્લેખ; ઈશારો; નિર્દેશ. ( પું. )

allusive — સૂચક; નિર્દેશ કરનારૂં.

almighty — ( વિ ) સર્વશક્તિમાન; સર્વસમર્થ; સર્વસત્તાધારી.

alpha ( Gk. ) "આલ્ફા". ગ્રીક મૂળાક્ષરનો પ્રથમ અક્ષર.

altar વેદી ( સ્ત્રી. )

altar call પશ્ચાત્તાપ અને સ્વાર્પણ કરવાનું આમંત્રણ. ( અક્ષરશ : –વેદી પાસે આગળ આવવાનું આમંત્રણ. )

alternative ( adj. ) ( વિ. ) વૈકલ્પિક; વિકલ્પવાળું.

,, ( n. ) ( ના. ) વિકલ્પ ( પું. )

altruism પરોપકારવૃત્તિ ( સ્ત્રી. ), નિસ્વાર્થપણું ( ન. )

altruist પરોપકારી માણસ; પરદુઃખભંજક ( પું. )

amanuensis લહિયો; અનુલેખન કે શ્રુતલેખન કરનાર.

ambiguity દ્વિઅર્થીપણું ( ન. ); સંદિગ્ધતા ( સ્ત્રી. )

amen ( Heb. ) આમેન ( હિબ્રૂ ); તથાસ્તુ.

amend સુધારવું.

amendment સુધારો ( પું. )

amoral નીતિનિરપેક્ષ; નીતિઅનીતિની ભાવના વિનાનું.

*anabaptist "આનાબાપ્તિસ્ત".

— બાળબાપ્તિસ્માનો નકાર કરનાર અને પુખ્ત ઉમરે વિશ્વાસની કબૂલાત કરનારે જ બાપ્તિસ્મા લેવું એવો આગ્રહ રાખનાર. ૧૬મી સદીમાં યુરોપમાં આવા મતવાદીઓ ઊભા થયા હતા, ત્યારે તેમને આ નામ આપવામાં આવ્યું હતું. ગ્રીક પ્રમાણે "પુન : બાપ્તિસ્મા આપનાર."

analogous સદૃશ; સમાન.

analogy ઉપમાન; સાદૃશ્ય ( ન. ); સામ્યાનુમાન ( ન. ) અમુક બાબતો પરથી સરખાપણું તારવી આપવામાં આવતો દાખલો કે દલીલ.

analytical પૃથક્કરણ પધ્ધતિએ કરેલું કે કરનારૂં.

*anamnesis ( Gk. ) 'આનામ્નેસિસ' ( ગ્રીક ). સંભારણું ( ન. ); યાદગીરી ( સ્ત્રી. )

— ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાનનું સ્મરણ કરાવવા પ્રભુભોજનની સેવામાં વપરાતાં વાકયો.

anaphora ( Gk. ) 'આનાફોરા' ( ગ્રીક ). અર્પણની પ્રાર્થના (પ્રભુભોજનની સેવા વખતે)

*anathema ( Gk. ) (n.) ( ગ્રીક ) ( ના ) શાપ; બહિષ્કાર ( પું. )
" ( adj. ) ( વિ. ) બહિષ્કૃત.

— અમુક ખાસ વપરાશ માટે "અલગ કરેલું" એ અર્થ દર્શાવવા સારૂ ગ્રીકમાં આ શબ્દપ્રયોગ થતો હતો. જૂ. ક. માં આ પ્રયોગ 'માનવ ઉપયોગ માટે પ્રતિબંધિત અથવા 'ઈશ્વરને અર્પિત' વસ્તુઓ માટે થતો હતો. એવી વસ્તુ નાશને પાત્ર હતી. ( દા.ત. પુન.૭:૨૬ ) એવા જ અર્થમાં પાઉલે એ શબ્દપ્રયોગ વાપર્યો છે. ( દા.ત. ગલા. ૧:૮; ૧ કોરીં. ૧૬:૨૨ ) દુર્મત ધરાવનાર વ્યક્તિ વિશ્વાસીઓના સમૂહથી 'અલગ' એટલે કે 'શાપિત' થયેલી છે એમ જાહેર કરે છે.

*anathema sit "શાપિત થાઓ"

— રો.કે. મંડળીમાં બહિષ્કૃત કરવા માટે વપરાતો શબ્દપ્રયોગ.

ancestor worship પિતૃ–પૂજા ( સ્ત્રી. )

ancestral વડીલોપાર્જિત; પૂર્વજો પાસેથી વારસામાં મળેલું.

angel દૂત; દેવદૂત; સ્વર્ગદૂત; ફિરસ્તો ( પું. )

angelology દેવદૂતવિદ્યા ( સ્ત્રી. )

Anglican 'એંગ્લિકન.' 'ચર્ચ ઓફ ઈંગ્લેંડ' સાથે સંબંધ ધરાવતો સંપ્રદાય.

*Anglo–catholic "એંગ્લો–કેથોલિક". એંગ્લિકન મંડળીમાં એક સમૂહ.

— તેની શરૂઆત ૧૯મી સદીમાં થઈ હતી. ધર્મસુધારણા પહેલાંની મંડળી સાથેની સળંગતાને તેમ જ બિશપપદ અને સંસ્કારોને આ સમૂહ ઘણું મહત્ત્વ આપે છે.

*animism સર્વજીવવાદ; સર્વચેતનાવાદ; પ્રેતાત્માવાદ (પું.)

— વૃક્ષો, પથ્થર ઇત્યાદિ સ્થૂળ પદાર્થોમાં પણ આત્માઓ વસતા હોય છે અને તેથી તેમની પૂજા કરવી જોઈએ એવી આદિવાસી માન્યતા.

animist સર્વજીવવાદી; સર્વચેતનાવાદી; પ્રેતાત્માવાદી.

*annunciation ( કુંવારી મરિયમને ) દૂતનો સંદેશો. દૂતસંદેશ ( પું. )

— ખ્રિસ્તના જન્મ સંબંધી ગાબ્રિયેલ દૂત મારફતે કુંવારી મરિયમને મળેલો શુભસંદેશ.

anoint — તેલ ચોળવું; અભિષેક કરવો.
anointed — અભિષિક્ત.
anointing — અભિષેક (પું.)
anthem — સ્તુતિનું ગીત; સ્તોત્ર (ન.)
anthology — કાવ્યો કે કથનોનો સંગ્રહ; સાહિત્યસંગ્રહ (પું.) (અક્ષરસઃ (ગ્રીક) 'પુષ્પામાળા')
anthropology — માનવશાસ્ત્ર (ન.)
anthropomorphism — માનવગુણારોપણવાદ (પું.)
anthropocentric — માનવકેંદ્રિત.
antichrist — ખ્રિસ્તશત્રુ; ખ્રિસ્તવિરોધી.
*antinomian — સ્વચ્છંદી; નિયમની અવગણના કરનાર.

— કૃપા દ્વારા ખ્રિસ્તીઓ તમામ નીતિનિયમોના પાલનમાંથી મુક્ત થઈ ગયા છે એવો ખ્યાલ. આવા ખ્યાલના પરિણામે નામધારી ખ્રિસ્તીઓ કેટલીક વાર અનીતિમાન જીવન ગાળે છે.

antinomy — બે સિદ્ધાંતો વચ્ચે દેખાતો વિરોધાભાસ.
antiphon (Gk.) — "આન્તિફોન" (ગ્રીક). વારાફરતી ગવાતું ભજન.
antiphonal — વારાફરતી ગવાતું હોય એવું.
antithesis — ઊલટો ભાવ દર્શાવનાર નિવેદન (ન.); ભાવ–વિરોધ (પું.)
apathy — ઉદાસીનતા; બેપરવાઈ; ભાવનાશૂન્યતા (સ્ત્રી.)
aphorism — સૂત્ર (ન.); કહેવત (સ્ત્રી.)
*apocalypse — પ્રકટીકરણ; પ્રકટીકરણ નામે નવા કરારનું છેલ્લું પુસ્તક (ન.)

— પ્રકટીકરણવિષયક સાહિત્યમાં દાનીએલ અને પ્રકટીકરણનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોમાં સંદર્શનોના રૂપમાં શિક્ષણ આપવામાં આવ્યું, અને વર્તમાનના તેમ જ ભવિષ્યના ગુપ્ત બનાવોને ખુલ્લા કરવામાં આવ્યા છે. અક્ષરશ: "ખુલ્લું મૂકવું," પડદો ખસેડવો કે ઊંચકવો–ખાસ કરીને ભવિષ્યના બનાવો પરથી પડદો ખસેડવો.

apocalyptic — પ્રકટીકરણવાળું; પ્રકટીકરણ વર્ગના સાહિત્ય જેવું.

*apocatastasis (Gk.) 'આપોકાતાસ્તાસિસ' (ગ્રીક). પુનઃસ્થાપના (સ્ત્રી.)
— આખરે તો બધાં જ એટલે દૂતો, અપદૂતો અને માનવો મોક્ષગતિ પામશે એવી માન્યતા

*apocrypha ( Gk. ) 'આપોક્રિફા' (ગ્રીક). અપ્રમાણભૂત ધર્મગ્રંથ (પું.)
— હિબ્રૂ નિયમગણમાં સ્થાન નહિ પામેલાં છતાં સપ્તતિ (જૂના કરારનું ગ્રીક ભાષાંતર)માં સમાવેશ કરાએલાં પુસ્તકો. જેરોમે વલ્ગેટ નામનું બાઇબલનું જે લૅટિન ભાષાંતર કરેલું તેમાં પણ એ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને રોમન કૅથોલિક મંડળી આજે પણ વલ્ગેટનો ઉપયોગ કરે છે. પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ એ પુસ્તકો કીમતી ગણે છે, પણ બાઇબલના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારતા નથી.

apocryphal માન્ય રાખવા યોગ્ય નહિ એવું ( સાહિત્ય )

*apologetics ધર્મપ્રમાણશાસ્ત્ર; ધર્મસમર્થનશાસ્ત્ર ( ન. )
— ખ્રિસ્તી સિદ્ધાંતના સમર્થનમાં કરેલી દલીલ અને તેમાંથી ઉપસ્થિત થએલું સાહિત્ય.

apologist ખ્રિસ્તી ધર્મસિદ્ધાંતનો બચાવ કરનાર

*apologists, the ખ્રિસ્તી ધર્મસિદ્ધાંતનું રક્ષણ કરનાર ધર્મપિતૃઓ; દોષનિવારક ધર્મપિતૃઓ.
— જે ખ્રિસ્તી લેખકો( આસરે ઇ. સ. ૧૨૦–૨૨૦ )એ બુદ્ધિપૂર્વકની દલીલો દ્વારા અન્યધર્મીઓ સમક્ષ ખ્રિસ્તી ધર્મનો બચાવ કર્યો તેઓ. દા. ત. જસ્ટીન માર્ટર, ટેશિયન અને તર્તુલ્યન.

apology ( asking pardon) ક્ષમાયાચના ( સ્ત્રી )

„ ( defence ) ધર્મસિદ્ધાંતનો બચાવ.

apostasy સ્વધર્મત્યાગ ( પું. ); ધર્મપતન ( ન. )

apostate સ્વધર્મત્યાગી.

a posteriori ( Lat. ) 'આ પોસ્ટેરીઓરી' (લૅટિન). કાર્ય કે પરિણામ પરથી કારણ તરફ દોરી જતી દલીલ ( તર્કશાસ્ત્ર ).

*apostle પ્રેષિત; પ્રેરિત.
— ગ્રીક ભાષાના 'આપોસ્તોલોસ' નામનો અક્ષરશઃ અર્થ "મોકલેલો" અથવા "જેને મોકલવામાં આવ્યો છે તે" થાય છે.

apostolate (office) પ્રેષિતપદ; પ્રેરિતપદ ( ન. )
,, (activity) પ્રેષિતપ્રવૃત્તિ (સ્ત્રી.)
apostolic પ્રેષિતાનુયાયી; પ્રેષિતોક્ત; પ્રેષિતાનુયાયી; પ્રેરિતીય.
*apostolic succession પ્રેષિતપદની પરંપરા (સ્ત્રી.); પ્રેરિતોક્ત ઉત્તરાધિકાર (પું.).

— પ્રેષિતપદની પરંપરા અથવા પ્રેરિતોક્ત ઉત્તરાધિકારની માન્યતા. કેટલાક ખ્રિસ્તીઓ એવી માન્યતા ધરાવે છે કે મંડળીનું જે દીક્ષિત ધર્મસેવકપદ છે તેની શરૂઆત પ્રેષિતોથી થયેલી અને ત્યાર પછી બિશપોના હાથ મૂકવાની ક્રિયાદ્વારા સળંગ ઊતરી આવ્યું છે. પ્રેષિતપદની પરંપરા બિશપોના હાથ મૂકવાની ક્રિયાદ્વારા મંડળીના દીક્ષિત ધર્મસેવકમંડળમાં સતત ચાલુ રહી છે, એવી માન્યતા.

apotheosis દેવત્વારોપણ (ન.); દેવપદની પ્રાપ્તિ (સ્ત્રી.) ( See also *deification* )
apparatus જુઓ critical.
apparition આભાસ (પું. ; ભૂત (ન.); છાયા (સ્ત્રી.); પડછાયો (પું)
appearance
( phenomenon ) દશ્ય; રૂપ (ન.); દેખાવ (પું.).
,, (opposed to reality ) આભાસ (પું.)
,, (act of appearing) પ્રકટ થવું તે; ઉપસ્થિત થવું તે.
appendix પરિશિષ્ટ ( ન. )
appetite ( physical ) ભૂખ; રુચી; વાસના ( સ્ત્રી. )
,, ( mental ) કામના; આકાંક્ષા; વૃત્તિ ( સ્ત્રી. )
a priori ( Lat. ) ' આ પ્રીઓરી ' ( લેટિન ). સહજ; તાર્કિક; અનુમાનજનિત. કારણ પરથી કાર્ય કે પરિણામ તરફ દોરી જતી દલીલ ( તર્કશાસ્ત્ર )
apse પ્રભુમંદિરમાં બોધાસન પાછળનો અર્ધચંદ્રાકાર ભાગ.

| | |
|---|---|
| archangel | પ્રમુખદૂત; પ્રધાનદૂત (પું.) |
| archaeology | પુરાતત્વવિદ્યા (સ્ત્રી.) |
| archbishop | આર્ચબિશપ; મહાધર્માધ્યક્ષ. |
| archdeacon | આર્ચડીકન |

— (ઍંગ્લિકન). બિશપના હાથ તળેનો પ્રેસ્બિટર, જે ડાયોસિસમાં કેટલોક વહીવટી અધિકાર ધરાવતો હોય.

| | |
|---|---|
| archdiocese | આર્ચબિશપની હકૂમત તળેનો પ્રદેશ (પું.) |
| argument | દલીલ (સ્ત્રી.); વાદવિવાદ (પું.) |
| aristocracy (system) | અમીર કે ધનિક વર્ગનું શાસન; કુલીનતંત્ર (ન.) |
| ,, (class) | અમીરવર્ગ; કુલીનવર્ગ (પું.) |
| aristocrat | અમીર; કુલીન માણસ. |
| ark | કરારકોશ (પું.) |
| ark (Noah's) | નૂહનું વહાણ (ન.) |
| article (of faith) | વિશ્વાસનામું અથવા વિશ્વાસનામાનો એક ભાગ કે મુદ્દો. |
| ascension | સ્વર્ગારોહણ; આકાશગમન (ન.) |
| ascension day | ઈસુના સ્વર્ગારોહણ પર્વનો દિવસ. |
| ascetic (n.) | (ના.) તપસ્વી; સાધુ; સંન્યાસી; યતી (પું.) |
| ,, (adj.) | (વિ.) સંયમી; તપસ્વી; વિરક્ત. |
| asceticism | તપશ્ચર્યા (સ્ત્રી.); દેહદમન; વૈરાગ્ય (ન.) |
| ascription | આરોપણ; સ્તુત્યારોપણ; ગૌરવારોપણ (ન.) |
| Ash Wednesday | 'લેન્ટ' (ઉપવાસકાળ)નો પ્રથમ દિવસ (બુધવાર) (See also *Lent*) |
| *aspersion | જળ–છંટકાવ (પું.) |

— પાણી છાંટીને બાપ્તિસ્મા આપવાની એક રીત.

| | |
|---|---|
| assembly | સભા; મહાસભા (સ્ત્રી.) |
| association (of ideas) | વિચારોનું સાહચર્ય; વિચાર સંગતિ (સ્ત્રી.) |
| ,, (of persons) | મંડળ; દળ; સંગઠન (ન.); સંઘ (પું.) |
| assumption (mental) | ધારણા (સ્ત્રી.); માની લેવું તે. |

assumption
(of Mary) (મરિયમ કુંવારીના સંબંધમાં) સ્વર્ગારોહણ; ઉદ્દગ્રહણ (ન.)

— મરિયમ કુંવારીના સ્વર્ગારોહણની માન્યતા: રોમન કેથોલિક મંડળીની આ એક અધિકારયુક્ત માન્યતા છે. કુંવારી મરિયમ આ પૃથ્વી પરનું જીવન પૂરું કર્યા બાદ શરીર તેમ જ આત્મા-સહિત સ્વર્ગારોહણ થયાં છે, અને સ્વર્ગના મહિમામાં પ્રવેશ્યાં છે. આ માન્યતાને બાઇબલનો આધાર મળતો નહિ હોવાથી પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ સ્વીકારતા નથી.

assurance
(doctrine of) તારણની ખાતરીનો સિદ્ધાંત (પું.)
atheism નાસ્તિકવાદ; નિરીશ્વરવાદ; અનીશ્વરવાદ (પું.)
atheist નાસ્તિક; નિરીશ્વરવાદી; અનીશ્વરવાદી (પું.)
atone (make one) મિલાપ કરવો, કરાવવો.
atone for (expiate) પ્રાયશ્ચિત્ત કરવું.
atonement પ્રાયશ્ચિત્ત (ન.); મિલાપ (પું.)

— "At–one–ment" પરથી આ અંગ્રેજી શબ્દ બન્યો છે. તેનો અર્થ આ પ્રમાણે થાય છે: ઈશ્વર અને માણસને એક કરવાનું–બેનો મેળ કરવાનું કાર્ય. ખ્રિસ્તના પ્રાયશ્ચિત્તરૂપ મૃત્યુદ્વારા ઈશ્વર અને માનવનો જે પુનર્મિલાપ થયો છે તેનું સૂચન આ શબ્દમાં રહેલું છે.

attachment આસક્તિ (સ્ત્રી.); મોહ (પું.)
attainment સિદ્ધિ (સ્ત્રી.)
attribute (n.) (ના.) ગુણધર્મ; ગુણ (પું.); લક્ષણ (ન.) સ્વભાવ (પું.); ઉપાધિ (સ્ત્રી.)
,, (vb.) (ક્રિ.) આરોપણ કરવું.
*attrition અપૂર્ણ પશ્ચાત્તાપ; સજાની બીકથી થતો ખેદ (પું.)

— ઈશ્વરના પ્રેમને કારણે નહિ પણ ઈશ્વરની બીકને કારણે પાપ સંબંધી ઉદ્દ્ભવતું દુઃખ. ઈશ્વરના પ્રેમની વિરૂદ્ધ પાપ કર્યું છે એવું ભાન થવાથી જે દુઃખ થાય તે સાચો પસ્તાવો (contrition) કહેવાય છે; પણ ઈશ્વરની બીકને લીધે પાપ સંબંધી જે ખેદ થાય તે અધૂરો પસ્તાવો કહેવાય છે.

| | |
|---|---|
| authentic | પ્રમાણભૂત; અસલી; ખરૂં; વિશ્વાસપાત્ર; |
| authenticity | ખરાપણું (ન.); પ્રમાણભૂત હોવું તે. |
| authority (abstract) | અધિકાર (પું.); સત્તા (સ્ત્રી.) |
| ,, (person) | નિષ્ણાત વ્યક્તિ; અધિકારી. |
| ,, (proof) | પ્રમાણ (ન.); આધાર (પું.) |
| authorized | સત્તાવાર; અધિકૃત. |
| autocracy | એકહથ્થુ સત્તા; આપખુદી (સ્ત્રી.) |
| autocrat | આપખુદ સત્તાધારી; નિરંકુશ સત્તાધારી. |
| autonomy | સ્વાયત્તતા (સ્ત્રી.) |
| avarice | લોભ (પું.) |
| awe | શ્રદ્ધાયુકત ભય (પું.); ભયયુકત માન (ન.); ભય; પ્રભાવ (પું.) |
| axiom | સ્વયંસિદ્ધ સત્ય (ન.) સર્વમાન્ય સિદ્ધાંત (પું.) |
| axiomatic | સ્વયંસિદ્ધ; સ્વત; સિદ્ધ. |

# B

| | |
|---|---|
| background | પૂર્વભૂમિકા; પશ્ચાદ્‌ભૂમિકા (સ્ત્રી.) |
| backslide | ફરી જવું; પીછેહઠ કરવી; ધર્મત્યાગ કરવો. |
| ban (n.) | (ના.) પ્રતિબંધ (પું.) |
| ,, (vb.) | (ક્રિ.) પ્રતિબંધ મૂકવો. |
| baptism | બાપ્તિસ્મા (ન.); જળસંસ્કાર (પું.) સ્નાનસંસ્કાર (પું.) |
| Baptist, John the | બાપ્તિસ્તી; સ્નાનસંસ્કારક યોહાન |
| baptistry | બાપ્તિસ્મા ખંડ (પું.); બાપ્તિસ્મા કુંડ (ન.) |
| barbarian | બર્બર; અસભ્ય; જંગલી. |
| *basilica | 'બાસિલિકા' એટલે રૂમી સભાખંડ. |

— રૂમી સભાખંડના નમૂના પ્રમાણે બંધાયેલાં ખ્રિસ્તી દેવળોને "બાસિલિકા" નામે ઓળખવામાં આવતાં હતાં.

| | |
|---|---|
| beatitude (bliss) | પરમાનંદ (પું.); સ્વર્ગીય આનંદ (પું.) |
| ,, (state of) | ધન્યાવસ્થા (સ્ત્રી.) |
| beatitudes, the | ધન્યતાઓ (સ્ત્રી.); ધન્યવચનો (ન.) |

becoming ( n.) ( ના. ) ઉદ્ભવ; અસ્તિત્વમાં આવવું તે.
begotten જનિત; જન્માવેલું.
behaviour વર્તન; આચરણ ( ન. )
behaviourism વર્તનવાદ ( પું ).
being ( n. ) ( ના. ) સત્; સત્ય; અસ્તિત્વ ( ન. )
belief વિશ્વાસ; મત ( પું. ); માન્યતા ( સ્ત્રી. )
benediction આશીર્વચન ( ન. ); આશીર્વાદ ( પું. )
Benedicite (Lat.) ( લેટિન ) "બેનેડાઈસિટે" અર્થાત્ "સ્તુતિ કરો".

— "યહોવાહની સર્વ કૃતિઓ, યહોવાહની સ્તુતિ કરો" એ શબ્દોથી શરૂ થતું "ત્રણ પવિત્ર બાળકોનું ગીત." ( આપોક્રિફા )

Benedictus (Lat.) ( લેટિન ) "બેનેડિકટસ" અર્થાત્ "સ્તુતિમાન". ઝખાર્યાહનું ગીત ( લૂક ૧ : ૬૮–૭૯ ).
bene–esse ( Lat. ) જુઓ esse.
benefice ધર્મસેવકની આવક કે આવકનું સાધન.
benevolence પરોપકાર ( પું. ); પરોપકારવૃત્તિ; ઉદારતા ( સ્ત્રી. )
benignity દયાભાવ; પરોપકારભાવ ( પું. ) કૃપાળુપણું ( ન. )
betrayal વિશ્વાસઘાત; દગો ( પું. )
Bible બાઇબલ ( ન. ); ખ્રિસ્તીધર્મશાસ્ત્ર ( પું. )
Biblical બાઇબલનું; બાઇબલ અનુસારનું.
*bibliolatry બાઇબલપૂજા ( સ્ત્રી. )

— બાઇબલના દરેક કાનામાત્રાને વધુ પડતું મહત્ત્વ આપી તેનો અક્ષરશઃ અર્થ ઘટાવવાનું વલણ. પરિણામે, બાઇબલનો ખરો અર્થ સમજવામાં નિષ્ફળતા મળે.

bigot ધર્માંધ; દુરાગ્રહી; ધર્મઝનૂની.
bigotry ધર્માંધતા (સ્ત્રી.); દુરાગ્રહ (પું.); ધર્મઝનૂન (ન.)
biological જીવસંબંધી; જીવશાસ્ત્ર સંબંધી.
biology જીવશાસ્ત્ર; જીવવિજ્ઞાન; પ્રાણીવિજ્ઞાન ( ન. )
birthright જ્યેષ્ઠપણું ( ન. ); જન્મસિદ્ધ હક ( પું. )
*bishop બિશપ; ધર્માધ્યક્ષ; અધ્યક્ષ ( પું. )

— ગ્રીક શબ્દ "એપિસ્કોપોસ"નો અંગ્રેજી પર્યાય "બિશપ" કર્યો છે. ગ્રીક ભાષાના એ શબ્દનો અર્થ "દેખરેખ રાખનાર" થાય છે.

blasphemer ઈશ્વરનિંદક; દુર્ભાષણ કરનાર.
blasphemous દુર્ભાષણકારક; ઈશ્વરનિંદાવાળું.
blasphemy ઈશ્વરનિંદા ( સ્ત્રી. ); દુર્ભાષણ ( ન. )
blemish ખોડ; ખામી ( સ્ત્રી. ); બગાડ ( પું. )
blessed ધન્ય; સ્તુત્ય; આશીર્વાદિત.
blessing આશિષ ( સ્ત્રી. ); આશીર્વાદ ( પું. )
benediction આશીર્વચન ( ન. )
bliss આનંદ; પરમાનંદ ( પું. ); પરમસુખ ( ન. )
body ( physical ) શરીર ( ન. ); દેહ ( પું. )
,, ( society ) સંઘ ( પું. ); સંસ્થા ( સ્ત્રી. )
bondage બંધન; દાસત્વ ( ન. ); કેદ; ગુલામી ( સ્ત્રી. )
breach ભંગાણ ( ન. )
breviary દૈનિક પ્રાર્થનાસંગ્રહ ( રો.કે. )
*bull ( papal ) આદેશપત્ર; આજ્ઞાપત્ર ( પું. ); ફરમાન ( ન. )
— લેટિન શબ્દ "બુલ્લા" (=મહોર, મુદ્રા, અર્થાત્ દસ્તાવેજ ઉપર મરાતી સત્તાવાર સીલ-મહોર ) પરથી આ અંગ્રેજી શબ્દ બન્યો છે, અને તેનો અર્થ: "પોપનું લેખિત ફરમાન."

# C

call ( of God etc ) તેડું ( ન. )
,, ( letter of invitation ) આમંત્રણપત્ર ( પું. ); સ્થાનિક મંડળીનો ધર્મપાળક થવા મોકલેલું આમંત્રણ.
calling ( vocation ) તેડું ( ન. )
,, ( daily occupation ) વ્યવસાય ( પું. )
calumniate બદનામ કરવું; નિંદા કરવી; ખોટો આરોપ મૂકવો.
calumny બદનામી; નિંદા ( સ્ત્રી. ); આળ ( ન. )
candid નિખાલસ; નિષ્કપટ; સ્પષ્ટ.
candidate ઉમેદવાર.

canon (law) મંડળીનો કાયદો (પું.)
,, (rule) કાનૂન; નિયમ (પું.)
,, (person) ડાયોસિસના મહાદેવળ સાથે સંકળાએલો ધર્મસેવક (રો.કે. અને એંગ્લિ.)
,, (of Mass) ખ્રિસ્તયજ્ઞ (રો.કે.) માં અર્પણની પ્રાર્થના.
,, (of Scripture) નિયમગણ (પું.); અધિકારયુક્ત શાસ્ત્ર (ન.); કાનૂન (પું.)

— ગ્રીક શબ્દ "કાનોન" = કાઠી, સળિયો, માપપટ્ટી પરથી. પાછળથી નિયમોના કોઠા અથવા અધિકારયુક્ત ટીપને માટે વપરાતો થયો.

*canonical (books) (વિ.) અધિકૃત; નિયમગણિત; પ્રમાણિત.

— બાઇબલના નિયમગણમાં સમાએલાં પુસ્તકોને ઓળખાવવા માટે વપરાતો શબ્દ.

canticle કીર્તન; શાસ્ત્રકીર્તન; ભજન (ન.) બાઇબલમાંથી (ગીતશાસ્ત્ર સિવાય) લીધેલાં ગીતો જે મંડળીની ભજનસેવામાં વપરાય છે તે. દા. ત. મરિયમનું ગીત (લૂક ૧ : ૪૬–૫૪)

captive બંદીવાન; કેદી.
captivity બંદીવાસ; કારાવાસ (પું.); કેદ (સ્ત્રી.)
*cardinal (adj.) (વિ.) મુખ્ય; પ્રધાન;
,, (dignitary) "કાર્ડિનલ"; રોમન કેથોલિક ધર્માધ્યક્ષ.

— રો. કે. મંડળીમાં પોપથી બીજે નંબરે આવતો દરજ્જો ધરાવતા ધર્મસેવકને "કાર્ડિનલ" કહે છે.

*cardinal virtues પાયાના સદ્દગુણો.

— પ્લેટો અને આરિસ્ટોટલ તેમ જ તેમની પછી પ્રાચીન ખ્રિસ્તી ઈશ્વરજ્ઞાનીઓ કહેતા કે સર્વમાન્ય પાયાના સદ્દગુણો ચાર છે: સાવધપણું, સંયમ, મનની દઢતા, ન્યાયશીલતા. ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા પ્રમાણે પાયાના ખ્રિસ્તી સદ્દગુણો ત્રણ છે : વિશ્વાસ (શ્રદ્ધા), આશા અને પ્રેમ.

carnal દૈહિક; સાંસારિક. (લેટિન 'કાર્નિસ'=માંસ.)
casuistry કાર્યાકાર્ય વિવેક–વિચાર; વિતંડાવાદ (પું.) દલીલબાજી (સ્ત્રી.)

*catacomb — ભૂગર્ભ કબ્રસ્તાન ( ખ્રિસ્તીઓનું ) ( ન. ); ગુફા–કબરો; શબગુફા ( સ્ત્રી. )

— ભૂગર્ભમાં લાંબાં ભુગદાં અને એક નીચે એક એવાં એ ભુગદાંમાં ઊતરવાના માર્ગો ઉપરનાં કબ્રસ્તાન. આવાં સૌથી પ્રખ્યાત કબ્રસ્તાન રોમમાં આવેલાં છે. સતાવણીના સમયમાં ખ્રિસ્તીઓ આવાં ભૂગર્ભ કબ્રસ્તાનોમાં ભજનસેવા માટે ભેગા મળતા હતા, કારણ ત્યાં તેમને કાયદાનો પ્રતિબંધ નડતો નહતો.

catastrophe — મહાવિપત્તિ; આફત ( સ્ત્રી. ).

catechetics — નવા ઉમેદવારો માટેનું ધર્મશિક્ષણ; ધર્મ-શિક્ષણશાસ્ત્ર ( ન. ).

— બાપ્તિસ્માના ઉમેદવારોને અપાતું શિક્ષણ–ખાસ કરીને પ્રશ્નોત્તર દ્વારા.

catechism — પ્રશ્નોત્તરાવાળી; ધર્મશિક્ષણ આપવાની પદ્ધતિ; ધર્મશિક્ષણનું પુસ્તક.

catechist — ધર્મશિક્ષક ( પું. )

catechumen — બાપ્તિસ્મા પામવાને અર્થે ધર્મશિક્ષણ ઉમેદવાર.

categorical — નિરપેક્ષ; નિર્ણયાત્મક.

*categorical imperative — નિરપેક્ષ આદેશ ( પું. )

— ઈમ્માનૂએલ કાન્તના નીતિશાસ્ત્રનો સંપૂર્ણ નીતિનિયમ જે બુદ્ધિદ્વારા અપાયો છે અને સર્વ માણસોને બંધનકર્તા છે.

category ( logic ) — વિચારવર્ગ; વિચારનો પ્રચાર ( પું. )

„ ( natural science ) — વર્ગ ( પું. ); શ્રેણી; જાતિ ( સ્ત્રી. )

cathedra, ex (Lat.) — ( લેટિન ) જુઓ ex cathedra.

*cathedral — કેથિડ્રલ; મહાદેવળ; મુખ્ય દેવળ કે મંદિર (ન.)

— ડાયોસિસના બિશપની ગાદી જેમાં હોય એવું દેવળ ( રો. કે. અને એંગ્લિ.)

*catholic ( universal ) — સાર્વત્રિક; વિશ્વવ્યાપી; સર્વદેશીય; કેથોલિક.

„ ( broad-minded ) — ઉદારવૃત્તિવાળું.

„ (Roman Catholic) — રોમન કેથોલિક મંડળીનું.

— ગ્રીક શબ્દ “ કાથ હોલૂ ” ( = સર્વત્ર ) પરથી. તેથી કેથોલિક મંડળી એટલે સાર્વત્રિક મંડળી. નિકૈયાના વિશ્વાસનામામાં પણ એ જ અર્થમાં આ શબ્દ વપરાયો છે.

(અ) ધર્મસુધારણાના સમયથી રોમન મંડળીએ પોતાને ઓળખાવવા માટે આ શબ્દપ્રયોગનો મર્યાદિત ઉપયોગ શરૂ કર્યો છે, જે અન્ય ખ્રિસ્તીઓને માન્ય નથી.

(આ) જે ખ્રિસ્તીઓ બાઇબલના સિદ્ધાંતો કરતાં સાંપ્રદાયિક પરંપરા પર વધુ ભાર મૂકે છે તેમને માટે પણ ( તેઓ પ્રોટેસ્ટંટથી જુદા છે એમ બતાવવા ) આ પ્રયોગ કોઈક વાર વપરાય છે.

catholicism — કેથોલિક વાદ કે મત ( પું. )
catholicity — ઉદારતા; સાર્વત્રિકતા ( સ્ત્રી. )
causality — કાર્યકારણભાવ ( પું. )
causation — કાર્યોત્પાદન ( ન. ).
cause — કારણ ( ન. ); હેતુ ( પું. )
,, ( efficient ) — કર્તા ( પું. )
,, ( final ) — હેતુકારણ ( ન. )
,, ( formal ) — રૂપાત્મક કારણ ( ન )
,, ( instrumental ) — સાધન; નિમિત્તકારણ ( ન. )
,, ( material ) — ઉપાદાનકારણ ( ન. )
celebrant — અનુષ્ઠાતા; સંસ્કાર પાળનાર/પળાવનાર ધર્મસેવક.
celebrate ( festival ) — ( ઉત્સવ ) પાળવો; ઊજવવો.
celebrate ( sacred rite ) — અનુષ્ઠાન કરવું; સંસ્કાર પાળવો/પળાવવો.
celestial — સ્વર્ગીય; અલૌકિક.
celibacy — બ્રહ્મચર્ય ( ન. )
celibate — બ્રહ્મચારી.
cemetery — સ્મશાન; કબ્રસ્તાન ( ન. )
ceremonial ( n. ) — વિધિમય કાર્ય; ધાર્મિક વિધિઓનું તંત્ર ( ન. )
ceremonial ( adj. ) — વિધિમય; ઔપચારિક.
chalice — પ્યાલો; વાટકો; કટોરો ( પું. )
challenge — પડકાર ( પું. ); આહ્‌વાન ( ન. )
chancel — "ચાન્સલ". પ્રભુમંદિરના જે ભાગમાં પ્રભુ-ભોજનની મેજ વગેરે હોય છે તે.

chaos  અવ્યવસ્થા; અંધાધુંધી ( સ્ત્રી. )
chapel  પ્રાર્થનાગૃહ; ચેપલ ( ન. )
*chaplain  ધર્મસેવક; ચેપ્લિન; પાદરી.

— મંડળી સિવાયની સંસ્થાઓ દા. ત. દવાખાનું, કૉલેજ કે સ્કૂલની આત્મિક સંભાળ લેવા નિમાયેલ અથવા ચેપલ સાથે સંકળાયેલ ધર્મસેવક.

character ( kind )  પ્રકાર ( પું. )
character ( moral )  ચારિત્ર્ય ( ન. )
,, ( letter )  અક્ષર ( પું. )
,, ( in drama ) પાત્ર ( ન. )
characteristic ( adj. )  ( વિ. ) લાક્ષણિક; સ્વભાવસૂચક.
,, ( n. )  ( ના. ) વિશેષ લક્ષણ ( ન. )
charge (responsibility) જવાબદારી; અનામત ( સ્ત્રી. ) કારભાર ( પું. ); સેવાક્ષેત્ર ( ન. )
,, ( handing over ) સોંપણી ( સ્ત્રી. ); આદેશ ( પું. ) અધિકારપ્રદાન ( ન. )
,, ( accusation )  આરોપ ( પું. ) તહોમત ( ન. )
*charisma  ( અસાધારણ ) કૃપાદાન; આધ્યાત્મિક વરદાન, કોઈ પણ માધ્યમ વગર સીધેસીધું મળેલું કૃપાદાન ( ન. )

( — ગ્રીક શબ્દ ‘ ખારિસ ’ ( = કૃપા ) પરથી. )

*charismatic  આત્મિક વરદાનવાળું; આત્મિક વરદાન સંબંધી; સીધાં ઈશ્વરી કૃપાદાનવાળું.
charitable  દયાળુ; દાનશીલ; સખી; ધર્માદા.
charity ( love )  પ્રેમ ( પું. )
,, ( generosity )  ઉદારતા; દયા; દાનશીલતા ( સ્ત્રી. )
,, ( gift to good cause )  દાન; ધર્મદાન ( ન. ); દાનધર્મ ( પું. )
,, ( charitable institution ) ધર્માદા સંસ્થા ( સ્ત્રી. )

chaste — શુદ્ધ; પવિત્ર.

,, (of married woman) — પતિવ્રતા; સતી (સ્ત્રી)

chasten — શિક્ષા કરીને સીધે માર્ગે વાળવું; નમ્ર બનાવવું.

chastity — શિયળ (ન.); શુદ્ધતા (સ્ત્રી.)

chastity – vow of — બ્રહ્મચર્ય વ્રત (ન.)

chasuble — "ચૅઝ્યુબલ". પાદરીનો બાંય વગરનો ઝભ્ભો (પું)

*chiliasm — સહસ્રવર્ષવાદ (પું.)

— ગ્રીક 'ખિલિઓઈ' (=૧૦૦૦) ઉપરથી.

(see also *millenariarism*)

chiliastic — સહસ્રવર્ષીય; હજાર વર્ષ સંબંધીનું.

(see also *millenarian*).

choir (singing group) — ગાયકગણ (ન.)

,, (part of church) — પ્રભુમંદિરમાં ગાયકગણને બેસવાની જગ્યા.

chrism — ધાર્મિક ક્રિયા વખતે ચોળવા માટે વપરાતું તેલ.

*Christ — ખ્રિસ્ત; મસીહ (પું.)

— ગ્રીક શબ્દ 'ખ્રિસ્તોસ' (=અભિષિક્ત) ઉપરથી. હિબ્રૂ શબ્દ 'મસીહ'ને માટે સપ્તતિમાં આ ગ્રીક શબ્દ વપરાયો છે.

christendom — સમસ્ત ખ્રિસ્તી દેશો કે લોકો; (ખ્રિસ્તી) આલમ (સ્ત્રી.)

christian (n.) — (ના.) ખ્રિસ્તી ધર્મનો અનુયાયી; ખ્રિસ્તી.

,, (adj.) — (વિ.) ખ્રિસ્તનું કે તેના ધર્મનું.

*Christian Science — ક્રિશ્ચિયન સાયન્સ નામનો એક પંથ.

— આ ધાર્મિક પંથની સ્થાપના સને ૧૮૭૯માં મેરી બેકર એડીએ કરી હતી. તેની માન્યતા આવી છે: એકમાત્ર ઈશ્વર જ વાસ્તવિક છે. તમામ પદાર્થ તથા અનિષ્ટ અવાસ્તવિક કે ભ્રામક છે. જેથી મનને યોગ્ય રીતે કેળવવાથી અને યોગ્ય વિચારસરણી ધરાવવાથી કોઈ પણ દવાની મદદ વિના દુઃખદર્દ મટાડી શકાય છે.

christian year — ખ્રિસ્તી મંડળીનું પંચાંગ એટલે આખા વર્ષ દરમ્યાન આવતાં ખ્રિસ્તી પર્વો.

christianity ( religion ) ખ્રિસ્તી ધર્મ ( પું. )
,, (quality) ,, ગુણ ( પું. )
,, (character) ,, ચારિત્ર્ય ( ન. )
christocentric ( વિ ) ખ્રિસ્ત–કેન્દ્રિત.
*Christology ખ્રિસ્તવિદ્યા ( સ્ત્રી. ); ખ્રિસ્તવિષયક સિદ્ધાંત ( પું. )

— ખ્રિસ્તના સ્વરૂપનો–વ્યક્તિત્વનો અભ્યાસ, અને વિશેષે કરીને તેનામાં જે ઐશ્વરી અને માનુષી સ્વભાવનું ઐક્ય થએલું છે તે સંબંધી.

chronology કાળક્રમ; કાળાનુક્રમ ( પું. ); કાલવિદ્યા ( સ્ત્રી. )
*church ( building ) પ્રભુમંદિર; દેવળ ( ન. )

— ગ્રીક શબ્દ 'કયુરિયાકૉન' ( = માલિક અથવા પ્રભુ અથવા સ્વામીની માલિકીની વસ્તુ ) પરથી.

Church ( of Christ ) ખ્રિસ્તી મંડળી ( સ્ત્રી. ); ઈસુધર્મસંઘ ( પું. ) ધર્મસભા ( સ્ત્રી. )
church year જુઓ christian year.
circumcision સુન્નત ( સ્ત્રી. )
classic ( adj. ) ( વિ. ) ઉચ્ચ શ્રેણીનું; પ્રતિષ્ઠિત; પ્રાચીન; શ્રેષ્ઠ કોટિનું.
,, (n.) ( ના. ) સાહિત્ય કે કલાની શ્રેષ્ઠ કૃતિ.
classical જુઓ classic ( વિ. )
clergy ધર્મસેવકગણ ( પું. ) દીક્ષિત સેવકવર્ગ ( પું. )
clergyman ખ્રિસ્તી ધર્મસેવક કે પાદરી.
climax પરાકાષ્ટા ( સ્ત્રી. )
code ( legal ) કાયદાસંગ્રહ; નિયમસંગ્રહ ( પું. )
*codex "કોડેક્સ". પુસ્તક ( પ્રાચીન ) ( ન. )

— બાઇબલના સૌથી પુરાણા હસ્તલેખો ઓળિયાના રૂપમાં હતા. આધુનિક ઢબનું પુસ્તક જેમાં છૂટક પાનાં સાથે બાંધેલાં હોય તેવું તો ૩જી સદીથી પ્રચલિત થયું. આવા પુસ્તકને "કોડેક્સ" કહેવામાં આવે છે.

*co–essential ( Lat. ) ( લેટિન ) એક જ સત્ત્વનું.

— આ શબ્દ ખાસ કરીને ત્રિ–એક ઈશ્વરનાં ત્રણ વ્યક્તિ–સ્વરૂપ વચ્ચેના સંબંધને દર્શાવવા સારૂ વપરાયો છે. દા.ત., પુત્ર પિતાની સાથે એક જ સત્ત્વનો છે. આરિયસે ( આશરે ઈ. સ. ૨૫૦–૩૩૬ ) પિતા અને પુત્રના એક સત્ત્વપણાનો નકાર કર્યો હતો, પણ નિકૈયાની મહાસભાએ (ઈ. સ. ૩૨૫) એનું સમર્થન કર્યું હતું.

( See also *consubstantial* and *homo-ousios.*)

*co-eternal સહશાશ્વત.

— ખાસ કરીને ઈશ્વરપુત્ર, જે પિતાની પેઠે, અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે, તેને વિષે આ પ્રયોગ છે. એથી ઊલટું, આરિયસના દુર્મત પ્રમાણે એવો સમય હતો જ્યારે શબ્દ હતો નહિ.

co-existence સહઅસ્તિત્વ ( ન )
co-existent સહવર્તી.
cognition ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન ( ન. )
coherence સુસંગતિ ( સ્રી. ); સંયોગ; સંશ્લેષ; મેળ (પું.)
coherent સુસંગત.
collect ( n. ) ( prayer ) ( ના. ) એક જ વાક્યમાં એક મુખ્ય વિનંતી કરવામાં આવે એવા રૂપની ઠરાવેલી પ્રાર્થના.

collective સામૂહિક; સમૂહવાચક
colloquy વાર્તાલાપ ( પું. ); સંભાષણ ( ન. )
*comforter સહાયક; સંબોધક; આશ્વાસક; બેલી ( પું. )

— ગ્રીક શબ્દ ‘ પારાકલેતાસ ’ને માટે અંગ્રેજી બાઈબલમાં જે શબ્દ વપરાયો છે તેનો ગુજરાતી અનુવાદ “ સંબોધક ” કરવામાં આવે છે. તેનો વધતો સારો અનુવાદ “ વકીલ ” અથવા “ મદદગાર ” થઈ શકે.

( See also *Paraclete.* )

*comity ( of missions etc. ) સદ્‌ભાવયુક્ત વર્તન ( ન. )

— જુદાં જુદાં મિશન મંડળીઓ એકબીજાનાં હરીફો તરીકે નહિ પણ સહકારમાં રહીને સેવા અને સાક્ષીનાં કાર્યો કરે એવો સિદ્ધાંત.

commandment આજ્ઞા ( સ્રી. ); આદેશ ( પું. )

commemorate — સ્મરણ કરવું; સ્મરણોત્સવ પાળવો.
commentary (general) ખુલાસો; ટીકાગ્રંથ (પું.) વિવેચન (ન.)
commentary (on scripture) — ભાષ્ય (ન.); ખુલાસાગ્રંથ (પું.)
commentator — ટીકાકાર; ભાષ્યકાર (પું.)
commission (sending) મોકલવું તે; નિમણૂક (સ્ત્રી.)
commission (investigating or deliberating body) — તપાસ સમિતિ; કાર્યવાહક સમિતિ (સ્ત્રી.)
commission (sin of) ઉલ્લંઘન (ન.)
*commission, the great મહાન આજ્ઞા (સ્ત્રી.); મહાન આદેશ (પું.)
— સર્વ દેશોને સુવાર્તા પ્રગટ કરવા માટે ઈસુએ પોતાના શિષ્યોને આપેલો આખરી આદેશ (માત્થી ૨૮:૧૯).
communicant — પ્રભુભોજની સભ્ય.
ccmmunion
(fellowship) સંગત (સ્ત્રી.); સત્સંગ (પું.)
,, of saints — સંતોની સંગત (સ્ત્રી.); સંતોનો સત્સંગ (પું.)
,, (Lord's Supper) પ્રભુભોજન (ન.)
,, (religious denomination) — મંડળી (અમુક સંપ્રદાયની; દા. ત. મેથડિસ્ટ, લૂથરન ઇત્યાદિ.)
*communion elements પદાર્થ (પું.); દ્રવ્ય, તત્ત્વ (ન.)
— ખ્રિસ્તના શરીર અને રક્તનાં ચિહ્ન તરીકે પ્રભુભોજન વખતે રોટલી અને દ્રાક્ષારસ વાપરવામાં આવે છે તે.
community
(fellowship) સંગત (સ્ત્રી.)
,, (of spirit) — સંવાદિતા (સ્ત્રી.)
,, (social group) અમુક વિસ્તારમાં રહેતા લોક; સમાજ (પું.)
,, (caste or religious group) કોમ (સ્ત્રી.)
comparative — તુલનાત્મક.

compassion — અનુકંપા; કરુણા; દયા ( સ્ત્રી. )
compendium — સારસંગ્રહ ( પું. )
*compline — "કૉમ્પ્લીન." ઠરાવેલી દૈનિક પ્રાર્થના સભાઓમાં આવતી છેલ્લી સભા; રાતની પ્રાર્થનાસભા (સ્ત્રી.)

— પશ્ચિમની મંડળીમાં અમુક અમુક અંતરે જે નિયમિત દૈનિક પ્રાર્થના-સભાઓ થાય છે, તેમાંની છેલ્લી પ્રાર્થનાસભા રાતે સુવા જતાં પહેલાં આ પ્રાર્થનાસભા થાય છે.

compromise — બાંધછોડ; માંડવાળ; સમજૂતી ( સ્ત્રી. ); સમાધાન ( ન. )
compulsion — દબાણ (ન.); જબરદસ્તી (સ્ત્રી ); બળાત્કાર (પું.)
conceit ( pride ) — મિથ્યાભિમાન; ગુમાન ( ન. ); ગર્વ; અહંકાર ( પું. )
„ ( far fetched idea ) — વિચિત્ર કલ્પના; ઉત્પ્રેક્ષા; ધારણા ( સ્ત્રી. )
concentration ( in meditation ) — એકાગ્રતા ( સ્ત્રી. )
concept — વિચાર; ખ્યાલ ( પું. )
conception ( thought ) — વિચાર; ખ્યાલ ( પું. )
„ ( of a child ) — ગર્ભધારણ; ગર્ભાધાન ( ન. )
*conception, immaculate — નિષ્કલંક ગર્ભાધાન, ગર્ભધારણ ( ન )

— કુંવારી મરિયમ તેની માતાના ઉદરમાં ગર્ભે રહી ત્યારથી જ મૂળ પાપથી અલિપ્ત રહી છે એવો રોમન કેથોલિક સિદ્ધાંત.

concern ( attention ) — કાળજી; ચિંતા ( સ્ત્રી. )
„ ( compassion ) — ઉત્કટ લાગણી ( સ્ત્રી. )
conclave — ગુપ્તસભા; ગુપ્ત બેઠક ( સ્ત્રી. )
conclusion ( end ) — સમાપ્તિ ( સ્ત્રી. ) ઉપસંહાર ( પું. )
„ ( result ) — આખરી પરિણામ ( ન. )
„ ( decision ) — નિર્ણય; ઠરાવ; આખરી મત ( પું. )
*concordance — "કોન્કોર્ડન્સ". કોઈ ગ્રંથનાં પદો કે શબ્દોની વર્ણાનુક્રમ સૂચિ.

— દા. ત. બાઇબલમાં આવતા બધા શબ્દોને વર્ણાનુક્રમ ગોઠવીને તે દરેકની સામે તે કયા અધ્યાય અને કલમમાં મળે છે તેનો ઉલ્લેખ કરતો શબ્દકોશ.

*concordat "કોન્કોર્ડા" (ફ્રેન્ચ શબ્દ). કરાર (પું.)

— ધર્મના અને રાજ્યના અધિકારીઓ વચ્ચે થયેલો કરાર.

concrete (adj.) (વિ.) નક્કર; સાકાર; મૂર્ત.

concupiscence તીવ્ર કામવાસના (સ્ત્રી.)

condemnation

(censure) ધૃણા (સ્ત્રી.); તિરસ્કાર (પું.); વખોડી કાઢવું તે.

" (legal) દંડાજ્ઞા; શિક્ષા (સ્ત્રી.); દોષિત ઠરાવવું તે.

condition (state) સ્થિતિ; અવસ્થા; હાલત (સ્ત્રી.)

condition

(stipulation) શરત (સ્ત્રી.)

conditional શરતી.

conduct આચરણ (ન.); ચાલચલગત (સ્ત્રી)

confession of faith વિશ્વાસની કબૂલાત (સ્ત્રી); વિશ્વાસનામું (ન.) શ્રદ્ધાનિવેદન (ન.)

confession of sin પાપસ્વીકાર (પું.); પાતકોચ્ચારણ (ન.) પાપકબૂલાત (સ્ત્રી.)

*confessor (one who hears confession) પાપકબૂલાત સાંભળનાર.

— રોમન અને બીજી કેટલીક મંડળીઓમાં જે પાળક (પ્રીસ્ટ) લોકોની ખાનગીમાં કરેલી પાપ કબૂલાત સાંભળે છે, અને તેમને યોગ્ય પ્રાયશ્ચિત્ત ઠરાવી આપે છે, અને તેમનાં પાપની માફી આપે છે તેને 'કન્ફેસ્સર' કહે છે.

*confessor (one who suffers for the faith) ધર્મવીર; ધર્મનો સાક્ષી (પું.); ધર્મની સાક્ષી પૂરનાર.

— પ્રાચીન મંડળીમાં પોતાના વિશ્વાસ (ધર્મ) ની ખાતર મરણ સિવાય તમામ પ્રકારની સતાવણી સહન કરનાર. (મરણ પામનાર martyr એટલે શહીદ ગણાતો.)

confirmation ( general ) સમર્થન ( ન. ); મંજૂરી; બહાલી (સ્ત્રી.)
*confirmation ( rite ) દઢીકરણ ( ન. )

— આ ક્રિયા ઘણી મંડળીઓમાં કરવામાં આવે છે. ખ્રિસ્તી મંડળીના સભાસદપણામાં જેઓ બાપ્તિસ્મા દ્વારા જોડાએલા તેઓને આ ક્રિયા-દ્વારા પવિત્રાત્મા દઢ અગર સ્થિર કરે છે. (લૅટિન 'કૉન્ફર્માર' = બળવાન કરવું, ઉપરથી ). આ ક્રિયાદ્વારા તેઓ મંડળીના પ્રભુભોજની સભાસદો બને છે.

conflict સંઘર્ષ ( પું. ) ઘર્ષણ ( ન. )
confraternity ભ્રાતૃસંઘ ( પું. )
confront –ની સામે ઊભા રહેવું; સામે થવું; –નો સામનો કરવો.
confrontation સામનો; મુકાબલો ( પું. )
congregation સ્થાનિક મંડળી; સભા; જમાત ( સ્ત્રી. )
*congregational સ્થાનિક મંડળીનું; સ્થાનિક મંડળીને લગતું.

— દરેક સ્થાનિક મંડળી એક સ્વતંત્ર અને સ્વાયત્ત એકમ છે એવી માન્યતા ધરાવતો પ્રોટેસ્ટંટ સંપ્રદાય.

*congregationalism સ્થાનિક–મંડળીવાદ ( પું. )

— જેમાં સ્થાનિક મંડળીઓ સ્વયંશાસિત હોય છે એવી પદ્ધતિવાળો પંથ.

conjugal લગ્નને લગતું; લગ્ન સંબંધીનું.
connotation અર્થની વ્યાપ્તિ; મૂળ અર્થ ઉપરાંત બીજો અર્થ.
consanguinity સગોત્રતા ( સ્ત્રી )
conscience અંતરાત્મા ( પું. ); ધર્મવૃત્તિ; પ્રેરકબુદ્ધિ (સ્ત્રી.)
conscientious કર્તવ્યપરાયણ; કર્તવ્યનિષ્ઠ.
conscious સચેત; સભાન.
consciousness ચેતના ( સ્ત્રી. ); ભાન ( ન. )
consecration (personal) સમર્પણ; સ્વાર્પણ ( ન. )
,, (of a building etc.) પ્રતિષ્ઠાક્રિયા; અર્પણવિધિ ( સ્ત્રી. )
*consecration
( to an office ) પ્રતિષ્ઠાપનક્રિયા ( સ્ત્રી. )

— ખાસ કરીને બિશપના હોદ્દા પર સ્થાપિત કરતી દીક્ષાક્રિયાને માટે આ પ્રયોગ વપરાય છે.

*consecration
( eucharist ) અર્પણ ( ની પ્રાર્થના ); બલિદાન ( ની પ્રાર્થના ) ( રો. કે. )

— પ્રભુભોજનની ક્રિયામાં અર્પણની પ્રાર્થના સૌથી મહત્ત્વની પ્રાર્થના છે. એ પ્રાર્થના દ્વારા

(૧) ખ્રિસ્તના મરણનું સ્મરણ કરવામાં આવે છે.

(૨) પ્રભુભોજનનાં દ્રવ્યો લેતાં પ્રભુભોજની વિશ્વાસથી અને આત્મિક રીતે ખ્રિસ્તને પોતાને જ લે–સ્વીકારે એવી વિનંતી કરવામાં આવે છે.

(૩) પ્રભુભોજનના સંસ્કારની સ્થાપનાના શબ્દો બોલવામાં આવે છે. રોમન કેથોલિક મંડળીમાં એવી માન્યતા પ્રવર્તે છે કે આ અર્પણની પ્રાર્થના દ્વારા એ જ વેળાએ રોટલી અને દ્રાક્ષારસ ખ્રિસ્તનું શરીર અને રક્ત બની જાય છે.

conservation સાચવણી; જાળવણી ( સ્રી. ); સંરક્ષણ ( ન. )
conservatism રૂઢિવાદ ( પું. )
conservative રૂઢિવાદી; રૂઢિચુસ્ત; ફેરફાર કે પરિવર્તનનો વિરોધી.
consistent સુસંગત; બંધબેસતું; અનુરુપ; એકધાર્યું.
*consistory ( ધર્માધ્યક્ષો )ની સભા.

— મંડળીની ન્યાયસભા દા. ત. રોમન કેથોલિકો પોપ અને કાર્ડિનલોની સભા માટે અને પ્રેસ્બિટેરીઅન મંડળી કોઈક વાર સેશન ( સ્થાનિક મંડળીના વડીલો અને ધર્મસેવકની સભા ) માટે વાપરે છે.

consolation સાંત્વન (ન.): દિલાસો ( પું.) આશ્વાસન (ન )
constancy દૃઢતા; વફાદારી; નિશ્ચલતા ( સ્રી. )
constitution ( act of constituting ) સ્થાપના; રચના ( સ્રી. )
,, ( set of basic rules ) બંધારણ ( ન. )

*consubstantial (વિ) અભિન્નતત્ત્વનું; એક દ્રવ્યનું; એક જ સત્ત્વમાંનું.

— ગ્રીક 'હોમો–ઊસીઓસ'નું લેટિન પર્યાય.

*consubstantiation સંસત્વવાદ (પું.)

— પ્રભુભોજન વખતે પ્રભુ ઈસુ ખ્રિસ્ત શી રીતે હાજર હોય છે તે સંબંધી માર્ટિન લૂથરનો સિદ્ધાંત. રોમન કેથોલિક ઈશ્વરજ્ઞાનીઓ માનતા હતા કે રોટલી અને દ્રાક્ષારસનું ખ્રિસ્તના શરીર અને રક્તમાં સત્વાંતર થઈ જાય છે. ત્યારે લૂથર આ પ્રમાણે કહેતો હતો: લોખંડ તપીને લાલચોળ થાય છે ત્યારે જેમ લોખંડમાં અગ્નિ અને લોખંડ સહઅસ્તિત્વ ધરાવે છે તેમ રોટલીમાં ખ્રિસ્તનું શરીર અને રોટલી સહઅસ્તિત્વ ધરાવે છે.

consummation
(completion) સમાપ્તિ; પૂર્ણાહુતિ (સ્ત્રી)
,, (fulfilment) આખરી સિદ્ધિ (સ્ત્રી.)
,, (of marriage) પતિપત્નીનો પ્રથમ સંભોગ (પું.)
contemplation ધ્યાન; ચિંતન; મનન; નિદિધ્યાસન (ન.)
contemporary સમકાલીન, પ્રવર્તમાન.
context સંદર્ભ; પૂર્વાપર સંબંધ; પ્રસંગ (પું.)
continence સંયમ; ઇંદ્રિય–નિગ્રહ (પું.); બ્રહ્મચર્ય (ન.)
contingent (પર) આધારિત.
*contrition પશ્ચાત્તાપ, પસ્તાવો (પું.)

— ઈશ્વરના પ્રેમની પ્રેરણા દ્વારા પાપને માટે ઉત્પન્ન થતો સાચો પસ્તાવો. સરખાવો attrition.

controversy વાદવિવાદ; મતભેદ (પું.)
*convent મહિલામઠ; મહિલા આશ્રમ (પું.) કોન્વેન્ટ.

— (અ) ધાર્મિક જમાત (પુરુષોની કે સ્ત્રીઓની)

(આ) જે મકાનમાં આવી જમાત રહેતી હોય તે.
વર્તમાન વપરાશમાં કોન્વેન્ટનો અર્થ મુખ્યત્વે મહિલા મઠ કે મહિલા આશ્રમ થાય છે. સાધ્વીઓનો મઠ કે આશ્રમ.

*conventicle — સભા; ગુપ્તસભા, અનધિકૃત સભા (સ્રી.)

— ભજનસેવાને માટે એકત્ર થતું લોકોનું એક નાનું ટોળું. અસલમાં સતાવણીને સમયે ગુપ્તમાં મળતી આવી સભાને માટે આ શબ્દ વપરાતો હતો.

convention (religious meeting) — ધર્મમેળો (પું.)

,, (custom) — રીતરિવાજ; શિરસ્તો (પું.)

,, (agreement) — કરાર (પું.) કરારનામું (ન.)

*conversion — મનપરિવર્તન; હૃદયપરિવર્તન; ધર્મપરિવર્તન; બદલાણ (ન.)

— પાપ તરફ પીઠ ફેરવીને ખ્રિસ્તમાં તારણ અને નવું જીવન મળે માટે તેની તરફ ફરવું. (લૅટિન–'કૉન્વરસિયો' = ફરવાનું). ઘણી વાર ધર્માંતરને માટે આ પ્રયોગ ખોટી રીતે કરવામાં આવે છે. ફક્ત એક ધર્મમાંથી નીકળીને બીજા ધર્મમાં જવું તે મનપરિવર્તન કે હૃદયપલટો ના કહેવાય. પવિત્રાત્માએ આંતરિક પરિવર્તન કર્યું હોય તેને જ સાચું મનપરિવર્તન કહી શકાય.

convert — જેણે ધર્મપરિવર્તન કર્યું છે તે; મન કે હૃદયનું પરિવર્તન પામેલો.

conviction (being convinced) — ખાતરી; દૃઢ માન્યતા (સ્રી.)

,, (penal) — ગુનો પુરવાર થયો છે તેની જાહેરાત; દોષિત ઠરવું; ઠરાવવું; સજા (સ્રી.)

,, (of sin) — પોતે પાપી હોવાની ખાતરી થવી તે. પાપનું ભાન.

corollary — ઉપસિદ્ધાંત (પું.); સિદ્ધાંત પરથી નીકળતું અનુમાન.

corporate — સામૂહિક; સામુદાયિક; સમષ્ટિગત.

corporeal — શારીરિક; દૈહિક; ભૌતિક.

corrupt (adj.) — (વિ.) ભ્રષ્ટ; ભ્રષ્ટાચારી; ભ્રષ્ટાચારભર્યું.

,, (verb) — (ક્રિ.) ભ્રષ્ટ કરવું.

corruption (moral depravity) — ભ્રષ્ટતા (સ્રી.); ભ્રષ્ટાચાર (પું.)

corruption ( decay )   કહોવાણ ( ન. )
,, ( bribery )   લાંચરુશ્વત ( સ્ત્રી. )
,, ( perversion )   વિકૃતિ ( સ્ત્રી. )
cosmic   વિશ્વ સંબંધીનું; સમસ્ત વિશ્વનું.
*cosmogony   સૃષ્ટિની ઉત્પત્તિ ( સ્ત્રી. ); સૃષ્ટિવિવરણ ( ન. )

— વિશ્વની શરુઆત સંબંધી સિદ્ધાંત કે દંતકથા ( ખાસ કરીને ગ્રીક કે અન્યધર્મી. )

cosmological   સૃષ્ટિ સંબંધી; વિશ્વવિષયક.
*cosmological argument કારણતાવિષયક દલીલ.

— સૃષ્ટિ છે માટે સૃષ્ટા હોવો જોઈએ એવી ઈશ્વરના અસ્તિત્વની સાબિતી માટેની દલીલ.

*cosmology   સૃષ્ટિવિજ્ઞાન; વિશ્વવિજ્ઞાન ( ન. ) વિશ્વવિદ્યા ( સ્ત્રી. )

— ભૌતિક વિશ્વની ઉત્પત્તિ તેમ જ તેના સ્વરૂપ સંબંધીનો તત્ત્વજ્ઞાનનો એક વિભાગ.

cosmos   વિશ્વ ( ન. ); સૃષ્ટિ ( સ્ત્રી. ); ભૂમંડળ; બ્રહ્માંડ ( ન. )
council   પરિષદ; ધર્મપરિષદ; સભા; ધર્મસભા; મહાસભા ( સ્ત્રી. )
counsel   સલાહ; શિખામણ; દોરવણી ( સ્ત્રી. )
*counter-reformation   ( ધર્મ ) પ્રતિસુધારણા ( સ્ત્રી )

— પ્રોટેસ્ટંટ ધર્મ સુધારણાના પ્રત્યાઘાતરૂપે રોમન કેથોલિક મંડળીમાં વિકાસ ફેરફાર અને ફેલાવો સાધવાની જે હિલચાલ ઊભી થઈ તે. ઈ. સ. ૧૬મી સદીની અધવચથી ૧૭મી સદીની અધવચ સુધી આ હિલચાલ ચાલી હતી, અને ટ્રેન્ટની મહાસભા ( ૧૫૪૫–૬૩ ) નાં ફરમાનોમાં તેનાં સ્પષ્ટ દર્શન જોવા મળે છે.

court ( legal )   અદાલત; ન્યાયકચેરી ( સ્ત્રી. )
,, ( church )   ( મંડળીની ) અધિકારયુક્ત સભા ( સ્ત્રી. )
,, ( royal )   દરબાર; રાજદરબાર ( પું. ) દરબારી મંડળ ( ન. )

covenant — કરાર (પું.), વિધાન (ન.); સંધિ (સ્ત્રી.); કરારનામું (ન.); પ્રતિજ્ઞાપત્ર (પું.)

*creatio ex nihilo (Lat.) — (લેટિન) શૂન્યમાંથી સૃષ્ટિ.

— ઈશ્વરે શૂન્યમાંથી સૃષ્ટિ ઉત્પન્ન કરી, અર્થાત્ સનાતનકાળથી અસ્તિત્વ ધરાવનાર પદાર્થમાંથી સૃષ્ટિને બનાવવામાં આવી નથી, કે ઈશ્વરના પોતાના તત્ત્વમાંથી સૃષ્ટિનો ઉદ્ભવ થયો નથી એવો ખ્રિસ્તી સિદ્ધાંત.

creation (act of) — ઉત્પત્તિ (સ્ત્રી.); સર્જન (ન.)

,, (the created universe) — સૃષ્ટિ (સ્ત્રી.); વિશ્વ (ન.)

,, (a created thing) — કૃતિ (સ્ત્રી.); રચના (સ્ત્રી.) સર્જન (ન.)

*creative evolution — સર્જનાત્મક ઉત્ક્રાંતિ (સ્ત્રી.)

— માણસ, એની અંદર રહેલા એક કુદરતી જીવનપ્રદ દબાણ કે બળદ્વારા, ક્રમિક રીતે, કોઈક ઉચ્ચત્તર કક્ષાએ જવા સારૂ, આધ્યાત્મિક તેમ જ શારીરિક વિકાસ કરી રહ્યું છે એવી ડારવિનના ઉત્ક્રાંતિવાદની કલ્પના વિષેની તત્ત્વજ્ઞાનની વિચારસરણી. આ વિચારસરણી સાથે ફ્રાન્સમાં બર્ગસનનું અને ભારતમાં શ્રી અરબિંદોનું નામ સંકળાએલું છે, એની ખ્રિસ્તી રજૂઆત ભારતમાં પી. ચંચૈયાહે અને ફ્રાન્સમાં ટૈલહાર્ડ દ શાડાંએ કરી છે.

creature — પ્રાણી (ન.): જીવ (પું.); કૃતિ (સ્ત્રી.)

creatureliness — ઉત્પન્નકર્તાની આગળ ઉત્પન્ન કરેલાનું જે સ્થાન છે તે.

creed (formula) — વિશ્વાસનામું; શ્રદ્ધાનિવેદન (ન.)

,, (faith professed) — ધર્મ; સંપ્રદાય; પંથ; વિશ્વાસ (પું.)

crisis — કટોકટી; નિર્ણયાત્મક પળ (સ્ત્રી.); સંકટકાળ; અણીનો સમય (પું.)

criterion — ધોરણ (ન.); માપદંડ (પું.); કસોટી (સ્ત્રી.)

critic — ટીકાકાર; વિવેચક.

critical (involving risk) — કટોકટીભર્યું; ગંભીર; ખતરનાક.

critical (hostile) — વિરોધાભાવી; છિદ્રાન્વેષી; દોષદર્શી.

critical (relating to the science of textual criticism) પાઠવિવેચનના શાસ્ત્ર સંબંધી.

*critical apparatus પાઠવિવેચન માટે મદદરૂપ સાધન (ન.) વિવેચના; સામગ્રી (સ્ત્રી.) (*Latin*: apparatus criticus)

— પ્રાચીન લખાણના જુદા જુદા હસ્તલેખોમાં માલૂમ પડતા ફેરફારો જણાવતી પાદટીપ. આવી ટીપ સામાન્ય રીતે પૃષ્ઠને તળિયે છાપેલી હોય છે.

criticism (general) ટીકા (સ્ત્રી.); નિંદા (સ્ત્રી.).

„ (of literary texts) વિવેચના (સ્ત્રી.)

*criticism, higher ઉચ્ચત્તર વિવેચના (સ્ત્રી.) પુસ્તકનો લેખક, સમય, હેતુ ઇત્યાદિ જાણવા માટેની સંશોધન વિદ્યા.

— ખાસ કરીને જૂ. ક. તેમ જ ન. ક. નાં પુસ્તકો કોણે લખ્યાં, તેની વિગતો ક્યાંથી મેળવી, કેવી રીતે અને ક્યારે લખ્યાં તે શોધી કાઢવા કામે લગાડેલી સંશોધન વિદ્યા અથવા વિજ્ઞાન.

*criticism, lower or textual સામાન્ય વિવેચના (સ્ત્રી.); પાઠવિવેચનશાસ્ત્ર (ન.)

— આપણી પાસે જે જૂના હસ્તલેખો છે (દા. ત. બાઇબલના પુસ્તકોના) તેની પરસ્પર સરખામણી કરીને મૂળ દસ્તાવેજના અસલ પાઠની પુનઃ પ્રાપ્તિ માટે કામે લગાડેલી સંશોધન વિદ્યા અથવા વિજ્ઞાન.

critique સમીક્ષા; મીમાંસા; સમાલોચના (સ્ત્રી.)

cross ક્રૂસ; વધસ્તંભ (પું.)

*crucifix ક્રૂસજડિત ઈસુપ્રતિમા (સ્ત્રી.)

— રોમન કેથોલિક અને અન્ય કેટલીક મંડળીઓમાં ભક્તિપદાર્થ તરીકે ખ્રિસ્તની આકૃતિ સહિતના વધસ્તંભના નમૂનાનો–નાના સરખા વધસ્તંભનો ઉપયોગ થાય છે તે.

crucifixion વધસ્તંભે–ક્રૂસે જડવું તે; ક્રૂસારોહણ (ન.)

crucify ક્રૂસે, વધસ્તંભે જડવું.

*crusade — ધર્મયુદ્ધ (ખ્રિસ્તી) (ન.); ઝુંબેશ (સ્ત્રી.)

— ઇસ્લામના કબજામાંથી પવિત્ર પ્રદેશ (પાલેસ્તાઈન)ની પુનઃ પ્રાપ્તિ માટે ૧૧, ૧૨ અને ૧૩મી સદીઓમાં યુરોપના ખ્રિસ્તીઓએ જે લશ્કરી કૂચો આદરેલી તે.

*"cuius regio eius religio" (Lat.) લેટિન. "જેનું રાજ તેનો ધર્મ."

— ઑગ્સબર્ગના શાંતિકરાર (ઇ. સ. ૧૫૫૫) નું આ એક સૂત્ર હતું. એના દ્વારા પોતાનું રાષ્ટ્ર પ્રોટેસ્ટંટ બને કે રોમન કેથોલિક બને એ નક્કી કરવાનો અધિકાર જર્મનીના સરદારોને (રાજાઓને) મળ્યો હતો.

cult (form of worship) પૂજાવિધિ (સ્ત્રી.)

,, (sect) પંથ (પું.)

culture સંસ્કૃતિ; સંસ્કારિતા (સ્ત્રી.)

cultus ધર્મક્રિયાઓની માન્ય પદ્ધતિ (ખાસ કરીને પ્રાચીન સમયમાં).

*cuneiform કીલ લિપિ (સ્ત્રી.)

— મેખના, ફાચરના આકાર જેવી લિપિ. પ્રાચીન આશ્શુરી, બાબેલોની, ફારસી ઇત્યાદિ લેખોની લિપિ.

curate સહાયક ધર્મસેવક; મદદનીશ પાળક.

curse શાપ; શ્રાપ (પું.)

cursive જેમાં અક્ષરો એકબીજા સાથે જોડાઈ જાય છે એવી લિપિ; એવી લિપિવાળો હસ્તલેખ.

cycle of births સંસારચક્ર (ન.); જન્માંતરની ઘટમાળ (સ્ત્રી.); કર્મસંસાર (પું.)

cycle (liturgical) મંડળીનું પંચાંગ; પર્વચક્ર (ન.)

cyclical view of history કાળચક્ર; ઘટનાચક્ર (ન.) ઉત્પત્તિ; સ્થિતિ (સ્ત્રી.); લય (પું.)

— હિંદુ અને ગ્રીક વિચારસરણી પ્રમાણે સમયનું ચક્ર છે. તેમાં એક યુગ પછી બીજો યુગ આવે છે અને એમ જ્યાંથી શરૂઆત કરી હતી તે યુગ પાછો આવે છે, અને એમ કાળચક્ર ગોળ ગોળ ફર્યા કરે છે.

# D

damnation — દંડાજ્ઞા (સ્ત્રી.); અનંતદંડ (પું.); નરકની સજા (સ્ત્રી.)

data — ઉપલબ્ધ માહિતી કે હકીકત (સ્ત્રી.)

*deacon — (ખ્રિસ્તી મંડળીનો) સેવક; ડીકન (પું.)

— ગ્રીક 'દિયાકોનોસ' (સેવા કરનાર) ઉપરથી. નવા કરારમાં "ડીકન" એક પ્રકારના ધર્મસેવકો હતા, તેઓ પ્રેસ્બિટર–બિશપોના હાથ તળે સેવા કરતા હતા. (દા. ત. ફિલિપી. ૧ : ૧; ૧ તીમોથી ૩ : ૮) આજે ઍંગ્લિકન મંડળીમાં બિશપો અને પ્રેસ્બિટરો પછી ડીકનો ત્રીજી કક્ષાના ધર્મસેવકો છે; બીજી કેટલીક મંડળીઓમાં નાણાં-સમિતિના સભ્યોને 'ડીકન' કહેવામાં આવે છે.

*deaconess — (ખ્રિસ્તી મંડળીની) સેવિકા; ડીકનેસ (સ્ત્રી.)

— મંડળીમાં સ્ત્રી સહાયક. નવા કરારના જમાનામાં ડીકનેસો હતી (દા ત. ફેબી, રૂમી. ૧૬ : ૧; ૧ તીમોથી ૩ : ૧૧). પાછળના જમાનાઓમાં તેઓનું કામ મુખ્યત્વે મંડળીનાં સ્ત્રીસભ્યોની સહાય કરવાનું બન્યું હતું. આજે ઘણી પ્રોટેસ્ટંટ મંડળીઓમાં આ પ્રકારની સેવા કરવામાં આવે છે. ડીકનેસોને કેટલીક વાર "ચર્ચ સિસ્ટર્સ" કહેવામાં આવે છે.

*Dead Sea Scrolls — મૃતસરોવર પાસેથી મળી આવેલાં ઓળિયાં.

— સને ૧૯૪૭માં મૃતસરોવર પાસેની એક ગુફામાંથી મળી આવેલાં આ ઓળિયાં હેબ્રી અને અરામી ભાષામાં લખાયેલાં છે. ઈ. સ.ની પ્રથમ સદીથી શરૂ થતા સમયમાં એ હસ્તલેખો લખાયેલા છે. આ સંગ્રહમાં જૂ. ક. ના મોટા ભાગનાં પુસ્તકોના ભાગો, ટીકાગ્રંથો તથા એક યહૂદી સંપ્રદાયના શિસ્તના નિયમોનો સમાવેશ થાય છે. આ હસ્તલેખો એ જ યહૂદી સંપ્રદાયના પુસ્તકાલયની માલિકીના હતા.

*deadly sin — વિનાશકારક પાપ; ઘોર પાપ (ન.)

— પરાપૂર્વથી ઊતરી આવેલી માન્યતા પ્રમાણે સાત "વિનાશકારક" પાપો છે: અભિમાન, લોભ, વાસના (દુર્વાસના), અદેખાઈ, ખાઉધરાપણું, ગુસ્સો અને એદીપણું.

decalogue — દશ આજ્ઞા (સ્ત્રી.)
decree (command) — આદેશ (પું.); આજ્ઞા (સ્ત્રી.)
,, (authoritative pronomument) — આજ્ઞાપત્ર (પું.); હુકમનામું (ન.)
,, (decision) — નિર્ણય; ઠરાવ (પું.)
decretal — (પોપનો) આદેશ (પું.); પોપની આજ્ઞાપત્રિકા (સ્ત્રી.) પોપનું ફરમાન (ન.)
dedication (personal) — સમર્પણ; નિવેદન (ન.)
,, (of building etc.) — પ્રતિષ્ઠાક્રિયા (સ્ત્રી.)
deduce — અનુમાન કરવું.
deduction — અનુમાન (ન.)
defile (verb) — (ક્રિ.) ભ્રષ્ટ કરવું; અશુદ્ધ કરવું; અપવિત્ર કરવું; વટાળવું; અભડાવવું.
defilement — અશુદ્ધતા; ભ્રષ્ટતા (સ્ત્રી); વટાળ (પું.)
definition — વ્યાખ્યા (સ્ત્રી.)
degenerate (adj.) — (વિ.) પતિત; ચારિત્ર્યહીન; ભ્રષ્ટ.
degeneration — પતન (ન.); અધઃપતન; બગાડ (પું.)
degree — અંશ (પું.); માત્રા (સ્ત્રી.)
*deification (Lat.) — દેવત્વારોપણ (ન.); દેવપદની પ્રાપ્તિ (સ્ત્રી.)

— (અ) સમ્રાટોને અને અન્ય વ્યક્તિઓને, તેઓના મૃત્યુ બાદ, અથવા તેમના જીવનકાળ દરમ્યાન પણ, દેવો તરીકે માનવાની વિધર્મીઓની કે મૂર્તિપૂજકોની પ્રથા.

(આ) વિશ્વાસીનું ઈશ્વરની સાથેનું ઐક્ય દર્શાવવા સારૂ પૂર્વની (ઑર્થોડોક્સ) મંડળી એના ગૂઢવાદ–યોગદર્શનમાં–આ પ્રયોગનો કેટલીક વાર ઉપયોગ કરે છે.

(See also *apotheosis*)

deify — દેવ તરીકે ગણવું–માનવું.
*deism — કેવલેશ્વરવાદ; તટસ્થેશ્વરવાદ (પું.)

— લેટિન 'દેયુસ' = દેવ ઉપરથી. ઈ. સ. ની ૧૭મી અને ૧૮મી સદીમાં યુરોપમાં વિકસેલી એક પ્રકારની ઈશ્વરવિદ્યા. કેવલેશ્વરવાદીઓ ઈશ્વરની

માન્યતા સ્વીકારતા હતા, પણ કુદરતી બુદ્ધિ દ્વારા સાબિત કરી શકાય એટલી હદે જ તેઓ તેનો સ્વીકાર કરતા. બાઇબલના પ્રકટીકરણને તેઓ શંકાસ્પદ અને બિનજરૂરી ગણીને તેનો નકાર કરતા હતા. પાછળના કેવલેશ્વરવાદીઓ માનતા કે જગતને ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે, પણ ત્યાર પછી તેની એ કૃતિમાં તેને કોઈ વિશેષ રસ રહ્યો નથી.

deity ( divine nature ) દેવત્વ; ઈશ્વરત્વ ( ન. )
,, ( a divine being ) દેવતા; દેવ ( પું. )
delegate ( n. ) પ્રતિનિધિ.
,, ( verb ) સોંપવું; અધિકાર સોંપવો.
deliver છોડાવવું; છુટકારો કરવો.
deliverance ( release ) છુટકારો; ઉદ્ધાર; મોક્ષ ( પું. ); મુક્તિ (સ્ત્રી.); વિમોચન ( ન. )
,, (pronouncement) ઠરાવ ( પું. ); જાહેરાત ( સ્ત્રી. )
deluge જળપ્રલય ( પું. )
delusion ભ્રાંતિ ( સ્ત્રી. ); ભ્રમ ( પું. )
demi–god દેવ જેવા માણસ; અંશતઃ દૈવી વ્યક્તિ (સ્ત્રી.); અંશાવતાર ( પું. )
demi–urge વિશ્વકર્મા ( પું. )

— ગ્રીક ‘ દેમીઉરગૉસ ’ = કારીગર પરથી. ઉત્પન્નકર્તા ઈશ્વર માટે પ્લેટોએ એ શબ્દ વાપર્યો છે, અને ગ્રીક ખ્રિસ્તી લેખકોએ ખ્રિસ્તીઓના ઈશ્વર માટે એ શબ્દનો ઉપયોગ કર્યો છે. જ્ઞાનવાદીઓ સર્વોચ્ચ ઈશ્વર અને આ દેવ વચ્ચે ભેદ પાડે છે, આ દેવે ( વિશ્વકર્માએ ) આ ભૌતિક વિશ્વ ઉત્પન્ન કર્યું છે, પણ સર્વોચ્ચ ઈશ્વરથી તે ઊતરતી કોટિનો તેમ જ અલગ છે એવું તેઓ માનતા હતા. હાલમાં સાધારણ રીતે આ શબ્દનો આવો જ અર્થ થાય છે.

democracy લોકશાહી ( સ્ત્રી. ); લોકશાસન ( ન. )
demon અપદૂત; અશુદ્ધ આત્મા ( પું. ); ભૂત ( ન. ) પિશાચ; અસુર ( પું. )
demonology ભૂતવિદ્યા; અસુરવિદ્યા; પિશાચવિદ્યા ( સ્ત્રી. )
*demythologizing ધર્મસત્ય પર ચઢેલાં અલંકારિક આવરણ દૂર કરવાં.

— બાઇબલમાં રહેલાં ધાર્મિક સત્યો, તે જમાનાની કાવ્યમય, અલંકારિક અને પૌરાણિક ભાષાના લેબાસમાં રજૂ થયેલાં છે, માટે એ બધા પૌરાણિક વાઘાઓ ઉતારી નાખીને બાઇબલનાં સત્યોને આધુનિક જમાનાની સમજી શકાય એવી ભાષામાં રજૂ કરવાની હિમાયત. આવી હિમાયત કરનાર સૌ પ્રથમ જર્મનીના ઈશ્વરજ્ઞાની રૂડોલ્ફ બુલ્ટમાન છે.

denial ઇનકાર; નકાર; અસ્વીકાર (પું.)
denial (self-) સ્વનકાર; આત્મત્યાગ; આત્મભોગ (પું.)
denomination સંપ્રદાય; પંથ (પું.)
denotation નિર્દેશન (ન.)
denote નિર્દેશ કરવો.
dependence પરાવલંબન (ન.)
depravity ભ્રષ્ટતા; અધમતા (સ્ત્રી.)
*depravity (total) સમગ્ર ભ્રષ્ટતા (સ્ત્રી.)

— માણસ તેની કુદરતી, પતિત દશામાં, પૂરેપૂરું ભ્રષ્ટ છે, અને સારાપણાનો છાંટો યે તેનામાં નથી. એવા સિદ્ધાંતને "સમગ્ર ભ્રષ્ટતા"નો સિદ્ધાંત કહે છે.

descend ઊતરવું; અવતરવું.
descent (coming down) અવતરણ (ન.); અવતાર (પું.); અવરોહણ (ન.)
,, (genealogical) વંશાવળી (સ્ત્રી.)
desecrate અપવિત્ર કરવું; ભ્રષ્ટ કરવું.
design (pattern) નમૂનો (પું.); યોજના (સ્ત્રી.)
,, (construction) રચના (સ્ત્રી.)
,, (purpose) ઉદ્દેશ (પું.); હેતુ (પું.) પ્રયોજન (ન.); ઇરાદો (પું.)
desire ઇચ્છા; કામના; તૃષ્ણા (સ્ત્રી.)
desolation પાયમાલી; તારાજી (સ્ત્રી.)
(See also "abomination of desolation")
*destiny (fate) ભાવિ; નસીબ; કિસ્મત; પ્રારબ્ધ (ન.)

— માણસના ભાવિનું સંચાલન કરનાર કોઈ અવૈક્તિક શક્તિ છે એવું અખ્રિસ્તી લેખકો માને છે, અને એ શક્તિને ઓળખાવવા તેઓ "પ્રારબ્ધ" શબ્દનો ઉપયોગ કરે છે.

*destiny ( final state ) અંતિમ ભાવિ ( ન. ) પરમગતિ ( સ્ત્રી. ) પરમપદ ( ન. )

— વ્યક્તિ તેમ જ સમસ્ત માણસજાતના પ્રયાણનો છેવટનો તબક્કો. ખ્રિસ્તીઓ માટે એ અંતિમ તબક્કો ઈશ્વર સાથે કાયમનું ઐક્ય થશે કે પછી તેઓ કાયમને માટે ઈશ્વરથી વિમુખ બનશે.

detached ( adj. ) ( વિ. ) અનાસક્ત; તટસ્થ; ઉદાસીન; નિષ્કામ.
detachment અનાસક્તિ; તટસ્થતા; ઉદાસીનતા ( સ્ત્રી. )
determination (fixing) નિર્ધારવું; નક્કી કરવું; ઠરાવવું.
,, ( firm purpose ) દૃઢ સંકલ્પ; નિશ્ચય ( પું. )
*determinism નિર્યાતવાદ; નસીબવાદ; કિસ્મતવાદ, પ્રારબ્ધવાદ; બધ્ધેચ્છાવાદ ( પું. )

— માણસજાત સહિત આખું વિશ્વ કારણવાદના કડક નિયમને આધીન હોઈને મુકતેચ્છાના ઉપયોગ માટે કોઈ અવકાશ નથી એવો મત.

development વિકાસ ( પું. )
devil શેતાન; દુષ્ટાત્મા ( પું. ); ઈબલીસ ( ન. )
devote સમર્પિત કરવું; ( ઈશ્વરને અર્થે ) નાશપાત્ર ઠરાવવું.
devoted ( વિ. ) સમર્પિત; એકનિષ્ઠ.
devotee ભક્ત; ચુસ્ત અનુયાયી; ઉપાસક ( પું. )
devotion ભક્તિ ( સ્ત્રી. ); ભક્તિભાવ ( પું. )
devout ધાર્મિક; ભક્તિશીલ.
*dialectic ( s ) દ્વંદ્વવાદ ( પું. ); વિવાદાત્મક તત્ત્વજ્ઞાન ( ન. ); તર્કશાસ્ત્ર ( ન. )

— તત્ત્વજ્ઞાનની આ એક સરણી છે. સવાલ, જવાબ અને સામા સવાલ દ્વારા સત્યની તપાસનું કાર્ય.

*dialectical દ્વંદ્વાત્મક; વિવાદાત્મક.

— આગળ વધવા સારૂ સઢવાળું વહાણ ઘડીકમાં આ બાજુ તો ઘડીકમાં પેલી બાજુ હંકારે એવી રીતે દ્વંદ્વાત્મક પદ્ધતિથી સત્યની શોધમાં આગળ વધવાની પ્રક્રિયા.

*dialectical theology "ડાયાલેક્ટિકલ" ઈશ્વરવિદ્યા.

— કાર્લ બાર્થની ઈશ્વરવિદ્યા આ નામે ઓળખાય છે. એક બાજુ 'કુદરતી' કે 'પ્રાકૃતિક' ઈશ્વરવિદ્યા ઈશ્વર વિષેની વૈજ્ઞાનિક માહિતી આપવાનો દાવો કરે છે. બીજી બાજુ યોગવાદીઓ કે અગમનિગમવાદીઓ નકારાત્મક રીતે ("નેતી નેતી" કહીને) ઈશ્વરનું વર્ણન કરવાનો પ્રયત્ન કરે છે. આ બન્ને વિચારસરણી નિષ્ફળ છે એવું બાર્થ માને છે. બાર્થ શીખવે છે કે ઈશ્વર સર્વાતિત હોવા છતાં ઇતિહાસમાં પ્રગટ થાય છે. બાઇબલ–જેનાં પૃષ્ઠોમાં આપણને જીવંત ખ્રિસ્તનો ભેટો થાય છે – તેના વાચન દ્વારા આપણને ઈશ્વરનો મેળાપ થાય છે.

dialogue સંવાદ (પું.)

*diaspora (See also dispersion) (अ) વિખરાઈ જવું તે.

(आ) પરદેશોમાં વિખરાઈ ગયેલા યહૂદીઓ.

— (ગ્રીકમાં દિયાસ્પોરા; લેટિનમાં દિસ્પરસિયો). પાલેસ્તાઇનની બહાર આર્મિનીયા, ઈરાન, મિસર, એશિયામાઈનર, ગ્રીસ અને ઇટાલીમાં વિખેરાઈ ગયેલો યહૂદી સમાજ. પાલેસ્તાઈન સાથે નિકટનો સંબંધ જાળવી રાખતા, પણ ગ્રીક સંસ્કૃતિની અસરથી ઘણા રંગાયા હતા. વિખરાઈ જવાની પ્રક્રિયા આશ્શૂરના (ઈ. સ. પૂ. ૭૨૨) અને બાબેલોનના (ઈ. સ. પૂ. ૫૯૭) બંદીવાસથી શરૂ થઈ હતી.

dictator સરમુખત્યાર, તાનાશાહ (પું.)

dictatorship સરમુખત્યારી; તાનાશાહી (સ્ત્રી.)

didactic શિક્ષણાત્મક; બોધદાયક.

diet (meeting) સભા; રાજ્યસભા (સ્ત્રી.)

differentia વિશેષતા; વિલક્ષણતા (સ્ત્રી.)

dignitary ઉચ્ચપદધારી વ્યક્તિ (સ્ત્રી.)

ઉચ્ચ અધિકારી (પું.)

| | |
|---|---|
| dignity | ગૌરવ; ઉચ્ચપદ; ગાંભીર્ય (ન.) મોભો (પું.) |
| dilemma | દ્વિધા; દુગ્ધા; મડાગાંઠ (સ્ત્રી.) |
| *diocese | ડાયોસિસ (સ્ત્રી.); બિશપની હકૂમતનો પ્રદેશ; ધર્માધ્યક્ષવિસ્તાર (પું.) |
| | — ગ્રીકમાં 'દ્વિઑઈકેસિસ' = વહીવટ, કારોબાર. |
| diocese (arch–) | આર્ચડાયોસિસ (સ્ત્રી.); મહાધર્માધ્યક્ષ-વિસ્તાર (પું.) |
| director (spiritual) | ગુરુ (પું.) |
| *discipline (control) | શિસ્ત (સ્ત્રી.); નિયમપાલન, નિયંત્રણ, નિયમન (ન.); વ્યવસ્થા (સ્ત્રી.) |
| ,, (church constitution) | મેથોડિસ્ટ મંડળીના બંધારણનું પુસ્તક. |
| discord | કુસંપ; વિખવાદ (પું.); ફાટફૂટ; અશાંતિ (સ્ત્રી). |
| discordant | વિખવાદી; મેળ વગરનું; બેસૂરું. |
| disillusion (verb) | ભ્રમ ભાંગવો, મટાડવો, દૂર કરવો. |
| disinterested | તટસ્થ; નિસ્વાર્થી; નિષ્કામ. |
| disobedience | આજ્ઞાભંગ (પું.); અનાજ્ઞાંકિતપણું (ન.) |
| disorder | અવ્યવસ્થા (સ્ત્રી.) |
| dispensation (Biblical) | ઈશ્વરકૃત મનાતી વિશિષ્ટ વ્યવસ્થા; (સ્ત્રી.); યુગ; જમાનો (પું.); વિધાન (ન.) |
| ,, (exemption from a rule) | છૂટ; માફી; મુક્તિ (સ્ત્રી.) |
| dispersion | વેરવિખેર થઈ જવું તે. (See also *diaspora*). |
| disputation | વાદવિવાદ; તર્કવિતર્ક; શાસ્ત્રાર્થ (પું.) |
| dissent | અસંમતિ (સ્ત્રી.); મતભેદ (પું.); મતમાં જુદા પડવું તે. |
| *dissenter | ભિન્ન મત ધરાવનાર; મતમાં જુદો પડનાર; વિરુદ્ધ મતવાળો; ભિન્નપંથી (પું.) |
| | — ઇંગ્લાંડની રાજમાન્ય મંડળીના સભાસદો ના હોય એવા ખ્રિસ્તીઓને ઓળખાવવા વપરાતો પ્રયોગ. |

dissertation — મહાનિબંધ ( પું. )
dissipated ( dispersed ) — છિન્નભિન્ન.
,, (of loose conduct) — અસંયમી; દુરાચારી; કુછંદી.
dissipation — વેડફી નાખવું તે; દુરાચાર ( પું. ); કુછંદ ( પું.)
dissolute — વિષયી; કામી; લંપટ; દુર્વ્યસની.
distorted — વિકૃત.
distortion — વિકૃતિ ( સ્ત્રી. )
distraction ( diversion of attention ) — ધ્યાનભંગ ( પું. )
,, (mental confusion) — ગભરાટ; ચિત્તભ્રમ ( પું. ); બાવરાપણું ( ન. )
diversity — વૈવિધ્ય ( ન. ); વિવિધતા ( સ્ત્રી. )
divination — શકુનવિદ્યા ( સ્ત્રી. )
divine ( adj. ) — ( વિ. ) ઈશ્વરી; દિવ્ય; દૈવી.
,, ( noun ) ( seer ) — ઈશ્વરભક્ત.
,, ( clergyman ) — ધર્મસેવક; ધર્મશાસ્ત્રનો જાણકાર.
,, ( verb ) — અટકળ કરવી; અનુમાન કરવું.
diviner — શકુન જોનાર; ભવિષ્ય ભાખનાર.
divinity ( theology ) — ઈશ્વરવિદ્યા ( સ્ત્રી. ) ઈશ્વરજ્ઞાન ( ન. )
,, ( divine nature ) — ઈશ્વરત્વ; દેવત્વ ( ન. )
,, ( a divine being ) — ઈશ્વર; દેવ; દેવતા ( પું. )
*docetism — આભાસવાદ ( પું. )

— ગ્રીક ‘ દોકેઓ ’ = હું લાગું છું; હું જોઉં છું એવો આભાસ. પ્રાચીન મંડળીમાં એક વિચારસરણી. એ વિચારસરણી ધરાવનારાઓ પૃથ્વી પરના ખ્રિસ્તના માનવપણાને તેમ જ તેનાં દુઃખોને વાસ્તવિક ખરાં નહિ માનતાં આભાસરૂપે માનતા હતા. જ્ઞાનવાદીઓમાં આ શિક્ષણ પરાકાષ્ટાએ પહોંચ્યું હતું. તેઓ કહેતા કે ખ્રિસ્ત માણસ જેવો ભાસતો હતો–આભાસરૂપે હતો, અને ખરેખર મરણ પામ્યો નથી.

doctor ( scholastic ) — આચાર્ય; ધર્માચાર્ય, ધર્મશિક્ષક; પંડિત (પું.)
,, ( physician ) — ડૉકટર; વૈદ્ય; હકીમ; દાક્તર.
doctrinaire — સૈદ્ધાન્તિક અને અવહેવારુ; વેદિયો ( માણસ ).
doctrine — સિદ્ધાંત; મત ( પું. ); શિક્ષણ ( ન. )

document — લેખ; દસ્તાવેજ ( પું. ); ખત ( ન. )

*dogma — ધર્મસિદ્ધાંત ( પું. )

— ગ્રીકમાં ' દોગ્મા ' = જે ખરું લાગતું હોય તેવું, અભિપ્રાય. અસલમાં આ પ્રયોગ કોઈ અમુક વિચારસરણીવાળાઓની ખાસ માન્યતાને માટે વપરાતો હતો. કાળાંતરે જે સત્ય ઈશ્વરી પ્રકટીકરણ દ્વારા સ્થાપિત થયું હોય અને મંડળીએ જેની સત્તાવાર વ્યાખ્યા કરી હોય એવા અર્થમાં આ પ્રયોગ વપરાતો થયો છે.

dogmatic ( arrogantly opinionated ) સ્વમતાગ્રહી; હઠાગ્રહી.

,, ( stressing dogma ) સિદ્ધાંતવાદી.

,, ( pertaining to dogma ) ધર્મસિદ્ધાંત સંબંધીનું; સૈદ્ધાંતિક.

*dogmatics ( dogmatic theology ) ધર્મસિદ્ધાંતશાસ્ત્ર ( ન. ); સૈદ્ધાંતિક ઈશ્વરવિદ્યા ( સ્ત્રી. )

— મંડળીને માન્ય હોય એવો ખ્રિસ્તી ધર્મનો પદ્ધતિસરનો ખુલાસો.

dogmatism — સિદ્ધાંતવાદ ( પું. ); સ્વમતાગ્રહ ( પું. )

*dominical — પ્રભુ સંબંધીનું; પ્રભુવાર ( રવિવાર ) સંબંધીનું; ખ્રિસ્તે કહેલું/કરેલું/આરંભેલું/સ્થાપેલું.

— લેટિન ' દોમિનુસ ' = પ્રભુ. " ડૉમિનિકલ " : ખ્રિસ્ત જે શબ્દો બોલ્યો હતો, અથવા તેણે જે કામ કર્યાં હતાં, અથવા જે કાર્યો તેણે શરૂ કે સ્થાપિત કરેલાં–એ બધું સૂચવવા સારૂ આ શબ્દ વપરાય છે. દા. ત. બાપ્તિસ્મા અને પ્રભુભોજનના બે ડૉમિનિકલ સંસ્કારો.

dominion — પ્રભુત્વ; રાજ્ય ( ન. ); અધિકાર ( પું. )

doom — દુર્ભાગ્ય; સત્યાનાશ ( ન. ); અંતિમ સજા (સ્ત્રી.)

doomsday — ન્યાયકાળ ( પું. ); કયામતનો દિવસ ( પું. )

*doxology — ( ઈશ્વરમહિમાને અર્થે ) સ્તોત્ર; સ્તવન; ગુણગાન ( ન. ); સ્તુતિ ( સ્ત્રી. )

— ત્રિએક ઈશ્વરનાં ત્રણ વ્યકત–સ્વરૂપને મહિમાવાન કરનારું સ્તોત્ર.

drink-offering — પેયાર્પણ ( ન. )

*dualism — દ્વૈતવાદ ( પું. )

— (૧) ઈશ્વર અને જગત ( જીવાત્મા સહિત ) એટલે ઉત્પન્નકર્તા અને ઉત્પન્ન કરેલી વસ્તુઓ એકમેકથી અલગ છે, અને અદ્વૈતવાદ પ્રમાણે જગતને ઈશ્વરના અંશ તરીકે કે ઈશ્વરમાંથી ઉદ્‌ભવતા કિરણ તરીકે, કે માયા તરીકે ગણવાનું છે, જ્યારે દ્વૈતવાદ પ્રમાણે બન્ને અલગ છે એવી માન્યતા.

(૨) અદ્વૈતવાદ અનુસાર જે બધું અસ્તિત્વ ધરાવે છે તેનું અંતિમ સ્વરૂપ એક જ છે. એથી ઊલટું દ્વૈતમત પ્રમાણે ચિત્ત અને અચિત્ત એકબીજાથી ભિન્ન છે, અને સાત્ત્વિક રીતે જોડાયેલાં નથી.

(૩) પારસી ધર્મ શીખવે છે તેમ ભલાઈ અને ભૂંડાઈના બે સમાન અને વિરોધી નિયમો આ વિશ્વમાં કામે લાગેલા છે.

(૪) દેહધારી ખ્રિસ્તમાં માત્ર બે સ્વભાવ જ નહોતા, પણ માનવી અને દૈવી એવી બે વિભૂતિઓ ( વ્યક્તિઓ ) તેનામાં હતી એવું ઈશ્વરવિદ્યા વિષયક દૃષ્ટિબિંદુ નેસ્તોરીઓને માથે તેમના વિરોધીઓએ ચડાવ્યું હતું.

duality — દ્વૈતત્વ; દ્વૈપણું ( ન. )

duty — ધર્મ; સ્વધર્મ ( પું. ); કર્તવ્ય ( ન. ); ફરજ (સ્ત્રી.)

dynamic ( adj. ) — ( વિ. ) શક્તિશાળી; શક્તિસંપન્ન; ક્રિયાશીલ; ગતિમાન.

„ ( n. ) — ( ના. ) અંતઃશક્તિ (સ્ત્રી.); અંતર્બળ; પરાક્રમ; સામર્થ્ય ( ન. ); શક્તિ ( સ્ત્રી. )

# E

earnest (n.) — બાનું (ન.)

Easter — ઈસ્ટર; ઈસુના પુનરુત્થાનનું પર્વ (ન.)

ebionite — એબીઓનવાદી; ઈસુ ખ્રિસ્ત કેવળ માનવ હતા એવો મત માનનાર.

*ecclesia (Gk.) — 'એકલેસીઆ' (ગ્રીક). મંડળી; ઈશ્વરના લોક.

— ગ્રીક ક્રિયાપદ 'કાલેઓ' = 'તેડવું' પરથી 'એકલેસીયા' = તેડાયેલા લોકો. જે લોકોને ઈશ્વરે તેડું આપીને સંસારમાંથી બહાર કાઢ્યા છે, અને પોતાના લોકો તરીકે જીવવા પસંદ કર્યા છે તેઓ. આ શબ્દ ખ્રિસ્તી મંડળીને માટે વપરાવા લાગ્યો.

ecclesiastical — ખ્રિસ્તી મંડળી સંબંધીનું.

ecclesiology — ખ્રિસ્તી મંડળીવિદ્યા (સ્ત્રી.)

eclectic (adj.) — (વિ.) સારગ્રાહી.

*eclecticism — સારસંગ્રહવાદ (પું.)

— અન્ય વિચારસરણીઓમાં ઉત્તમ લાગતાં તત્ત્વો કે ઉત્તમ લાગતા મતોમાંથી પસંદગી કરીને તેમને એકત્ર કરે એવી તત્ત્વજ્ઞાન કે ઈશ્વરવિદ્યાની પ્રણાલી કે વિચારસરણી.

economy (plan) — (ઈશ્વરી) વ્યવસ્થા (સ્ત્રી.); વિધાન (ન.) (See also *dispensation*)

ecstasy — પરમાનંદ; હર્ષોલ્લાસ (પું.); તન્મયતા; તન્મયાવસ્થા; ભાવ-સમાધિ (સ્ત્રી.)

*ecumenical — વિશ્વવ્યાપી; સાર્વત્રિક; સાર્વલૌકિક; સાર્વભૌમ (ખ્રિસ્તી મંડળીની બાબતમાં).

— ગ્રીક 'ઑઈકૂમેને' = વસ્તીવાળી આખી દુનિયા. સાર્વભૌમ, અર્થાત્, આખા ખ્રિસ્તી જગતના પ્રતિનિધિરૂપ, અને તેથી તમામ ખ્રિસ્તીઓને બંધનરૂપ ગણાતું. અવિભાજિત મંડળીની પ્રાચીન (શરૂઆતની) મહાસભાઓને માટે આ અર્થમાં એ પ્રયોગ વપરાયો છે.

*ecumenical movement — મંડળીની એકતાની હિલચાલ.

— વર્તમાન સમયમાં મંડળીઓની વિશ્વવ્યાપી એકતાની હિલચાલને માટે આ શબ્દ વપરાય છે. ખાસ કરીને મંડળીઓની વિશ્વપરિષદની સાથે સંબંધ ધરાવતી મંડળીઓની એકતાની હિલચાલને માટે.

ecumenism — વિશ્વએક્તાવાદ (ન.) (મંડળીની એક્તા માટેની હિલચાલ.)

edict — ફરમાન (ન.); આજ્ઞાપત્ર (પું.)

edify — સંસ્થાપિત કરવું; બોધ આપવો.

edification — સંસ્થાપન (ન); ઉન્નતિ (સ્ત્રી)

edition — આવૃત્તિ (સ્ત્રી.)

effectual — અસરકારક; સાર્થક.

efficacious — કાર્યસાધક; ગુણકારક.

efficient — જુઓ cause.

ego — અહમ્ (ન.)

egocentric — અહંકેંદ્રિત, આત્મકેંદ્રિત; સ્વકેંદ્રિત.

egoism — અહંભાવ; અહંકાર (પું.); પોતાનું જ હિત શોધવું તે; સ્વાર્થીપણું (ન)

egotism — આપવડાઈ; આત્મસ્તુતિ; પોતાનું જ ગાવું તે.

*elan vital (French) — જીવનસ્ફૂર્તિ; જીવનશક્તિ.

— (ફ્રેંચ) "એલઁા વીતાલ". અરબિંદો, ચચૈયા અને ટૈલહાર્ડ ડી શારડાં જેવા વિચારકોને "સર્જનાત્મક ઉત્ક્રાંતિ" નામક બર્ગસનની ફિલસુફીએ અસર પહોંચાડી છે એ બર્ગસનના તત્ત્વજ્ઞાનનો મધ્યવર્તી વિચાર.

*elder — વડીલ.

(See also *presbyter*)

— ગ્રીક "પ્રેસબુતેરોસ"નો અંગ્રેજી અનુવાદ. નવા કરારની મંડળીમાં વડીલ–પ્રેસ્બિટર (પ્રેસબુતેરોસ) અને બિશપ (એપિસ્કોપોસ) શબ્દો એક જ હોદ્દો દર્શાવવા એકબીજાના પર્યાય તરીકે વપરાયા છે. વર્તમાનકાળની પ્રેસ્બિટેરિયન અને અન્ય કેટલીક મંડળીઓમાં વડીલ તે મંડળીના સભ્યોમાંથી ચૂંટાયેલો અધિકારી છે. મંડળીના કારોતેમ જ સંસ્કારો પળાવવામાં અને લોકોની મુલાકાત લેવામાં તે ધર્મસેવક સાથે રહીને કામ કરે છે. ચૂંટાયા પછી તેને દીક્ષા કે અન્ય ક્રિયા દ્વારા અલગ કરવામાં આવે છે.

elect ( adj. ) ચૂંટાયેલું; પસંદ કરેલું.

*election પસંદગી; ચૂંટણી; વરણી ( સ્ત્રી. )

— (૧) મુક્ત પસંદગીનું ઈશ્વરનું પગલું, દા. ત. તેનો સંકલ્પ પૂર્ણ કરવાના સાધન તરીકે તેણે ઈસ્રાએલની પસંદગી કરી.

(૨) તેની કૃપાનાં પાત્રો થવા સારૂ ઈશ્વર કેટલાંકને ( અથવા તમામને ) પસંદ કરે છે એવું સમર્થન કરનાર ખ્રિસ્તી સિદ્ધાંત.

element તત્ત્વ ( ન. )

elements ( of Lord's Supper ) પ્રભુભોજનમાં વપરાતી વસ્તુઓ, એટલે રોટલી અને દ્રાક્ષારસ; પદાર્થો (પું ); તત્ત્વો; દ્રવ્યો (ન.)

elemental તાત્ત્વિક; પ્રાકૃતિક; ભૌતિક.

elusive છટકી જાય એવું; દુર્ગ્રાહ્ય.

emanate ઉદ્‌ભવવું; નીકળી આવવું.

*emanation ઉદ્‌ભવ (પું.) નિઃસરણ; પ્રસરણ ( ન. )

— લૅટિન "એમાનારે" = "–માંથી નીકળવું" કે "–માંથી નીકળી આવવું". શૂન્યમાંથી ઉત્પન્ન કરેલાં નહિ પણ દૈવી સત્વમાંથી "નીકળી આવતાં" અલૌકિક પરાક્રમો અને ચેતન શક્તિઓ માટે, ખાસ કરીને જ્ઞાનવાદમાં, આ શબ્દ વપરાતો હતો.

*ember days ઉપવાસના દિવસો.

— વર્ષમાં ચાર વખત આવતા અને ધર્મસેવકોની દીક્ષાક્રિયા સાથે સંકળાયેલા ઉપવાસના દિવસો.

embodiment દેહધારણ; મૂર્તસ્વરૂપ ( ન. ); જેનામાં અમુક ગુણ મૂર્તિમાન થયેલો જણાય એવી વ્યક્તિ.

emendation સુધારો ( પું. )

*emergent evolution જેને પરિણામે કંઈક અવનવું ઉદ્‌ભવતું રહે એવી ઉત્ક્રાંતિ.

( See also *creative evolution* )

emotion ભાવ ( પું. ); આવેગ; આવેશ ( પું. ); લાગણી ( સ્ત્રી. )

empathy — ભાવારોપણ (ન.); પોતાને થતી લાગણીનું, કલ્પનામાં અન્યને કરેલું આરોપણ.

emperor-worship — સમ્રાટપૂજા (સ્ત્રી.)

*empiricism — અનુભવવાદ (પું.)

— અનુમાન અને તર્કવિતર્ક પર નહિ પણ નિરીક્ષણ અખતરા અને જાતઅનુભવ પર આધારિત એવી ફિલસૂફી.

emphasis — ભાર (પું.)

encounter (with God) — મુલાકાત (સ્ત્રી.) મેળાપ (પું.); ભેટો (પું.) સામીપ્ય (ન.)

,, (with an opponent) — અથડામણ (સ્ત્રી.); સંઘર્ષ; સામનો (પું.)

encyclical — પરિપત્ર (પોપનો.)

end (aim) — ધ્યેય; લક્ષ્ય (ન.)

,, (conclusion) — સમાપ્તિ (સ્ત્રી.)

,, (purpose) — ઉદ્દેશ; હેતુ (પું.)

,, (terminus) — અંત; છેડો (પું.)

,, (last day) — અંત; છેલ્લો; અંતિમ દિવસ (પું.)

endure (last) — ટકવું; ટકી રહેવું.

,, (remain firm) — દૃઢ રહેવું; સ્થિર રહેવું.

,, (suffer) — સહેવું.

endurance — ધૈર્ય (ન.); સહનશક્તિ (સ્ત્રી.)

energy — બળ; અંતર્બળ (ન.); શક્તિ (સ્ત્રી.) સામર્થ્ય (ન.)

*enlightenment (general) — જ્ઞાન (ન.); પ્રકાશ; જ્ઞાનોદય (પું.); સ્પષ્ટીકરણ (ન.)

,, (through vision of God) — પ્રત્યક્ષ દર્શન (ન.); સાક્ષાત્કાર (પું.)

*Enlightenment, the (Aufklarung) — જ્ઞાનપ્રકાશ; બુદ્ધિપ્રકાશ (પું.)

— જર્મનીમાં ૧૮મી સદીમાં "આઉફ્કલેરુંગ" ("Aufkla"runa) નામે ઓળખાતી એક વિચારસરણી. રૈમારુસ અને લેસ્સીંગ તેના પ્રખ્યાત પ્રણેતા હતા. તેઓ ઈશ્વરને માનતા હતા ખરા, પણ એમ પણ માનતા હતા કે પોતાને મળેલા બુદ્ધિપ્રકાશથી માનવી શું શુભ છે તે પારખીને આચરી શકે છે. તેથી તેઓ ખ્રિસ્તીધર્મના અધિકારયુક્ત શિક્ષણનો વિરોધ કરતા હતા. પાપ બિનમહત્ત્વનું છે અને માનવીનું ભાવિ આશાસ્પદ છે એમ માનતા હતા.

enmity — વૈર (ન.); શત્રુતા; દુશ્મનાવટ (સ્ત્રી.); દ્વેષ (પું)
ens (Latin) — 'એન્સ' (લેટિન), સત્ (ન.)
enshrine — પ્રતિષ્ઠિત કરવું.
entanglement — જંજાળ; ઉપાધિ; ફસામણ (સ્ત્રી.)
enthronement — સિંહાસનારોહણ (ન.); રાજ્યાભિષેક (પું.)
entity (existena) — અસ્તિત્વ (ન.)
,, (thing that exists) — પદાર્થ (પું.); વસ્તુ (સ્ત્રી.)
environment — પરિસ્થિતિ (સ્ત્રી.); વાતાવરણ (ન.)
*epiclesis (Gk.) — એપેક્લેસિસ (ગ્રીક.) આવાહન; આમંત્રણ (ન.)

— પ્રભુભોજન સમયે કરવામાં આવતી પ્રાર્થના. પ્રભુભોજનનાં દ્રવ્યો રોટલી અને દ્રાક્ષારસ પર ઈશ્વરપિતા પવિત્ર આત્માને મોકલી આપે એવી પ્રાર્થના.

*epiphany
(manifestation) — પ્રભુપ્રકાશ (પું.)

— ગ્રીક "એપીફાનૈયા" = પ્રકટીકરણ. (अ) માગીઓ (જ્યોર્તિવિદો)-એ બાળઈસુની મુલાકાત લીધી હતી અને એ રીતે વિદેશીઓને પ્રભુપ્રકાશ પ્રાપ્ત થયો તે. (ब) આ પ્રસંગની ઉજવણી માટે તા. ૬ઠ્ઠી જાન્યુઆરીને રોજે જે પર્વ ઉજવાય છે તે.

epiphany (feast) — એપિફની (પર્વ).
episcopacy — ધર્માધ્યક્ષતંત્ર; ધર્માધ્યક્ષશાસન; બિશપશાસન (ન.)
episcopal — ધર્માધ્યક્ષને લગતું; બિશપવાળું.
episcopate — ધર્માધ્યક્ષનું પદ, બિશપપદ (ન.); ધર્માધ્યક્ષગણ (પું.)
epistemology — જ્ઞાનમિમાંસા (સ્ત્રી.)

eponym — જે વ્યક્તિનું નામ સાંકળીને સ્મરણીય કરેલું હોય એવી વ્યક્તિ. દા. ત. આલેકઝાંડરના નામ પરથી આલેકઝાંડ્રિયા. અહમદશાહના નામ પરથી અમદાવાદ.

eponymous — નામ સાંકળીને સ્મરણીય કરેલું હોય એવું. દા. ત. ગાંધીનગર, ગાંધીજીની યાદગીરી માટે.

equanimity — સ્થિતપ્રજ્ઞતા ( સ્ત્રી. )

era — યુગ; કાળ; જમાનો ( પું. )

erotic — કામી; વાસનામય; વિષયાસક્ત.

erroneous — ભ્રામક; ભ્રમપૂર્ણ; ભૂલ ભરેલું.

error — ભ્રમ ( પું. ); ભૂલ; અશુદ્ધિ ( સ્ત્રી. )

escapism — પલાયનવાદ ( પું. )

*eschatological — યુગાંત સંબંધી; કાળાંત સંબંધી; અંતદર્શક

— ગ્રીક " ઍસ્ખાટૉન " = અંત.
" અંત સમયનાં વાનાં " ( સ્વર્ગ, નર્ક, ન્યાય, પુનરાગમન વ. ) સંબંધીનું શિક્ષણ. વ્યક્તિઓ તેમ જ સમસ્ત માનવજાતના આખરી અંજામ સંબંધીનાં વાનાંને લગતું શિક્ષણ.

eschatology — યુગાંતવિદ્યા; કાળાંતવિદ્યા; અંત સમયને લગતી વિદ્યા ( સ્ત્રી. )

( See also *realised* )

esoteric — ગુપ્ત; નિગૂઢ.

esse ( Latin ) — ( લેટિન ) " સત્ " ( અક્ષરશઃ હોવું ) એટલે સત્ત્વ કે કોઈ પણ વસ્તુનો તાત્ત્વિક અંશ કે ગુણ.

esse ( bene esse ) — ( લેટિન ) બેને = સારું. કોઈ પણ વસ્તુનું પરમશ્રેય કે હિત જેમાં સમાયું હોય તે. એટલે, ઇચ્છનીય અને ઉપયોગી હોય પણ અત્યાવશ્યક ન હોય એવું.

essence ( being ) — સત્; સત્ય; તત્ત્વ ( ન. )

,, ( substance of a matter ) — સાર; સારાંશ ( પું. )

essential ( belonging to the being of a thing ) તાત્ત્વિક.

„ ( necessary ) આવશ્યક; જરૂરી.

estimate મૂલ્યાંકન ( ન. ); અંદાજ ( પું.); અનુમાન (ન.)

estrangement જુદાપણું; અતડાપણું ( ન. ); વિરોધ ( પું. )

eternal અનંત; અનાદ્યાનંત; સનાતન; શાશ્વત.

eternal life અનંતજીવન; શાશ્વતજીવન ( ન )

eternity અનંતતા; સનાતનતા; નિત્યતા ( સ્ત્રી. ); અનાદિકાળ; અનંતકાળ ( પું. )

ethical નૈતિક; નીતિમાન.

ethics નીતિશાસ્ત્ર; સદાચારશાસ્ત્ર ( ન. )

ethnology નૃવંશવિદ્યા; નૃકુલવિદ્યા; મનુષ્યકુલવિદ્યા (સ્ત્રી.)

etiology કાર્યકારણવિજ્ઞાન; રોગ–ઉત્પત્તિનિદાનશાસ્ત્ર (ન.)

*eucharist પ્રભુભોજન ( ન )

— ગ્રીક " યુખારીસ્ટીઆ " = સ્તુતિ, આભારદર્શન.
કેટલીક વાર પ્રભુભોજનને માટે આ સંજ્ઞા વપરાય છે. કારણ ( अ ) ખ્રિસ્તે છેલ્લા ભોજન પ્રસંગે સ્તુતિ કરી હતી ( ૧ કો. ૧૧ : ૨૪ ) અને ( ब ) આપણે પણ પ્રભુભોજન વખતે ખ્રિસ્તના મૃત્યુ માટે સ્તુતિ કરીએ છીએ એ બાબતો આ સંજ્ઞા દ્વારા સૂચવાય છે.

eucharistic પ્રભુભોજનને લગતું.

*evangel સુવાર્તા (સ્ત્રી.); શુભસંદેશ (પું.); સુસમાચાર (પું.)

*evangelical સુવાર્તામય; સુવાર્તા સંબંધીનું; સુવાર્તાનુકૂલ; સુવાર્તાનુસાર; " ઈવેન્જલિકલ ".

— ગ્રીક " યુઆંગેલીઓન " = સુવાર્તા, શુભસંદેશ.

(अ) અંગત હૃદયપરિવર્તન અને ખ્રિસ્તના બલિદાનરૂપી મૃત્યુમાં વિશ્વાસ મૂકવાથી તારણ મળે છે એ બાબત પર જે ખ્રિસ્તીઓ ઘણો ભાર મૂકે છે અને સંસ્કારો, ધર્મસેવા, ખ્રિસ્તી ઐક્ય અને સમાજકલ્યાણસેવાને ઓછું મહત્ત્વ આપે છે તેઓ.

(ब) જર્મનીમાં આ સંજ્ઞા પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓને ઓળખાવવા માટે વપરાય છે.

evangelism સુવાર્તાપ્રચાર (પું.)

evangelist (Gospel-writer) સુવાર્તાલેખક (પું.)

„ (preacher of the gospel) સુવાર્તિક; સુવાર્તાપ્રચારક (પું.)

evangelistic સુવાર્તાપ્રચારક; સુવાર્તિક; સુવાર્તાને લગતું.

everlasting અનંત; નિત્ય; સાર્વકાલિક.

evidence પ્રમાણ (ન.); પુરાવો (પું.); સાબિતી (સ્ત્રી); જુબાની (સ્ત્રી.)

*evidences (of religion) ધર્મપ્રમાણ (ન.)

— કુદરતના ક્રમ, વ્યવસ્થા ઇત્યાદિ દ્વારા ઈશ્વરના અસ્તિત્વનાં ફલિત થતાં પ્રમાણ.

evil (adj.) દુષ્ટ; ભૂંડું; અનિષ્ટ.

„ (n.) દુષ્ટતા (સ્ત્રી.); ભૂંડાઈ (સ્ત્રી.); અનિષ્ટ (ન.)

„ (n.) problem of અનિષ્ટનો (પાપ અને દુઃખનો) કોયડો (પું.);

evil spirit ભૂંડો આત્મા; ભૂતાત્મા; દુષ્ટાત્મા (પું.) (See also *demon*)

evolution ઉત્ક્રાંતિ (સ્ત્રી.) (See also *creative, emergent*)

evolutionary ઉત્ક્રાંતિવિષયક.

exalt ઉચ્ચપદ આપવું; બુલંદ માનવું; પ્રતિષ્ઠિત કરવું.

exaltation (objective) ગુણગાન; વખાણ (ન.); પ્રતિષ્ઠા (સ્ત્રી.)

„ (subjective) હર્ષ; ઉલ્લાસ (પું.)

*ex cathedra (Latin) (લૅટિન) હોદ્દાની કે અધિકારની રૂએ (દા. ત. પોપના); અધિકારયુક્ત.

— "સિંહાસન પરથી" (લૅટિન): બિશપ વગેરેનું સત્તાવાર નિવેદન.

excavation ખોદકામ (ન)

exception — અપવાદ (પું.)
excess — અધિકતા; પુષ્કળતા (સ્ત્રી.)
excessive — વધારે પડતું; અતિશય; અતિરેક.
*excommunication — બહિષ્કાર (પું.)

— મંડળીની શિસ્તનો એક પ્રકાર, જે દ્વારા પ્રભુભોજનમાં બેસવાનો હક્ક લઈ લેવામાં આવે છે.

exegesis — ભાષ્ય (ન.); ટીકાત્મક ખુલાસો (પું.); વ્યાખ્યા (સ્ત્રી.)
exegete — ભાષ્યકાર (પું.)
exegetical — ભાષ્યાત્મક; વ્યાખ્યાત્મક.
exemplary — અનુકરણીય; આદર્શ; નમૂનેદાર.
exercises, spiritual — ધર્મચર્યા (સ્ત્રી.)
,, (of Ignatius Loyola) — આધ્યાત્મિક સાધના (સ્ત્રી.)
exhort — બોધ કરવો; અનુરોધ કરવો.
exhortation — બોધ; અનુરોધ (પું.)
exile (banishment) — દેશનિકાલ (પું.)
,, (captivity, e.g. of Jews in Babylon) — નિર્વાસન (ન.)
,, (banished person) — નિર્વાસિત, બંદીવાસી.
existence — અસ્તિત્વ (ન.); હસ્તી; હયાતી (સ્ત્રી.)
existential — અસ્તિત્વાત્મક.
*existentialism — અસ્તિત્વવાદ (પું.)

— એક અર્વાચીન પાશ્ચાત્ય દર્શન (ફિલસૂફી) જે અંગત અસ્તિત્વ અને પ્રત્યેક વ્યક્તિના નિર્ણયની બાબતો પર ખાસ ભાર મૂકે છે, અને સામાન્ય સિદ્ધાંતોમાં રસ ધરાવનાર આદર્શવાદી ફિલસૂફીને ટીકાની દૃષ્ટિએ જુએ છે.

ex nihilo — જુઓ creation.
exodus — નિર્ગમન (ન.)
exorcise — દુષ્ટાત્મા, અશુદ્ધ આત્મા કાઢવો; ભૂત કાઢવું.

| | |
|---|---|
| exorcism | ભૂત વગેરે કાઢવાની પ્રક્રિયા ( સ્ત્રી. ) |
| exorcist | ભૂત વગેરે કાઢનાર. |
| expedient ( adj. ) | લાભકારક; સંજોગો પ્રમાણે કરવા યોગ્ય. |
| „ ( n. ) | હેતુસાધક કાર્ય ( ન. ); યુક્તિ ( સ્ત્રી. ) |
| experience | અનુભવ ( પું. ); અનુભૂતિ ( સ્ત્રી. ) |
| „ ( of God ) | પ્રત્યક્ષ અનુભવ; સાક્ષાત્કાર ( પું. ) |
| expiation | પ્રાયશ્ચિત્ત ( ન. ); પાપનિવારણ ( ન. ) |
| explicit | વ્યક્ત; સ્પષ્ટ; ખુલ્લું. |
| exponent | વિષય કે વાદ સમજાવનાર, અથવા તેની હિમાયત કરનાર. |
| expose ( disclose ) | ઉઘાડું કરવું; ખોલવું. |
| „ ( a child ) | મરી જાય માટે તજી દેવું; છોડી દેવું. |
| exposition | વિવરણ; સ્પષ્ટીકરણ ( ન. ); ખુલાસો ( પું. ) |
| expository | વિવરણવિષયક; ખુલાસારૂપ. |
| expository preaching | શાસ્ત્રના કોઈ ભાગનો ખુલાસો કરતો બોધ (પું.) |
| expound | અર્થ સ્પષ્ટ કરવો; વિવરણ કરવું. |
| express ( adj. ) | અભિવ્યક્ત; સુસ્પષ્ટ. |
| „ ( verb ) | વ્યક્ત કરવું. |
| expression ( act of expressing ) | વ્યક્ત કરવું તે. |
| „ ( form of speech ) | શબ્દપ્રયોગ; બોલીપ્રયોગ ( પું. ) |
| external | બાહ્ય; બહારનું. |
| extreme unction | અંતિમ અભ્યંગ ( પું. ); માણસને મરતી વેળાએ તેલ ચોળવાની ક્રિયા. |
| extremist | ઉદ્દામવાદી; અંતિમવાદી ( પું. ) |
| extrinsic | બાહ્ય; બહારનું; ગૌણ; અનાવશ્યક. |
| extrovert | બહિર્મુખી, બહિર્મુખ. |
| exultation | હર્ષોલ્લાસ; જયાનંદ ( પું. ) |

# F

fact — હકીકત; ખરી ઘટના ( સ્ત્રી. )
faction — તડ ( સ્ત્રી. ); પક્ષ ( પું. ); પક્ષાપક્ષી ( સ્ત્રી. )
faculty ( mental ) — મનોબળ ( ન. ); મનોવૃત્તિ ( સ્ત્રી. ); માનસિક શક્તિ ( સ્ત્રી. )
,, ( aptitude ) — સહજશક્તિ ( સ્ત્રી. ); ચાતુર્ય ( ન. )
,, ( authorization ) — પરવાનો ( પું. )
,, ( body of professors ) — અધ્યાપકગણ; પ્રાધ્યાપકવર્ગ ( પું. )
,, ( dept. of university ) — વિદ્યાશાખા ( સ્ત્રી. )
faith ( trust ) — વિશ્વાસ ( પું. ); શ્રદ્ધા ( સ્ત્રી. )
,, ( religious tenets ) — ધર્મ ( પું. )
*" Faith and Order " movement — " ધર્મસિદ્ધાંત અને ધર્માધિકાર " વિષયક હિલચાલ.

— આ વિશ્વ મંડળીની એક હિલચાલ છે. ધર્મસિદ્ધાંત, ધર્મસેવા અને સંસ્કારો સંબંધીના પ્રશ્નોની બાબતમાં જુદી જુદી મંડળીઓ વચ્ચે સમજણ પેદા કરવાનો અને સુમેળ સાધવાનો આ હિલચાલનો આશય છે.

*fall ( noun ) — પતન ( ન. )

— મના કરેલું ફળ ખાઈને આદમ અને હવાએ જે પાપ કર્યું હતું તેનું પરિણામ. માનવી આનંદ અને શાંતિ ભોગવે એવું ઈશ્વર ઇચ્છે છે, પણ માણસે ઈશ્વર સામે બળવો પોકારીને તે આનંદ અને શાંતિ ગુમાવી દીધાં છે અને પાપ તથા કલેશની દુર્દશામાં આવી પડ્યો છે.

fallacious — ભ્રામક; ભૂલભરેલું; ભ્રાંતિજનક.
fallacy — ભ્રમ ( પું. ); તર્કદોષ ( પું. ); મિથ્યાભાસ (પું.)
false — અસત્ય; મિથ્યા; જૂઠું.

| | |
|---|---|
| fanatic, fanatical | ધર્માંધ; ધર્મઝનૂની. |
| fanaticism | ધર્માંધતા ( સ્ત્રી. ); ઝનૂન ( ન. ) |
| fasting | ઉપવાસ ( પું. ) |
| fatalism | નસીબવાદ ( પું. ); નિયતિવાદ ( પું. ) |
| fate | નસીબ; ભાગ્ય ( ન. ); નિયતિ ( સ્ત્રી. ) |
| father ( Church ) | ( પ્રાચીન મંડળીના ) ધર્મપિતૃ ( પું. ). |
| ,, ( title of priest ) | ( ધર્મસેવકનો ઈલકાબ ) ફાધર ( પું. ) |
| fatherhood | પિતાપણું; પિતૃત્વ ( ન. ) |
| favour ( grace ) | કૃપા ( સ્ત્રી. ); અનુગ્રહ ( પું. ) |
| ,, ( beneficent act ) | ઉપકાર ( પું. ); મહેરબાની ( સ્ત્રી. ) |
| fear | બીક ( સ્ત્રી ); ભય ( પું. ); ભીતિ ( સ્ત્રી. ); ડર ( પું. ) |
| feeling ( emotion ) | લાગણી ( સ્ત્રી. ); મનોભાવ ( પું.) ભાવ (પું) |
| ,, ( sensation ) | લાગણી ( સ્ત્રી. ); સંવેદન ( ન.); ભાન ( ન. ) |
| ,, ( touch ) | સ્પર્શ ( પું. ); લાગણી ( સ્ત્રી. ) |
| fellowship ( communion ) | સંગત ( સ્ત્રી. ); સાહચર્ય ( ન. ) |
| ,, ( association ) | સંગ ( પું. ); મિત્રમંડળ ( ન. ) |
| fertility cult | ખેતપેદાશ અને પ્રજોત્પતિની વૃદ્ધિમાં માનનાર પંથ ( વામમાર્ગી જેવો ). |
| festival | પર્વ ( ન. ); ઉત્સવ ( પું. ); તહેવાર ( પું. ) |
| fetish | પૂજાતી નિર્જીવ વસ્તુ ( સ્ત્રી. ) |
| fetishism | જડપૂજા ( સ્ત્રી. ) |
| feudal | સામંતશાહી; જાગીરદારીને લગતું. |
| feudalism | સામંતશાહી ( સ્ત્રી. ); જાગીરદારી ( સ્ત્રી. ) |
| fiat | ( ઈશ્વરી ) આજ્ઞા ( સ્ત્રી. ); આદેશ ( પું. ) |
| fictitious | કપોળકલ્પિત; અવાસ્તવિક; જોડી કાઢેલું. |
| *fideism | કરણીહીન વિશ્વાસથી તારણ થઈ શકે છે, એવો મત. |

— ઈશ્વર વિશેનું જ્ઞાન તથા તારણ પામવા સારૂ માનવી બુદ્ધિશક્તિ પર આધાર નહિ રાખતાં જેઓ એકલી શ્રદ્ધાનો આશરો લે છે તેમને માટે ( મોટે ભાગે તેમને ઉતારી પાડવા ) વપરાતો પ્રયોગ.

fidelity — વિશ્વાસુપણું (ન.); વફાદારી (સ્ત્રી.)
filial — પુત્રને કે સંતાનને લગતું.
*Filioque (Lat. — (લેટિન) "તથા પુત્રમાંથી".

— નિકૈયાના વિશ્વાસનામાનું જે રૂપ પશ્ચિમની મંડળીઓ વાપરે છે તેમાં પવિત્રાત્મા "પિતા તથા પુત્રમાંથી" નીકળે છે એવા શબ્દો છે. પૂર્વની મંડળીઓ (જેને ઓર્થોડોક્સ કહેવામાં આવે છે) "તથા પુત્રમાંથી" એવા શબ્દપ્રયોગનો અસ્વીકાર કરે છે અને માને છે, કે પવિત્રાત્મા એકલા પિતામાંથી નીકળે છે.

finality — અંતિમપણું; આખરપણું (ન.)
finite — પરિમિત.
flesh (opposed to soul) — દેહ (પું.); માંસ (ન.); શરીર (ન.)
,, (human nature) — માનવ સ્વભાવ; મનુષ્ય સ્વભાવ (પું.)
*font — જળકુંડ (પું.); જળપાત્ર (ન.)

— બાપ્તિસ્મા ક્રિયાના પાણી માટે પથ્થર, લાકડા કે ધાતુનું બનાવેલું પ્રભુમંદિરમાં રાખવામાં આવતું સાધન.

forbearance — સહિષ્ણુતા (સ્ત્રી.); સહનશીલતા (સ્ત્રી.)
force (n.) — બળ (ન.); શક્તિ (સ્ત્રી); બળજબરી (સ્ત્રી.)
,, (vb.) — ફરજ પાડવી; દબાણ કરવું; બળજબરી કરવી.
fore-knowledge — પૂર્વજ્ઞાન (ન.)
forensic — અદાલતવિષયક; અદાલતી.
fore-ordained — પૂર્વનિર્ધારિત; અગાઉથી નિર્માણ કરેલું; પૂર્વનિયોજિત.
fore-ordination — પૂર્વપ્રધારણા (સ્ત્રી.); પૂર્વનિર્ધાર (પું.); પૂર્વયોજના (સ્ત્રી.); પૂર્વનિર્માણ (ન.)
forerunner — છડીદાર; અગ્રગામી; અગ્રદૂત (પું.)
foresight — દૂરંદેશીપણું (ન.); દીર્ઘદૃષ્ટિ (સ્ત્રી.)
forethought — પૂર્વવિચાર (પું.); અગમબુદ્ધિ (સ્ત્રી.)
forgiveness — માફી; ક્ષમા (સ્ત્રી.)
form — રૂપ (ન.); આકાર (પું.); આકૃતિ (સ્ત્રી.)

formal (orderly) વિધિસરનું; રીતસરનું.
,, (superficial) ઉપર ઉપરનું; ઔપચારિક.
formula (summary) સૂત્ર (ન.); વિશ્વાસસાર (પું.).
,, (prescribed wording) શબ્દો કે ચિહ્નોની નિશ્ચિત રચના (સ્ત્રી.); વિશ્વાસનામું (ન)
,, (recipe) નુસખો (પું.)
formulation સિદ્ધાંત ચોક્કસ સ્વરૂપમાં ઘડવો તે.
foundation (basis) પાયો (પું); આધાર (પું.); ભૂમિકા (સ્ત્રી.)
,, (act of founding) સ્થાપના (સ્ત્રી.); પાયો નાંખવો તે.
,, (society) સંસ્થા (સ્ત્રી.)
founder સ્થાપક; પ્રવર્તક; પ્રણેતા (પું.)
fraction (breaking of bread) રોટલીભંજન (ન.)
fraternal ભ્રાતૃત્વની કે બંધુત્વની ભાવનાવાળું.
fraternity (brotherliness) ભ્રાતૃભાવ; બંધુભાવ (પું.) બંધુત્વ (ન.)
,, (society) ભ્રાતૃમંડળ (ન.); ભ્રાતૃસંઘ (પું.)
free સ્વતંત્ર; આઝાદ; મોકળું; મુક્ત; મફત.
freedom સ્વતંત્રતા(સ્ત્રી.); સ્વાતંત્ર્ય (ન.); આઝાદી (સ્ત્રી.)
,, (of conscience) અંતરાત્માનું સ્વાતંત્ર્ય (ન.); પ્રેરકબુદ્ધિ પ્રમાણે વર્તવાની છૂટ.
,, (of the will) જુઓ freewill.
*freethinker ધર્મમુક્ત વિચારક (પું.); સાંપ્રદાયિક માન્યતાથી મુક્ત એવો વિચારક.
— સત્તાવાર ખ્રિસ્તી માન્યતાઓથી સદંતર સ્વતંત્ર મત ધરાવનાર.
freewill (adj.)
(voluntary) ઐચ્છિક; મરજિયાત.
,, (n.) (freedom of the will) મુક્તેચ્છા (સ્ત્રી.); સ્વતંત્ર ઇચ્છા (સ્ત્રી.)
*friar ભિક્ષુ (પું.); ભિક્ષુક સંઘનો મઠવાસી (રો. કે.)

— "બ્રધર" ( લૅટિન 'ફ્રાતર' = ભાઈ ઉપરથી ). યુરોપમાં મધ્યયુગમાં સ્થપાએલા ભિક્ષુક સાધુસંઘોમાંના કોઈએકનો સભ્ય.

fulfil — પૂર્ણ કરવું; સંપૂર્ણ કરવું; પરિપૂર્ણ કરવું; સિદ્ધ કરવું.

fulfilment — સંપૂર્ણતા ( સ્ત્રી. ); પરિપૂર્ણતા ( સ્ત્રી. ); સિદ્ધિ ( સ્ત્રી. ); સંપૂર્ણ કે પરિપૂર્ણ કરવું તે.

function — કર્તવ્ય ( ન. ); કાર્ય ( ન. ); ધર્મ ( પું. ); ફરજ ( સ્ત્રી. )

fundamental ( adj. ) — મૂળભૂત; પાયાનું; મૂળ; મૌલિક.

fundamentals ( n. pl.) — પાયારૂપ બાબતો ( સ્ત્રી. )

*fundamentalism — "ફન્ડામેન્ટલિઝમ".

— બાઇબલનું લખાણ અક્ષરશઃ ભૂલ વગરનું છે એવી માન્યતા માટે ( કેટલીક વાર ઉતારી પાડવાના અર્થમાં ) વપરાતી સંજ્ઞા.

funeral — દફનક્રિયા ( સ્ત્રી. )

# G

gehenna — ગેહેન્ના; જહન્નમ; નરક (ન.)

genealogy — વંશાવળી (સ્ત્રી.); વંશવૃક્ષ (ન.)

generation (act of generating) — પ્રજનન (ન.); પ્રજોત્પત્તિ (સ્ત્રી.); ઉત્પાદન (ન.)

,, (single step in descent) — પેઢી (સ્ત્રી.)

*generation (eternal) — સનાતન પ્રજનન (ન.)

— ઈશ્વર-પુત્ર પિતાથી જન્મેલો છે છતાં તે સમયની કોઈ ચોક્કસ પળે જન્મ્યો એમ નહિ પણ અનાદિકાળથી છે એવો મત.

gentile — વિદેશી; બિનયહૂદી.

genuflection — પૂજ્યભાવ દર્શાવવા ઘૂંટણ વાળવો; જાનુનમન (ન.)

genus — (વનસ્પતિ કે પ્રાણીની) જાતિ (સ્ત્રી.); વર્ગ (પું.)

geology — ભૂસ્તરવિદ્યા; ભૂગર્ભવિદ્યા (સ્ત્રી.)

ghetto — યહૂદીવાસ (પું.); મધ્યયુગનાં શહેરોમાં યહૂદીઓ જે મહોલ્લામાં રહેતા હતા તે.

gift (spiritual) — કૃપાદાન (ન.)

*gladiator — "તલવારબાજ" (લૅટિન); ધંધાદારી યોદ્ધો.

— પ્રેક્ષકોનાં ટોળાંને ગમ્મત આપવા રોમન અખાડામાં તલવારબાજી, ભાલાબાજી ઇત્યાદિથી યુદ્ધ ખેલનાર અને ઘણી વાર એવા યુદ્ધમાં ખપી જનાર.

Gloria in excelsis (Lat.) — (લૅટિન) "પરમ ઊંચામાં ઈશ્વરને મહિમા." મંડળીમાં ગવાતું એક પ્રાચીન ગીત. (લૂક ૨ : ૧૩).

Gloria Patri (Lat.) — (લૅટિન) "પિતાને મહિમા". પિતા, પુત્ર અને પવિત્રાત્માને મહિમા આપતું એક સ્તોત્ર.

glorify — મહિમાવાન કરવું; બુલંદ માનવું; સ્તોત્રગાન ગાવું.
glory — મહિમા ( પું. ); ગૌરવ ( ન. ); તેજ ( ન. ); વૈભવ ( પું. )
gloss — ટિપ્પણ ( ન. ); નોંધ ( સ્ત્રી. ); હસ્તલેખમાં પાછળથી ઉમેરેલો શબ્દ કે શબ્દો.
*glossolalia ( Gk. ) — ( ગ્રીક ) અન્ય ભાષાઓમાં બોલવું તે.

— "ભાષાઓ બોલવી"; પચાસમાને દિવસે બનેલું અને પાઉલે ૧ કોરીંથી ૧૪ માં વર્ણવ્યું છે તે પ્રમાણે.

gnosis ( Gk. ) — ( ગ્રીક ) 'જ્ઞોસીસ'; જ્ઞાન ( ન. )
*gnostic — જ્ઞાનવાદી.
*gnosticism — જ્ઞાનવાદ (પું.); ગ્રીક 'જ્ઞોસિસ' = જ્ઞાન ઉપરથી.

— ખ્રિસ્તી ધર્મથી સ્વતંત્ર શરુ થયેલી એક ધાર્મિક હિલચાલ. ઈ. સ. ની બીજી સદીમાં એણે ખ્રિસ્તી સ્વરૂપ ધારણ કરેલું. દ્રવ્ય કે પદાર્થ અનિષ્ટ છે અને એનાં બંધનોમાં ફસાતાં બચવાનો અને ઈશ્વરમાં મુક્તિ પામવાનો માણસને માટે એક માત્ર માર્ગ ( જ્ઞોસિસ ) જ્ઞાન દ્વારા જ છે, એ વિચારસરણી.

goal — ધ્યેય; લક્ષ્ય ( ન. )
God ( personal ) — ઈશ્વર ( પું. ); પરમેશ્વર ( પું. )
„ ( impersonal absolute ) — પરમાત્મા ( પું. ); બ્રહ્મ; પરબ્રહ્મ ( ન. )
god ( a deity among others ) — દેવ; દેવતા ( પું. )
Godhead — ઈશ્વરત્વ; ઈશ્વરપણું ( ન. ); ઈશ્વર ( પું. )
godless — અધર્મી; નિરીશ્વર; નાસ્તિક.
godliness — ધાર્મિકતા; ધર્મપરાયણતા ( સ્ત્રી. )
godly — ધાર્મિક; ધર્મપરાયણ; ભક્ત.
God–man — ઈશ–માનવ ( પું. )
good ( adj. ) — સારું; ભલું; ઉત્તમ; શુભ.
„ ( n. ) — સારું; ભલું; હિત; કલ્યાણ; શ્રેય ( ન. )

| | |
|---|---|
| good works | સારાં કામ; પુણ્યકર્મો; સત્કર્મો ( ન. ) રૂડી કરણીઓ; સુકરણીઓ ( સ્ત્રી. ) |
| goodness | ભલાઈ; ઉત્તમતા ( સ્ત્રી. ) |
| goodness ( of God ) | ભલાઈ ( સ્ત્રી. ); અનુગ્રહ ( પું. ); કૃપા (સ્ત્રી.) |
| goodwill | સદ્‌ભાવ (પું.); ભલી લાગણી; ભલમનસાઈ (સ્ત્રી.) |
| gospel | સુવાર્તા ( સ્ત્રી ); સુસમાચાર ( પું. ); શુભસંદેશ ( પું. ) |
| government ( of church ) | શાસનપદ્ધતિ ( સ્ત્રી. ); વહિવટીતંત્ર ( ન. ) |
| grace ( favour ) | મહેરબાની; મીઠી નજર ( સ્ત્રી. ) |
| ,, ( divine ) | કૃપા ( સ્ત્રી. ); અનુગ્રહ ( પું. ) |
| ,, ( beauty ) | સૌંદર્ય ( ન. ); કાંતિ ( સ્ત્રી. ); શોભા ( સ્ત્રી. ); લાવણ્ય ( ન. ) |
| gracious | કૃપાળુ; કૃપાવંત. |
| gradual ( n. ) | ' ગ્રેજ્યુઅલ '; રો. કે. મિસ્સામાં ગાવામાં આવતાં અમુક ભજનોનો સંગ્રહ. |
| graft ( vb. ) | કલમ કરવી. |
| Great Commission | જુઓ commission. |
| ground ( basis ) | આધાર ( પું. ); ભૂમિકા ( સ્ત્રી. ); પાયો (પું.) |
| ,, ( cause ) | કારણ ( ન. ) |
| guilt | દોષ; અપરાધ ( પું. ) |
| guilt-offering | દોષાર્થાર્પણ ( ન. ); દોષબલિ ( પું. ) |

# H

*hades ( Gk. ) હાદેસ (ગ્રીક); પાતાળ ( ન. )

— મરણ પામેલાંઓના આત્માઓનું સ્થાન કે સ્થિતિ. સપ્તતિમાં 'શેઓલ' (હિબ્રૂ) શબ્દનો ગ્રીક તરજુમો કરવા વપરાએલો શબ્દ.

*hagiographa ( Gk. ) (ગ્રીક) 'પવિત્ર લખાણો' (ન. બ. વ.)

— જૂ. ક.નાં પુસ્તકોનો ત્રીજો વિભાગ, એટલે 'નિયમશાસ્ત્ર' અને 'પ્રબોધકો' સિવાયનાં જૂના કરારનાં પુસ્તકોનો સમૂહ.

hagiography સંતોનાં જીવનચરિત્રો અને તેનો અભ્યાસ (પું.)

Hallelujah ( Heb.) (હિબ્રૂ) 'હાલેલૂયાહ'; અર્થાત્ 'યાહવે (ઈશ્વર)ની સ્તુતિ કરો.'

harmony સંપ; સુમેળ; સમન્વય ( પું. )

*harmony of the Gospels સમન્વય ( પું. ) ( સુવાર્તાઓનો )

— ચારે સુવાર્તાની વાર્તાઓને એક સળંગ વૃત્તાંત તરીકે રજૂ કરતું પુસ્તક.

hatred દ્વેષ ( પું. ); ઘૃણા ( સ્ત્રી. ); ધિક્કાર ( પું. ); તિરસ્કાર ( પું. )

heart હૃદય; મન; અંતઃકરણ; દિલ ( ન. ); હાર્દ (ન.)

heathen વિધર્મી, અન્યધર્મી ( ખાસ કરીને તિરસ્કારના અર્થમાં ).

heaven ( sky ) આકાશ ( ન. )

,, ( place or state of bliss ) સ્વર્ગ ( ન. )

heavenly સ્વર્ગીય; અલૌકિક.

*hedonism સુખવાદ; વિલાસવાદ ( પું. )

— સુખાનંદ ( મોજમઝા ) સર્વોત્તમ શ્રેય છે એવો મત શિખવનાર ફિલસૂફી.

*heilsgeschichte (Germ.) ( જર્મન ) "હાઈલ્સ-ગશિખ્ટ". ઉદ્ધારયોજના-વૃત્તાંત ( ન. )

— "ઉદ્ધારનો ઇતિહાસ" (જર્મન). ઈસ્રાએલના અને ખ્રિસ્તી મંડળીના ઇતિહાસમાં ઈશ્વરસંકલ્પ તથા તેના પૂરા થવા વિષેનું જે વૃત્તાંત મળે છે તે.

**hell** (place or state of punishment) નરક; પાતાળ (ન.)

,, (hades) અધઃસ્થાન (ન.)

***Hellenism** હેલ્લેનીવાદ; યુનાનીવાદ (પું.); ગ્રીક સંસ્કૃતિ.

— ("હેલેનીકોસ" = "ગ્રીક" ઉપરથી). મહાન સિકંદર (મૃ. ઈ. સ. પૂ. ૩૨૩) ના સમય પછી ગ્રીક સંસ્કૃતિ ઘણા દેશોમાં ફેલાઈ. દાખલા તરીકે પાલેસ્તાઈન દેશમાં તેની અસર ઘણી પ્રબળ હતી છતાં ધર્મચુસ્ત યહૂદીઓ તેનો, એટલે હેલ્લેનીવાદનો વિરોધ કરતા હતા.

**Hellenist** (a devotee of Greek culture) ગ્રીક ભાષા અને સંસ્કૃતિની ચાહક વ્યક્તિ (દા. ત. યહૂદી).

**Hellenistic** (relating to Greek culture) ગ્રીક સંસ્કૃતિ વિષયક.

***henotheism** ઈષ્ટદેવવાદ (પું.)

— (ગ્રીક 'હેનોસ' = એક). અનેક દેવોના અસ્તિત્વમાં માનનાર પણ સાથે સાથે એક ખાસ પસંદ કરેલો દેવ જ અજોડ છે, એવો મત ધરાવનાર ધર્મ.

**herald** છડીદાર; અગ્રદૂત; દૂત (પું.)

**hereditary** વારસાગત; વંશપરંપરાગત; પૈતૃક.

**heredity** વંશપરંપરા (સ્ત્રી.); અનુવંશ સંસ્કાર (પું.)

**heresy** પાખંડમત; દુર્મત; અનધિકૃત મત (પું.)

**heretic** પાખંડી; દુર્મતિયો; અનધિકૃત મત ધરાવનાર.

**heretical** પાખંડી; દુર્મતવાળું; અનધિકૃત મતવાળું.

***hermeneutics** બાઇબલ-વિવેચનવિદ્યા (સ્ત્રી.)

— ધર્મગ્રંથોનો ખરો ખુલાસો કરવાના નિયમો નક્કી કરનાર શાસ્ત્ર કે વિજ્ઞાન.

**hermit** એકાંતવાસી; વનવાસી; સંન્યાસી (પું.)

heterodox — માન્ય સિદ્ધાંતની વિરૂદ્ધનું; પરંપરા વિરૂદ્ધનું.
heterodoxy — માન્ય સિદ્ધાંત વિરૂદ્ધનો મત; પરંપરા વિરૂદ્ધનો મત.
*hexateuch — ષડ્ગ્રંથ ( પું. ); ઉત્પત્તિથી યહોશુઆ સુધીનાં ૭ પુસ્તક.
*hierarchy (group of church officials) — ધર્માધિકારીગણ; દરજ્જાવાર અધિકારીગણ (પું.)
,, (system of church government) — દરજ્જાવાર ધર્મસેવક અધિકારીઓની પદ્ધતિ.
hieroglyphics — ચિત્રલિપી ( સ્ત્રી. )
"High Church" — જુઓ Anglo-Catholic.
high priest — વડો પુરોહિત ( પું. ) પ્રમુખ યાજક ( પું. )
higher criticism — જુઓ criticism.
historic — ઐતિહાસિક.
historicity — ઐતિહાસિકતા ( સ્ત્રી. )
holiness — પવિત્રાઈ; પવિત્રતા ( સ્ત્રી. )
holy — પવિત્ર; પાવન; પુનિત.
holy of holies — પરમપવિત્ર સ્થાન ( ન. )
Holy Spirit (Ghost) — પવિત્ર આત્મા; પવિત્રાત્મા ( પું. )
*homiletics — ઉપદેશવિદ્યા; ઉપદેશ પદ્ધતિ; બોધભાષણકળા કે વિદ્યા ( સ્ત્રી. )

— બોધભાષણ તૈયાર કરવાની, રચવાની અને આપવાની કળા.

homily — ઉપદેશ; ધર્મોપદેશ (પું.); ધાર્મિક ભાષણ (ન.)
homogeneous — સમજાતીય; એકજાતીય; એક જ જાતનું.
*homoi-ousios (Gk.) — ( ગ્રીક ) ઈશ્વર-પુત્ર પિતાના જેવા તત્ત્વમાંનો છે એ મત.

— ( ગ્રીક 'હોમોઇઓસ' = જેવું; 'ઊસીઆ' = સત્ત્વ, તત્ત્વ ) "મળતું આવે એવા સત્ત્વ કે તત્ત્વનું". ખ્રિસ્ત અને પિતાના સંબંધમાં આરિયસ અને આરિયસવાદીઓ જેઓ માનતા હતા, કે ખ્રિસ્ત પિતાના સત્ત્વ **જેવા** સત્ત્વનો હતો, પણ **પિતાના જ** તત્ત્વનો નહિ, ( એટલે homo-ousios નહિ ) તેમણે વાપરેલો પ્રયોગ.

*homo-ousios ( Gk. ) ( ગ્રીક ) ઈશ્વર–પુત્ર પિતા સાથે એક જ તત્ત્વ-
માંનો છે એ મત.

— ( ગ્રીક : હોમોસ = એનો એજ ) " એક જ સત્ત્વનો ". ખ્રિસ્ત અને પિતાનો સંબંધ દર્શાવવા નિકૈયાના વિશ્વાસનામામાં વપરાએલો પ્રયોગ. આરિયસના મતને માન્ય રાખવામાં આવ્યો નથી. આરિયસ તો જુદા સત્ત્વના મતનો હિમાયતી હતો. (જુઓ homoi-ousios)

honest પ્રમાણિક; ઈમાનદાર; વિશ્વાસુ; સાચું; ખરૂં.

honesty પ્રમાણિકતા; ઈમાનદારી ( સ્ત્રી. ); વિશ્વાસુપણું ( ન. ) સચ્ચાઈ ( સ્ત્રી. )

honour માન; સન્માન ( ન. ); પ્રતિષ્ઠા ( સ્ત્રી. )

hope આશા; ઉમેદ ( સ્ત્રી. )

*horizontal relation માનવીનો તેના માનવી બંધુઓ સાથેનો સંબંધ. ( See also *vertical.* )

— જો આપણે વધસ્તંભની આકૃતિનું ઉદાહરણ લઈએ તો તેની ટોચ સીધી ઊંચે ( vertically ) ઈશ્વર તરફ ચીંધે છે અને તે ઈશ્વર સાથેનો સંબંધ સૂચવે છે. જ્યારે તેની આડી બાજુઓ સમાંતર દિશામાં ( horizontally ) માનવીનો માનવબંધુ સાથેનો સંબંધ સૂચવે છે.

hortatory બોધરૂપ; ઉપદેશાત્મક.

hospitable આતિથ્ય કરનાર; મહેમાનગીરી કરનાર.

hospitality આતિથ્ય (ન.); પરોણાગત; મહેમાનગીરી (સ્ત્રી.)

*host ( eucharistic ) પ્રભુભોજનમાં અર્પિત કરાયેલ રોટલી; પવિત્ર રોટલી ( સ્ત્રી. ); પરમપ્રસાદ (પું.) (રો.કે.)

— ( લેટિન હોસ્તીઆ = બલિ ) રો. કે. મંડળીમાં પ્રભુભોજન પ્રસંગે અર્પિત કરાયેલી રોટલીને ખ્રિસ્તનું અર્પાયેલું શરીર માનવામાં આવે છે અને તેને બલિ અથવા યજ્ઞબલિનું નામ અપાય છે.

human માનવી.

humane દયાળુ.

*humanism માનવવાદ ( પું. )

— માનવનું હિત જ સર્વોપરી છે એમ માનનાર વિચારપ્રણાલી.

humanitarian — માનવતાવાદી; માનવહિતવાંચ્છુ; માનવકલ્યાણનો ચાહક; પરગજુ; દયાળુ.

humanitarianism — માનવતાવાદ; માનવહિતવાદ ( પું. ); માનવ કલ્યાણવાદ ( પું. )

humanity ( the human race ) — માનવજાત ( સ્ત્રી. )

,, ( kindness ) — દયાભાવ ( પું. ); માનવતા ( સ્ત્રી. )

human nature — માનવપ્રકૃતિ ( સ્ત્રી. ); માનવી સ્વભાવ ( પું. )

humble — દીન; નમ્ર; લીન; વિનીત.

humiliation ( insult ) — અપમાન (ન.) અનાદર (પું.); અવહેલના (સ્ત્રી.)

,, ( low estate ) — નમ્રાવસ્થા ( સ્ત્રી. )

humility — નમ્રતા; દીનતા ( સ્ત્રી. ); નિરભિમાન (ન.)

hymn — ઈશસ્તુતિનું ગીત; ભજન; સ્તોત્ર; પ્રાર્થનાગીત ( ન. )

hymnal — ભજનસંગ્રહ ( પું. )

hypocrisy — ઢોંગ; દંભ ( પું. ); પાખંડ; કપટ ( ન. )

hypocrite — ઢોંગી; દંભી; પાખંડી; કપટી.

*hypostasis ( Gk. ) — ( ગ્રીક ) તત્વ; વ્યક્તિત્વ ( ન. )

— મૂળ અર્થ "પાયાનું સત્ત્વ"—માયાવી દશ્યની પાછળ રહેલું ખરું સત્ત્વ. પાછળથી "અંગત" અથવા વ્યક્તિગત "સત્ત્વ" દર્શાવવા આ પ્રયોગ વપરાતો થયો. ઈશ્વરની ત્રિએકતાના સંબંધમાં hypostasis નો લેટિન તરજુમો persona અર્થાત્ વ્યક્તિ કે વ્યક્તિ–સ્વરૂપ કરવામાં આવ્યો. "ઈશ્વરમાં એક જ સત્ત્વ પણ ત્રણ વ્યક્તિ–સ્વરૂપ છે" એવું સૂત્ર કૅાન્સ્ટાન્ટીનોપલની મહાસભાએ ( ૩૮૧માં ) સ્વીકાર્યું અને તે સાર્વત્રિક રીતે માન્ય રાખવામાં આવ્યું છે.

*hypostatic union

— ખ્રિસ્તના એક પાત્રમાં ઈશ્વરી અને માનવી સ્વભાવનું ઐકય ( ૪૫૧માં ખાલ્સેદોનની મહાસભાએ કરેલી વ્યાખ્યા પ્રમાણે ).

hypothesis — દલીલ પૂરતું સ્વીકારેલું અનુમાન ( ન. )

# I

| | |
|---|---|
| icon | મૂર્તિ; પ્રતિમા ( સ્ત્રી ); ધર્મચિત્ર ( ન. ) |
| iconoclasm | મૂર્તિખંડન ( ન. ); મૂર્તિભંજનવાદ ( પું. ) |
| iconoclast | મૂર્તિભંજક; પ્રચલિત ( ખોટી ) માન્યતાઓ કે વહેમ, આચાર, ઇત્યાદિનું ખંડન કરનાર ( પું. ) |
| iconoclastic | મૂર્તિભંજક. |
| iconolatry | પ્રતિમાપૂજા; સંતોનાં ચિત્રોની પૂજા( સ્ત્રી. ) |
| idea | વિચાર ( પું. ); ખ્યાલ ( પું. ) |
| ,, ( Platonic ) | આદિ રૂપ ( ન. ); ( મૂર્તસ્વરૂપનું ) |
| ideal ( adj. ) | આદર્શ; નમૂનેદાર. |
| ideal ( noun ) | આદર્શ ( પું. ); ધ્યેય ( ન. ); ભાવના ( સ્ત્રી. ) |
| idealism | આદર્શવાદ ( પું. ); ભાવનાવાદ ( પું. ) વિજ્ઞાનવાદ ( પું. ) |
| identical | એકરૂપ; અભિન્ન; તદ્રુપ; સમાન. |
| identification | |
| ( recognition ) | ઓળખ; ઓળખાણ ( સ્ત્રી. ) પિછાણ ( સ્ત્રી.); અભિજ્ઞાન ( ન. ) |
| ,, (becoming or making the same ) | એકાત્મીકરણ ( ન. ) |
| ,, ( recognizing as the same ) | અભિન્ન સમજવું; ઓળખી બતાવવું. |
| identify ( recognize ) | તે એ જ છે એમ સાબિત કરવું; ઓળખાવવું; ઓળખી કાઢવું. |
| ,, ( regard as one ) | સમાન ગણવું; એકસરખું ગણવું. |
| ,, ( to make oneself one with ) | ની સાથે એકરૂપ થવું; જોડાવું; પૂરેપૂરો ટેકો આપવો; તદ્રુપ બનવું. |
| identity | એકાત્મતા; અભિન્નતા ( સ્ત્રી.); તાદાત્મ્ય (ન.); વ્યક્તિતા ( સ્ત્રી. ) વ્યક્તિત્વ ( ન. ) |

| | |
|---|---|
| ideological | વિચારસરણી વિષયક; વાદવિષયક. |
| ideology ( system of belief ) | વિચારસરણી ( સ્ત્રી. ) |
| ,, ( science of ideas ) | વિચાર–વિજ્ઞાન; વિચારશાસ્ત્ર ( ન. ) |
| idol | મૂર્તિ; પ્રતિમા; પૂજ્ય વ્યક્તિ ( સ્ત્રી. ) |
| idolatry | મૂર્તિપૂજા; બુતપરસ્તી ( સ્ત્રી. ) |
| ignorance | અજ્ઞાન ( ન. ); અવિદ્યા ( સ્ત્રી. ) |
| illegitimate | ગેરકાયદેસર; વિધિ વિરૂદ્ધ; અનુચિત; અવૈધ. |
| ,, ( child ) | જારજ ( વિ. ); લગ્ન સિવાય જન્મેલું; અનૌરસ ( સંતાન ). |
| illicit | ગેરકાયદેસર; નિષિદ્ધ; અવૈધ; શાસ્ત્રે માન્ય નહિ કરેલું. |
| illogical | તર્કહીન; તર્કશૂન્ય; તર્કવિરૂદ્ધ ( વિ. ) |
| illumination | પ્રકાશ ( પું. ); જ્ઞાન ( ન. ); રોશની ( સ્ત્રી. ) દીપ્તિ ( સ્ત્રી. ) |
| illusion | ભ્રમ ( પું. ); ભ્રાંતિ ( સ્ત્રી. ); ઇંદ્રજાળ ( સ્ત્રી. ) મતિ ભ્રમ ( પું. ); માયા ( સ્ત્રી. ) |
| image ( form ) | રૂપ, સ્વરૂપ; પ્રતિરૂપ ( ન. ) |
| ,, ( reflection ) | બિંબ; પ્રતિબિંબ ( ન. ) |
| ,, ( statue ) | પ્રતિમા ( સ્ત્રી. ) |
| *image of God ( imago Dei ) | ઈશ્વરનું સ્વરૂપ ( ન. ) |

— "ઈશ્વરની પ્રતિમા" જે મુજબ માણસને ઉત્પન્ન કરવામાં આવેલું (ઉત્પત્તિ ૧ : ૨૬). પતન દ્વારા આ પ્રતિમાનો નાશ થયો છે (કેટલાકની માન્યતા પ્રમાણે એ પ્રતિમા ઝાંખી થઈ છે) અને કેવળ ખ્રિસ્તમાં તે પુનઃસ્થાપિત થઈ શકે છે.

| | |
|---|---|
| imagery | દર્શનસૃષ્ટિ; કલ્પનાસૃષ્ટિ ( સ્ત્રી. ); ઉપમાઓથી ભરપૂર સંજ્ઞાબદ્ધ ભાષા; આબેહૂબ ચિતાર આપનારા અલંકારોવાળી ભાષા. |

imagination — કલ્પના; કલ્પનાશક્તિ (સ્ત્રી.)
imitation — અનુકરણ (ન.); નકલ (સ્ત્રી.)
imitator — અનુકારી; અનુકારક; અનુકરણ કે નકલ કરનાર.
immaculate — નિષ્કલંક; નિર્મળ (વિ.)
immaculate conception — નિષ્કલંક ગર્ભધાન (ન.)

— માતાના ઉદરમાં ગર્ભે રહી ત્યારથી મરિયમને મૂળ પાપના ડાઘ-રહિત સાચવી રાખવામાં આવી છે એવી માન્યતા. રો. કે. મંડળીનો આ એક મુખ્ય સિદ્ધાંત છે.

*immanence — લૅટિન : in–manere=‘માંહે રહેવું.’ સર્વાનુશાયીત્વ; અંતર્યામીપણું (ન.) અંતર્યામિતા; અંતર્વ્યાપક્તા (સ્ત્રી.) સર્વાનુશાયીપણું (ન.)

— ઈશ્વર માણસોનાં હૃદયોમાં તેમ જ તેના વિશ્વની અંદર વાસ કરે છે, વસે છે અને વિશ્વમાં વ્યાપી રહેલો છે એવી માન્યતા.

immanent — અંતર્યામી; અંતર્વ્યાપક; સર્વાનુશાયી (વિ.)
immaterial (not composed of matter) — અભૌતિક; નિરાકાર; અશરીર.
,, (not important) — મહત્ત્વહીન; નજીવું; હલકું (વિ.)
immersion (in baptism) — ડૂબકીનું બાપ્તિસ્મા (ન.); નિમજ્જન (ન.)
(See also *triune*)
,, (in thought) — નિમગ્નતા; તલ્લીનતા (સ્ત્રી.) ઓતપ્રોતપણું (ન.) લીનતા (સ્ત્રી.)
imminent — આસન્ન; ઝઝૂમી રહેલું; તુરતમાં જ આવનારું, થનારું.
immolate — બલિદાન કરવું.
immolation — બલિદાન (ન.)
immolation, self– — આત્મવિલોપન (ન.); આત્મભોગ (પું.) આત્મબલિદાન (ન.); સ્વયંબલિદાન (ન.).
immoral — અનૈતિક (વિ.); નીતિ વિરૂદ્ધ; દુરાચારી.
immorality — અનીતિ (સ્ત્રી.); દુરાચરણ (ન.)
immortal — અમર; અવિનાશી; અક્ષય; અજરામર (વિ.)

| | |
|---|---|
| immortality | અમરપણું (ન.); અમરતા (સ્ત્રી ); અમરત્વ (ન.) |
| immunity | મુક્તિ ( સ્ત્રી.); મુક્તપણું ( ન. ); રોગના ચેપ ઇત્યાદિમાંથી મુક્તપણું; સુરક્ષિતપણું ( ન. ); (રોગ) ક્ષમતા ( સ્ત્રી. ) |
| immutability | નિર્વિકારીપણું; અવિકારીપણું ( ન. ) |
| immutable | અવિકારી; નિર્વિકાર; સ્થિર |
| impartial | નિષ્પક્ષપાતી; નિષ્પક્ષ; અદલ. |
| impassible | દુઃખાતીત; રાગાતીત; સુખ દુઃખ લાગે નહિ એવું; અચેતન. |
| imperative ( adj. ) | અનિવાર્ય; જરૂરી; અત્ય વશ્યક. |
| ,, ( n. ) | વિધિ ( પું. ); આદેશ ( પું. ); આવશ્યક્તા (સ્ત્રી.) |
| ,, categorical | નિરપેક્ષ આદેશ ( પું. ) ( See also *categorical* ) |
| impersonal | અવૈયક્તિક; નિર્ગુણ. |
| impiety | અધર્મ; વિધર્મ ( પું. ) |
| impious | અધર્મી; વિધર્મી; ભક્તિહીન; અમંગળ ( વિ. ) |
| implication | ઉપલક્ષણ ( ન. ); ગર્ભિત અર્થ ( પું. ) |
| implicit | ગર્ભિત; અધ્યાહાર; અંતર્ભૂત; ઉપલક્ષિત (વિ.) |
| importunity | આગ્રહ ( પું. ), કાલાવાલા ( પું. બ. વ. ) |
| imprecation | શાપ ( પું ); બદદુવા ( સ્ત્રી. ) |
| imprecatory | શાપ કે બદદુવા વિષયક; શાપયુક્ત; શાપકારક. |
| imprimatur ( Lat. ) | ( લેટિન ) છાપવા માટે પરવાનો ( પું ); મંજૂરી ( સ્ત્રી. ) મુદ્રણાદેશ ( પું. ) |
| *imputation | ( લેટિન ) આરોપણ. ( ન. ) |

— એક વ્યક્તિ ઉપર બીજી વ્યક્તિના ધર્મીપણા અથવા દોષનું આરોપણ કરવું; એકને કારણે તેને બદલે બીજાને નિર્દોષ અથવા દોષિત ગણવો. દા. ત. ખ્રિસ્તનું પુણ્ય પાપી માણસને લેખે ગણવામાં આવતું હોવાથી તે ખ્રિસ્તના ધર્મીપણાનો ભાગીદાર બને છે. આ પ્રમાણે થવાથી તે વિશ્વાસ દ્વારા ન્યાયી ગણાય છે. ( લૂથર )

| | |
|---|---|
| impute | આરોપણ કરવું; લેખે ગણવું. |
| inanimate | નિર્જીવ; અચેતન; જડ |

inaugurate — ઉદ્‌ઘાટન કરવું; વિધિ અનુસાર આરંભ કરવો.
inauguration — ઉદ્‌ઘાટન (ન.)
incarnate (adj.) — દેહધારી; અવતારી.
incarnation (becoming incarnate) — દેહધારણ (ન.); અવતરણ (ન); અવતરવું તે.
,, (incarnate being) — અવતાર (પું.); અવતરણ (ન.); દેહધારી
,, (full) — પૂર્ણાવતાર (પું.)
,, (partial) — અંશાવતાર (પું.)
inclination — વૃત્તિ (સ્ત્રી.); વલણ (ન.); ભાવ (પું.)
incoherence — વિસંગતિ; અસંગતિ (સ્ત્રી.)
incoherent — અસંગત; વિસંગત (વિ.)
incompatible — અસંગત; અયુક્ત; વિપરીત.
incredible — અવિશ્વસનીય; માની શકાય નહિ એવું; બેઈતબારી.
incumbent (adj.) — આવશ્યક; ફરજિયાત.
,, (n.) (an official) — સ્થાનિક મંડળીને સાચવનાર ધર્મસેવક.
indecent — અશ્લીલ; નિર્લજ્જ.
indifference — લાપરવાહી; બેપરવાઈ; ઉદાસીનતા. (સ્ત્રી.)
indifferent (unconcerned) — લાપરવા; બેપરવા.
,, (neutral) — તટસ્થ; નિષ્પક્ષપાતી; અપક્ષ.
,, (detached) — ઉદાસીન.
,, (ordinary) — સાધારણ; સામાન્ય.
indigenization — સ્વદેશીકરણ (ન.)
indigenous — સ્વદેશી.
individual (adj.) — વ્યક્તિગત; વૈયક્તિક.
,, (n.) — વ્યક્તિ (સ્ત્રી.); આસામી (પું.); વ્યષ્ટિ; (સ્ત્રી.)
*individualism — વ્યક્તિત્વ, વ્યક્તિ (સ્વાતંત્ર્ય) વાદ (પું.)
— સમષ્ટિના હકો કરતાં વ્યષ્ટિના હકો વધારે મહત્ત્વના છે એવી વિચારસરણી.
individuality — વ્યક્તિત્વ (ન.)

| | |
|---|---|
| indoctrinate | શિક્ષણ આપવું. |
| ,, ( bad sense ) | દુર્મતમાં ફસાવવું; મત ઠોકી બેસાડવો. |
| induction ( logic ) | કાર્ય–કારણ ન્યાય ( પું. ); અનુમાન ( ન. ) |
| ,, ( to an office ) | પદપ્રતિષ્ઠા ( સ્ત્રી. ) |
| indulgence ( intemperance ) | વ્યસન ( ન. ); અસંયમ; અમિતાહાર ( પું. ) |
| *indulgence ( declaration of ) | ધર્મસ્વતંત્રતાનો ખરડો. |

— ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ બીજાના તથા જેમ્સ બીજાના સમયમાં પસાર કરવામાં આવેલો ધર્મસ્વતંત્રતાનો ખરડો.

| | |
|---|---|
| ,, ( papal ) | દંડ મોચન ( ન ); દંડ મોચન પત્ર; માફીપત્ર ( પું. ) |
| indwelling ( adj. ) | અંતઃસ્થ; માંહે વસનાર; અંતરવાસી. |
| indwelling ( n. ) | અંતર્વાસ; ( પું. ) |
| ineffable | અકથનીય ( વિ. ); અવાચ્ય; અકથ્ય; અવર્ણનીય. |
| inerrancy | અચૂકતા ( સ્ત્રી. ) |
| inerrant | અચૂક. |
| inexorable | નિર્દય; નિષ્ઠુર; કઠોર. |
| infallible | અચૂક ( વિ. ); નિભ્રાંત; અસ્ખલનશીલ. |
| infallibility | અચૂકતા ( સ્ત્રી. ); અચૂકપણું ( ન. ) |
| infer | અનુમાન કરવું. |
| inference | અનુમાન ( ન. ) |
| inferno | પાતાળ; નરક ( ન. ); ભયાનક તાપ કે યાતનાનું સ્થાન. |
| infidel | અવિશ્વાસી; અધર્મી; પરધર્મી; વિધર્મી. |
| infinite | અનંત; અસીમ; અપરિમિત; અપાર; પરાત્પર. |
| infinity | અનંતતા; અસીમતા ( સ્ત્રી. ); આનન્ત્ય ( ન. ) |
| inherent | અંતર્ભૂત; સ્વાભાવિક; સહજ. |
| inheritance | વારસો; ઉત્તરાધિકાર ( પું. ) |
| inhibition | અવરોધ; અટકાવ; નિરોધ; આત્મસંકોચ (પું.) |
| iniquity | દુષ્ટાઈ ( સ્ત્રી. ); અન્યાય ( પું. ) |

initiation
( commencement ) શરૂઆત ( સ્ત્રી. ); આરંભ ( પું. )
,, ( investiture ) અધિકારપ્રદાન ( ન. ); અધિકાર પ્રાપ્તિ ( સ્ત્રી.)
innate સહજ; સ્વાભાવિક; કુદરતી; પ્રાકૃતિક.
innocent નિર્દોષ; ભોળું ( વિ. )
innovation નવી પ્રથા ( સ્ત્રી. ); નવી વિચારસરણી દાખલ કરવી; નવી પદ્ધતિ અપનાવવી.
inordinate અસંયમી ( વિ. ); અમર્યાદ.
inquisition ધર્મપરીક્ષા; ધર્મકસોટી ( સ્ત્રી. )
*inquisition ધર્મકસોટીની સમિતિ; ધર્મપરીક્ષાની સમિતિ.

— દુર્મતવાદીઓને, એટલે રો. કે. મંડળીની અધિકારયુક્ત માન્યતાઓ કરતાં જુદી માન્યતાઓ ધરાવતા લોકોને શોધી કાઢવા, તેમના મુકદમા ચલાવવા, અને તેમને સજા કરવા પોપ તરફથી ૧૨૩૨માં સ્થાપવામાં આવેલું સત્તાતંત્ર. એવા તહોમતદારોની તેમની માન્યતાઓને વળગી રહેવાની શક્તિ તોડવા સારૂ ૧૨૫૨માં પોપે રીબામણનો ઉપયોગ કરવાની મંજૂરી આપેલી, અને ગંભીર પ્રકારના ગણાતા દુર્મતવાળાને જીવતા બાળી મૂકવામાં આવતા. ધર્મપરીક્ષક સભાઓમાં સ્પેનની સભા સૌથી જાણીતી બની હતી ( ૧૮૨૦માં તેને છેવટે દાબી દેવામાં આવેલી ). ભારતના પોર્ટુગીઝ પ્રદેશોમાં આવી ધર્મપરીક્ષક સભાએ કામ કર્યું હતું.

inquisitor ધર્મપરીક્ષક ( પું. )
insane ગાંડું; ઉન્મત્ત ( વિ. )
insanity ગાંડપણ ( ન. ); ઘેલછા ( સ્ત્રી. ); ઉન્માદ ( પું. )
inscription લેખ; શિલાલેખ ( પું. )
insight ઊંડું જ્ઞાન ( ન. ); ઊંડી સમજ ( સ્ત્રી. ); સૂક્ષ્મદૃષ્ટિ ( સ્ત્રી. )
*inspiration પ્રેરણા; ઈશ્વરપ્રેરણા ( સ્ત્રી. )

— લૅટિન ક્રિયાપદ inspiro = માં શ્વાસ ફૂંકવો કોઈ ખાસ કામ કરવા માટે ઈશ્વર ( ખાસ કરીને ઈશ્વર પવિત્રાત્મા ) કોઈ વ્યક્તિને કે સમૂહને અસાધારણ શક્તિ પમાડે છે તે ઈશ્વરપ્રેરણા કહેવાય છે. દા. ત બાબિલનાં પુસ્તકો લખવા માટે જુદા જુદા લેખકો ઈશ્વરપ્રેરણા પામ્યા હતા, અને તેમનાં લખાણો ઈશ્વરપ્રેરિત ગણાય છે.

| | |
|---|---|
| inspired | ઈશ્વરપ્રેરિત. |
| install | સ્થાપન કરવું; અધિકાર આપવો; પ્રતિષ્ઠાપિત કરવું. |
| installation | સ્થાપના; પ્રતિષ્ઠા (સ્ત્રી.) |
| instinct (n.) | સહજવૃત્તિ; જન્મજાતવૃત્તિ; અન્તઃપ્રેરણા; કુદરતી આવડત (સ્ત્રી.) |
| institute (n.) | સંસ્થા; પરિષદ (સ્ત્રી.) |
| institute (vb.) | સ્થાપન કરવું; મંડાણ કરવું; શરૂ કરવું. |
| Institutes (Calvin) | ધર્મસિદ્ધાંત (પું.); ધર્મસૂત્રો (ન.) |
| institution (act of founding) | સ્થાપના (સ્ત્રી.) |
| ,, (a society) | સંસ્થા (સ્ત્રી.) |
| intangible | સ્પર્શાતીત; સૂક્ષ્મ. |
| integral (necessary to the whole) | આવશ્યક; પૂરક (વિ.) |
| ,, (whole) | પૂર્ણ (વિ.) |
| integration | ઐક્યકરણ; વિલીનીકરણ (ન.) |
| integrity (wholeness) | પૂર્ણતા (સ્ત્રી.) |
| ,, (honesty) | સચ્ચાઈ; ઈમાનદારી (સ્ત્રી.); વિશ્વાસુપણું પ્રમાણિકપણું (ન.) |
| intellect | બુદ્ધિ; વિચારશક્તિ; જ્ઞાનશક્તિ (સ્ત્રી.) |
| intellectual | બૌદ્ધિક; બુદ્ધિગમ્ય. |
| intelligeuce | બુદ્ધિ; વિચારશક્તિ; સમજશક્તિ (સ્ત્રી.) જ્ઞાન (ન) |
| intelligible | બુદ્ધિગ્રાહ્ય; સ્પષ્ટ, સમજાય એવું. |
| intensity | તીવ્રતા; પ્રબળતા (સ્ત્રી.) |
| intention | આશય; હેતુ; વિચાર; ઇરાદો (પું.) |
| interaction | અન્યોન્ય ક્રિયા; પરસ્પર ક્રિયા; અરસપરસ થતી ક્રિયા કે અસર (સ્ત્રી.) |
| intercession | મધ્યસ્થી; પરાર્થપ્રાર્થના (સ્ત્રી.); પરહિત નિવેદન (ન) |

| | |
|---|---|
| interlude | નાટકના અંકો વચ્ચેનો વિરામનો ગાળો (પું.); તે વખતે ચાલતું સંગીત (ન.) |
| intermediary | મધ્યસ્થ; આડતિયો; દલાલ; બે પક્ષો વચ્ચે દરમિયાનગીરી કરનાર (પું.) |
| interpolation | પ્રક્ષેપ (પું.); પાછળથી ઉમેરેલું (ન.); હસ્તલેખમાં બિનઅધિકૃત રીતે દાખલ કરેલા શબ્દો. |
| interpretation (exposition) | ભાષ્ય (ન.); વિવરણ; વિવેચન (ન.); ખુલાસો; અર્થ (પું.) |
| ,, (translation) | અનુવાદ (પું.); ભાષાંતર (ન.) |
| interpreter | અનુવાદક; ભાષાંતરકાર. |
| inter–testamental | જૂના અને નવા કરાર વચ્ચેના સમયને લગતું. |
| intinction | રોટલી દ્રાક્ષરસમાં ડબોળીને પ્રભુભોજન આપવાની રીત. |
| intolerance | અસહિષ્ણુતા (સ્ત્રી.); અનુદારપણું (ન.); સહન ન કરવું તે. |
| intolerant | અસહિષ્ણુ; અનુદાર. |
| introduction (to a book) | પ્રસ્તાવના (સ્ત્રી.); ઉપોદ્ઘાત (પું.) |
| introit | આરંભમાં ગાયકગણ ગાય છે તે ગીત. |
| introspection | અંતરાવલોકન; આંતરદર્શન; આત્મનિરીક્ષણ (ન.) |
| introvert | અંતર્મુખી (વિ.) |
| intuition | સહજજ્ઞાન; અંતર્જ્ઞાન (ન.); હૈયાસૂઝ (સ્ત્રી.) |
| invalid (not valid) | અપ્રમાણિત; અમાન્ય. |
| investiture | પદપ્રદાન (ન.); પ્રતિષ્ઠાપના (સ્ત્રી.) |
| inviolable | અલંઘ્ય. |
| invitation (See Altar Call) | નહોતરું (ન.) |
| invocation | નામોચ્ચારણ; સંબોધન; આવાહન (ન.) |

| | |
|---|---|
| irrational | તર્કહીન; અસંગત; બુદ્ધિહીન. |
| irregular | અનિયમિત; નિયમ વિરુદ્ધ; અવ્યવસ્થિત. |
| irrelevant | અસંગત; અસ્થાને; અવિધિસર; વિસંગ; વાહિયાત. |
| irresistible | અરોધ્ય; અપ્રતિકારીય; જેનો સામનો કરવો અશક્ય છે તે. |
| irreverence | આદર કે પૂજ્યભાવનો અભાવ, એટલે જે પૂજાને યોગ્ય છે તેનું અપમાન કે તેની અવગણના કરવી. |
| itinerant preacher | સ્થાયી નહિ પણ જુદે જુદે સ્થળે ફરીને સુવાર્તા પ્રગટ કરનાર ઉપદેશક. |

# J

judge ( noun ) — ન્યાયાધીશ; નિર્ણાયક ( પું. )

judgement ( faculty of discrimination ) — વિવેકશક્તિ; વિવેકબુદ્ધિ ( સ્ત્રી. ) ગુણદોષ-દર્શન-શક્તિ.

judgement ( act of discriminating ) — વિવેક.

judgement ( decision ) — નિર્ણય; ફેંસલો; ચુકાદો; નિકાલ ( પું. )

just ( equitable ) — ન્યાયી, ન્યાયશીલ; વાજબી, યથાયોગ્ય.

just ( upright ) — ધાર્મિક; ધર્મી; ધર્મીષ્ઠ; ધર્મપરાયણ; નીતિમાન; સદાચારી. ( વિ. )

justice — ન્યાય; ઇન્સાફ ( પું. ); ન્યાયશીલતા ( સ્ત્રી. )

justice ( judge ) — ન્યાયાધીશ; કાજી ( પું. )

justification ( forensic ) — દોષમુક્તિ ( સ્ત્રી. ); સમર્થન ( ન. )

justification (religious) — ન્યાયી-ધર્મી-ધાર્મિક ગણવું-ગણાવું; ન્યાયીકરણ (ન.); દોષમુક્તિ ( સ્ત્રી. )

justification ( general ) — પ્રમાણ આપવું; સમર્થન કરવું; વાજબી ઠરાવવું; પ્રતિપાદન કરવું.

justify ( forensic ) — નિર્દોષ ગણવું; દોષમુક્ત કરવું.

justify ( religious ) — ધર્મી-ધાર્મિક ગણવું-બનાવવું; નિર્દોષ ગણવું.

# K

kenosis ( Gk. ) ખાલી થવું; ( પોતાને ) ખાલી કરવું; આત્મરિક્તી ( સ્રી. )

*kenotic theory

— માનવના સુખદુઃખમાં ભાગીદાર થવા માટે ઈશ્વરપુત્રે તમામ ઐશ્વરી હકો તજીને પોતાને ખાલી કર્યો તે સિદ્ધાંત. ( ફિલ.૨ : ૭ )

kerygma ( Gk.) સુવાર્તાની જાહેરાત; સુવાર્તાની ઘોષણા; શુભ સંદેશની ઘોષણા ( સ્રી. ); સુવાર્તાપ્રચાર; ( સુવાર્તાનો ) સંદેશો ( પું. ).

*Keys, power of the સ્વર્ગના દ્વારની કૂંચીનો ઇજારો ( પું. )

— ( માથ્થી ૧૬ : ૧૯ પ્રમાણે ) પીતર અને તેના ગાદીવારસો ( પોપ ) ને પાપ માફ કરવાની અને સ્વર્ગમાં પ્રવેશ આપવાની તેમ જ સ્વર્ગમાંથી બાકાત રાખવાની સત્તા છે એવો રો. કે. સિદ્ધાંત.

kiss of peace જુઓ peace.

knowledge ( gen. ) જ્ઞાન ( ન. ); વિદ્યા ( સ્રી. )

knowledge ( source of ) પ્રમાણ ( ન. )

knowledge ( theory of ) પ્રમાણવાદ ( પું. ); જ્ઞાનપ્રમાણશાસ્ત્ર ( ન. )

koinonia સંગત ( સ્રી ); સત્સંગ ( પું. )

# L

laity સામાન્ય ખ્રિસ્તીજન; મંડળીના અદીક્ષિત સભ્યો.
lapse ( n. ) વિશ્વાસત્યાગ ( પું. )
lapsed ( person ) વિશ્વાસપતિત; ધર્મત્યાગી.
*last things અંતિમ વાનાં, અંતદર્શક કે અંતસૂચક વાનાં; અંત સમયના બનાવો. ( See also *eschatology* )
*Latitudinarians ( લૅટિન latitudo=પહોળાઈ )
— ૧૭ મી સદીમાં થઈ ગએલ એંગ્લીકન મંડળીના કેટલાક ઈશ્વર-વિદ્યાવેત્તાઓને મશ્કરીમાં આપેલું નામ. તેઓ મંડળીના સ્વીકૃત સિદ્ધાંતો અને નીતિનિયમો પ્રતિ દુર્લક્ષ સેવી, વાણી સ્વાતંત્ર્ય વાંચ્છતા હતા.
law ( gen. ) વિધિ; નિયમ; કાનૂન ( પું. ) વ્યવસ્થા ( સ્ત્રી ); વિધાન ( ન. )
law ( subject of study ) કાયદાશાસ્ત્ર. ( ન. )
law ( natural ) પ્રાકૃતિક કે કુદરતી નિયમ ( પું. )
law ( natural law in man ) સ્વાભાવિક ધર્મ ( પું. ); વિવેકબુદ્ધિ ( સ્ત્રી. )
laws of nature કુદરતના નિયમો
lawful કાયદેસર; વિધિ અનુસાર.
lawfully વિધિસર; કાયદેસર
lawless વિધિહીન; નિરંકુશ; સ્વેચ્છાચારી.
lawlessness અરાજકતા; અવ્યવસ્થા; અંધાધૂંધી; નિરંકુશતા ( સ્ત્રી. )
lay ( adj. ) અદીક્ષિત; બિનદીક્ષિત.
laying on of hands હાથ મૂકવાનો ધર્મવિધિ ( પું. )
layman મંડળીનો અદીક્ષિત સભ્ય.
league સંઘ ( પું. )
lectern પુસ્તકપીઠિકા ( સ્ત્રી. ); બાઇબલ મૂકવાનું સ્ટેન્ડ ( ન. )

lectionary શાસ્ત્રભાગ પાઠાવલિ; શાસ્ત્રવાંચનાવલિ (સ્ત્રી.)
legalism નિયમશાસ્ત્રપરાયણતા (સ્ત્રી.); કાયદા પ્રમાણે વર્તવું અને દરેક પ્રશ્નનો ઉકેલ કાયદા પ્રમાણે જ કરવાનો આગ્રહ.
legate અધિકૃત એલચી; દા. ત. પોપનો પ્રતિનિધિ (પું.)
legend (ancient tale) પુરાણકથા; દંતકથા; લોકકથા; પરાપૂર્વથી ઊતરી આવેલી વાત (સ્ત્રી.)
legend (inscription) લેખ (પું.)
legendary પૌરાણિક.
*Lent ઉપવાસકાળ (પું.); તપઋતુ (સ્ત્રી.)

— ઈસ્ટર અગાઉનો ચાલીસ દિવસનો સમય. ખ્રિસ્તે રાનમાં કરેલા ઉપવાસની યાદ કરતાં આત્મપરીક્ષા કરવા સારુ ઉપવાસ કરવાની પરંપરા મંડળીમાં ચાલતી આવી છે.

*Levirate (marriage) નિયોગ (પું.)

— (લૅટિન : લેવિર = પતિનો ભાઈ) કોઈ પુરુષ નિઃસંતાન મરી જાય તો તેનો વંશવેલો રાખવા સારુ તેનો ભાઈ મરનારની વિધવા સાથે લગ્ન કરે એવી મુસાના નિયમશાસ્ત્રની જોગવાઈ.

lexicon શબ્દકોષ (પું.)
liberal (open-minded) ઉદારમતવાદી; ઉદ્દામ.
,, (generous) ઉદાર; દાનશીલ.
*liberalism ઉદ્દામવાદ; ઉદારમતવાદ (પું.)

— (લૅટિન : લિબેર = મુક્ત) રાજકીય અને ધાર્મિક સુધારાના નવા વિચારો અને સૂચનો પ્રત્યે દ્વાર ખુલ્લાં રાખવાં એવો એનો અર્થ શરુઆતમાં થતો. હવે એ ઘણીવાર સહેજ જુદા અર્થમાં વપરાય છે, એટલે પ્રણાલિગત સિદ્ધાંતોની ટીકા કરનાર, તેમને જૂનવાણી ગણનાર, અને સ્વપ્રયત્ને પોતાનું ભાવિ સુધારી શકે એવી તમામ શક્તિ મનુષ્યના પોતામાં રહેલી છે એવી ઉદારમતવાદી વિચારસરણી બની ગઈ છે.

liberality ઉદારતા; સખાવત; દાનશીલતા (સ્ત્રી.)
liberation છુટકારો (પું.); વિમોચન (ન.); મુક્તિ (સ્ત્રી.)
liberty સ્વતંત્રતા; મુક્તિ; મોકળાશ (સ્ત્રી.) છુટકારો (પું.)

| | |
|---|---|
| libido | કામાસક્તિ; કામવાસના; વિષયાસક્તિ; વિષયવાસના ( સ્ત્રી. ) |
| licence ( permission ) | પરવાનગી; અનુમતિ; સ્વતંત્રતા ( સ્ત્રી. ) |
| ,, (abuse of freedom) | સ્વચ્છંદ; સ્વેચ્છાચાર ( પું. ) |
| licentious | સ્વચ્છંદી; સ્વેચ્છાચારી; નિરંકુશ; કામી; કામુક. |
| life | જીવન ( ન. ) |
| light ( inner ) | અંતર્જ્ઞાન; આત્મજ્ઞાન ( ન ); આંતરપ્રકાશ (પું.) |
| likeness | સમાનતા ( સ્ત્રી. ); સામ્ય; પ્રતિરૂપ ( ન. ) |
| *litany | પ્રત્યુત્તરિત પ્રાર્થના ( સ્ત્રી. ) |

— ( ગ્રીક ) એક પ્રકારની પ્રાર્થના જેમાં પાળક એક પછી એક વિનંતિ કરે છે અને પ્રત્યેક વિનંતી પછી સભાજનો “ હે પ્રભુ, અમારું સાંભળ ” જેવો પ્રત્યુત્તર વાળે છે.

| | |
|---|---|
| literal | અક્ષરશઃ; શાબ્દિક. |
| literalism | અક્ષરશઃ અર્થઘટનવૃત્તિ ( સ્ત્રી. ) |
| literalist | અક્ષરશઃ અર્થઘટન કરનાર. |
| *liturgical | પદ્ધતિઆરાધનાવિધિવિષયક. |

— ઠરાવેલી સાંપ્રદાયિક ભજનપદ્ધતિને લગતું.

| | |
|---|---|
| liturgiology | આરાધનાવિધિવિજ્ઞાન. |
| liturgy ( communion service ) | પ્રભુભોજનવિધિ ( પું. ) |
| ,, ( set form of worship ) | મંડળીમાન્ય પદ્ધતિઆરાધનાવિધિ ( પું. ) વિધિપૂર્વક ઉપાસના ( સ્ત્રી. ) |
| logic | તર્કશાસ્ત્ર; ન્યાયશાસ્ત્ર ( ન.); તર્કમીમાંસા (સ્ત્રી.); તર્ક ( પું. ) |
| logical | તાર્કિક; તર્કયુક્ત; તર્કસંગત |
| Logos ( see *Word ) | શબ્દ ( યો. ૧ : ૧ ) ( પું. ); વચન ( ન. ) |
| Lord | પ્રભુ; નાથ; સ્વામી; ધણી; ભગવાન; માલિક (પું.) |
| love ( general ) | પ્રેમ ( પું. ); પ્રીતિ ( સ્ત્રી. ) |

love ( affection ) સ્નેહ ( પું. )

,, ( mother-love ) વાત્સલ્ય; હેત ( ન )

,, ( conjugal ) પ્રણય ( પું. )

,, ( devotion ) ભક્તિ ( સ્ત્રી. )

,, ( passion ) કામ; રાગ ( પું. ); આસક્તિ ( સ્ત્રી. )

,, ( compassion ) કરુણા ( સ્ત્રી. )

" low " Church ( See also evangelical )

— બિશપપદ અને સંસ્કારો જેવી બાબતોને જેઓ ઓછી મહત્ત્વની ગણે છે અને વ્યક્તિગત પરિવર્તન પર વધુ ભાર મૂકે છે તેઓને ઓળખાવવા માટે એંગ્લિકન મંડળીમાં વપરાતી સંજ્ઞા.

lower criticism જુઓ criticism.

loyalty ( gen. ) નિષ્ઠા; વફાદારી ( સ્ત્રી. )

loyalty ( patriotism ) રાજનિષ્ઠા; રાજભક્તિ ( સ્ત્રી. )

lust કામ (પું.); વિષયવાસના; કામવાસના; દુર્વાસના; કામુક્તા; વિષયાસક્તિ ( સ્ત્રી.); હવસ (પું.)

# M

macrocosm — વિશ્વ; વિશ્વમંડળ; બ્રહ્માંડ; ત્રિભુવન; સ્થૂળ જગત (ન.)

magic (adj.) — જાદુઈ; ઇલમી.

magic (n.) — જાદુ; ઇલમ (પું.); મેલી વિદ્યા (સ્ત્રી.)

See also sorcery

*Magnificat — ઈશ્વરની મહાનતાનું ગીત.

— ઈશ્વરની મહાનતા પ્રગટ કરતું મરિયમનું ગીત (લુક ૧ : ૪૬–૫૫).

majesty — પ્રતાપ; મહિમા (પું.); ઐશ્વર્ય (ન.); વિભૂતિ (સ્ત્રી.)

majuscule — જુઓ uncial.

manifest — પ્રકટ; સ્પષ્ટ; વ્યક્ત.

manifestation — આવિર્ભાવ (પું.); પ્રકટીકરણ (ન.); અભિવ્યક્તિ (સ્ત્રી.)

manifesto — નીતિઘોષણા (સ્ત્રી.); ઢંઢેરો; ઘોષણાપત્ર (પું.) જાહેરનામું (ન.)

manuscript — હસ્તલેખ (પું.); હસ્તપ્રત (સ્ત્રી.)

*maranatha — "મારાનાથા" (ક્રિયાપદ) (અરામી)

— ૧ કોરીંથી. ૧૬ : ૨૨માં મળતો અરામી પ્રયોગ. એનો અર્થ "ઓ પ્રભુ, આવ" થાય છે. પ્રાચીન મંડળીમાં આ પ્રાર્થના પ્રચલિત હતી (સર. પ્રકટી. ૨૨ : ૨૦).

Mariolatry — મરિયમ-પૂજા (સ્ત્રી.)

*Mariology — મરિયમવિદ્યા (સ્ત્રી.)

— ઈસુની માતા મરિયમ વિષે બાઇબલના અને મંડળીના શિક્ષણનો અભ્યાસ.

martyr — શહીદ; સાક્ષી; ધર્મસાક્ષી; રક્તસાક્ષી.

*Mass — (રો. કે.) ખ્રિસ્તયજ્ઞ (પું.); મીસ (સ્ત્રી.) પ્રભુભોજન (ન.)

— ( લૅટિન ( Missa ) રો. કે અને ઍંગ્લોકૅથોલિક સંપ્રદાયમાં પ્રભુ-ભોજન માટે આ નામ વપરાય છે. Mass માં ( ખ્રિસ્તયજ્ઞમાં ) પુરોહિત ખ્રિસ્તને નવેસરથી બલિ તરીકે અર્પે છે એવા શિક્ષણ સાથે આ પ્રયોગ સંકળાએલો છે તેથી મોટા ભાગના પ્રોટેસ્ટંટ લોક એ પ્રયોગ વાપરતા નથી.

| | |
|---|---|
| material ( adj ) | ( વિ. ) ભૌતિક; સ્થૂળ; જડ. |
| material ( n ) | ( ન. ) અ પદાર્થ ( પું. ); દ્રવ્ય ( ન. ); આ સાધન ( ન. ); સામગ્રી ( સ્ત્રી. ) ઇ. સાહિત્ય–સામગ્રી ( સ્ત્રી. ) |
| material cause | ઉપાદાનકારણ ( ન. ) |
| materialism | જડવાદ; ભૌતિકવાદ ( પું. ) |
| matins ( mattins ) | પ્રભાતની પ્રાર્થનાસભા; પ્રાતઃવંદના ( સ્ત્રી. ) |
| matrimonial | લગ્નનું; લગ્ન સંબંધી |
| matrimony | લગ્ન ( ન ); લગ્નાવસ્થા ( સ્ત્રી. ) |
| matter | પદાર્થ ( પું. ); દ્રવ્ય ( ન. ); જડ વસ્તુ ( સ્ત્રી.) |
| Maundy Thursday | દુઃખસહન સપ્તાહનો ગુરુવાર. |
| means | સાધન ( ન. ); ઉપાય ( પું. ) |
| means and end | સાધન અને સાધ્ય ( ન. ) |
| *means of grace | અનુગ્રહ કે કૃપાપ્રાપ્તિનાં સાધન. |

— ખ્રિસ્તી જીવનમાં સામાન્ય રીતે જે સાધનો દ્વારા માણસોને ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે તે, એટલે ઈશ્વરવચન પ્રગટ કરવાની સેવા ( બાઇબલવાચન અને તેનો ખુલાસો ) અને બાપ્તિસ્મા તથા પ્રભુ-ભોજનના સંસ્કારો.

| | |
|---|---|
| mediation | મધ્યસ્થી; મધ્યસ્થતા ( સ્ત્રી. ) |
| mediator | મધ્યસ્થ. |
| *medieval | મધ્યકાલીન. |

— અંધકારયુગ અને પુનરુજ્જીવનના સમય વચ્ચેનો, આસરે ઈ. સ. ૧૦૦૦થી ૧૫૦૦ નો યુરોપિયન ઇતિહાસનો સમય.

| | |
|---|---|
| meditation | ધ્યાન; ચિંતન; મનન ( ન. ) — |
| meek | ( વિ. ) નમ્ર. |

meekness — નમ્રતા ( સ્ત્રી. )
memorial — સ્મારક; સ્મૃતિચિહ્ન ( ન. )
memory — યાદ; સ્મૃતિ; યાદગીરી; યાદદાસ્ત કે યાદશક્તિ; સ્મરણશક્તિ ( સ્ત્રી. )
mendicant — ધર્મનો ભિક્ષુ; ફકીર; યાચક ( પું. )
mental — ( વિ. ) માનસિક.
mental conflict — માનસિક સંઘર્ષ ( પું. ); મનોમંથન; મંથન (ન.)
mercy — દયા; કરુણા; રહેમ ( સ્ત્રી. )
mercy-seat — દયાસન ( ન. )
merit ( inherent ) — લાયકાત; યોગ્યતા ( સ્ત્રી. ); ગુણ ( પું. )
merit ( earned ) — પુણ્ય ( ન. )
meritorious — ( વિ. ) ગુણવાન; યોગ્ય; પુણ્યવાન.
meritorious act — પુણ્યકર્મ; પુણ્ય ( ન. )
*Messiah — મસીહ; ખ્રિસ્ત; અભિષિક્ત ( પું. )
— આ હિબ્રૂ ભાષાનો શબ્દ છે. એનો અર્થ "અભિષિક્ત" થાય છે. ગ્રીક ભાષામાં આનો તરજુમો "ખ્રિસ્તૉસ (ખ્રિસ્ત)" થાય છે.
messianic — મસીહ-વિષયક.
metamorphosis — રૂપાંતર ( ન. ); કાયાપલટ ( સ્ત્રી. )
metaphor — રૂપક ( ન. ); ઉપમા ( સ્ત્રી. )
metaphorical — લાક્ષણિક; રૂપકના સ્વરૂપનું.
metaphysical — અતિભૌતિક; આધ્યાત્મિક.
metaphysics — અધ્યાત્મવિદ્યા ( સ્ત્રી. ); અતિભૌતિકશાસ્ત્ર (ન.); તત્ત્વમિમાંસા ( સ્ત્રી. )
metempsychosis — જન્માંતર ( ન. ); પુનર્જન્મ ( પું. ); યોનિભ્રમણ ( ન. )
method — રીત; પદ્ધતિ; કાર્યપદ્ધતિ ( સ્ત્રી. )
*Methodism — મેથોડિસ્ટ સંપ્રદાય ( પું. )
— જહૉન વેસ્લીએ ( ૧૭૦૩-૯૧ ) શરુ કરેલો સંપ્રદાય.
*metropolitan — વડો ધર્માધ્યક્ષ; મુખ્ય બિશપ; "મેટ્રોપૉલિટન."
— ( ગ્રીક : મેટ્રોપૉલિસ = માતૃનગર ) જે બિશપનો અધિકાર કેવળ એક બિશપ-વિસ્તાર પૂરતો મર્યાદિત નથી પણ આખા દેશ પર ચાલે છે તે.

microcosm — સૂક્ષ્મસૃષ્ટિ ( સ્ત્રી ); સૂક્ષ્મજગત ( ન. )
microcosm, man as — બ્રહ્માંડના સારરૂપ માનવપિંડ; મનુષ્યદેહ ( પું.)
militant — લડાયક; યુદ્ધ કરનાર.
millenarian — સહસ્રવર્ષીય; હજાર વર્ષનું.
*millenarianism — સહસ્રવર્ષવાદ ( પું. )

— બીજા આગમન પ્રસંગે ખ્રિસ્ત સંતોની સાથે પૃથ્વી પર એક હજાર વર્ષ રાજ કરશે એવી માન્યતા ( પ્રકટી. ૨૦ : ૪ ).

millenniun — ( લેટિન ) સહસ્ર કે હજાર વર્ષનો ગાળો.
mind — મન: ચિત્ત; અંતઃકરણ; માનસ (ન.); બુદ્ધિ (સ્ત્રી.)
minister — સેવક; ધર્મસેવક; ( એ ઉપરથી ) પાળક (પું.)
ministry ( work of minister ) — ધર્મસેવા ( સ્ત્રી. )
,, ( office of minister ) — ધર્મસેવકપદ ( ન )
ministry ( body of minister ) — ધર્મસેવકગણ ( પું. )
ministry ( duration of service ) — સેવાકાળ ( પું. )
*minuscule — નાના અક્ષરવાળો હસ્તલેખ ( પું. )

—( લેટિન ) ગ્રીક ભાષાનો નાના જોડિયા અક્ષરોવાળો હસ્તલેખ. અગાઉની મોટા અક્ષરોવાળી લિપિને બદલે આસરે નવમી સદીથી આ પ્રકારની લિપિ વપરાશમાં આવી હતી અને ચૌદમી સદીમાં મુદ્રણકળાની શરુઆત થઈ ત્યાં સુધી ચાલુ રહી હતી.

miracle — ચમત્કાર ( પું. ); અલૌકિક ઘટના ( સ્ત્રી. ); પરચો ( પું. )
*missal — ખ્રિસ્તયજ્ઞગ્રંથ ( પું. )

— રો કે. મીસ ( ખ્રિસ્તયજ્ઞ ) પાળવાંની ક્રિયાનું પુસ્તક.

mission ( calling ) — જીવનકાર્ય ( ન. ); કર્તવ્ય ( ન )
,, ( sending ) — સેવાર્થે મોકલવું; પ્રેષણા ( સ્ત્રી. )
,, ( of the church ) — મંડળીનું સેવાકાર્ય ( ન. ) ( તદ્દભવ ) સુવાર્તા-પ્રચાર ( પું.)

,, (society) મિશન (ન.); ખ્રિસ્તી ધર્મસેવાસંઘ (પું.); ખ્રિસ્તી ધર્મસેવાસંસ્થા (સ્ત્રી.)

,, station મિશનકેન્દ્ર; ખ્રિસ્તી ધર્મસેવા કેન્દ્ર; સેવાકેન્દ્ર(ન.)

missionary મિશનરી; ધર્મપ્રચારક.

*modalism વિકરણવાદ (પું.)

— ત્રિ-એક ઈશ્વરમાં પિતા, પુત્ર, પવિત્રાત્મા એ ત્રણ વ્યક્તિ–સ્વરૂપ એકી સાથે કાયમનું અસ્તિત્વ ધરાવતાં નથી, પરંતુ ત્રિ–એક ઈશ્વર કાળાનુક્રમ પ્રમાણે ત્રણ જુદાં જુદાં 'modes' કે વિકરણોમાં–એટલે પિતા, પુત્ર અને પવિત્રાત્મા તરીકે પ્રગટ થયો છે એવો દુર્મત. ત્રીજી સદીમાં થઈ ગએલો સબેલ્યસ આ દુર્મતનો જાણીતો ટેકેદાર હતો.

mode રીત (સ્ત્રી.); પ્રકાર (પું.); વિકરણ (ન.)

moderation સંયમ; મિતાહારવિહાર (પું.)

moderator પ્રમુખ; મૉડરેટર; નિયામક.

*modernism આધુનિકવાદ; અર્વાચીનવાદ (પું.)

— જે ઈશ્વરવેત્તાઓ બાઇબલની રચના અને સંદેશા વિષેનું આધુનિક સંશોધન કરનારાઓનું દૃષ્ટિબિંદુ સ્વીકારે છે, અને આધુનિક માણસ સમજીને સ્વીકારી શકે એવા શબ્દપ્રયોગ દ્વારા વિશ્વાસની રજૂઆત કરે છે તેમની વિચારસરણી. આવા વિચારકો પોતાને માટે આ નામ વાપરતા નથી, પરંતુ તેમની ટીકા કરનારા વાપરે છે.

modest અ સુશીલ; વિનયી; શરમાળ.
આ સાધારણ.

modesty અ સુશીલતા (સ્ત્રી.); વિનય (પું.); શરમાળપણું (ન.)
આ નમ્રતા (સ્ત્રી.)

monarch રાજા.

*monarchianism અખંડેશ્વરવાદ.

— (ગ્રીક: "મોનાર્ખિયા" = એક જ વ્યક્તિનું રાજ્ય કે એક જ વ્યક્તિનો અધિકાર) બીજી અને ત્રીજી સદીમાં પ્રચલિત થયેલી ઈશ્વરવિદ્યાની એક વિચારસરણી. ઈશ્વર અખંડિત અને સર્વાધિકારી છે એ મુદ્દા ઉપર ભાર મૂકીને ઈશ્વરપુત્રને ગૌણ સ્થાન આપ્યું, અને કહ્યું કે: અ એ કેવળ મનુષ્ય હતો અને ઈશ્વરે એને દત્તક લીધો હતો

અથવા

આ ત્રણ વ્યક્તિ–સ્વરૂપ ( પિતા, પુત્ર, પવિત્રાત્મા ) તો ઈશ્વરનાં એક પછી એક થયેલાં ત્રણ સ્વરૂપ કે વિકરણ છે.

monarchy રાજાશાહી ( સ્ત્રી.)
monastery મઠ; વિહાર; આશ્રમ ( પું.)
monasticism મઠધર્મ ( પું.); મઠની જીવનપદ્ધતિ.
monism અદ્વૈતવાદ; એકતત્ત્વવાદ; અનન્યત્વવાદ ( પું.)
monk મઠવાસી; ભિક્ષુ; સંન્યાસી; સાધુ.
monophysite એકસ્વભાવવાદી.
*monophysitism એકસ્વભાવવાદ ( પું.)

— ( ગ્રીક monos = એક; phusis = સ્વભાવ ). દેહધારી ખ્રિસ્તમાં બે નહિ પણ એક જ સ્વભાવ–ઈશ્વરી સ્વભાવ હતો, એવું આ મત શીખવે છે. એક જ પાત્રમાં એટલે ખ્રિસ્તમાં બે સ્વભાવ છે–ઈશ્વરી અને માનવી–એવા પ્રાચીન મંડળીના શિક્ષણથી આ મત જુદો પડે છે. આ મતનો સૌથી જાણીતો શિક્ષક યુતુખસ ( મૃ. ૪૫૪ ) થઈ ગયો.

*monotheism એકેશ્વરવાદ ( પું.)

— ઈશ્વર એક જ છે, અને તે વ્યક્તિસ્વરૂપ અને સર્વશ્રેષ્ઠ છે એ માન્યતા.

moral ( adj. ) ( વિ.) નૈતિક; નીતિમાન.
moral ( n. ) ( ના.) બોધપાઠ; સાર ( પું.)
moral philosophy નીતિશાસ્ત્ર ( ન.)
moralist નીતિશિક્ષક ( પું.)
morality નીતિ; નીતિમત્તા; નૈતિકતા ( સ્ત્રી.); સદાચાર; ધર્માચાર ( પું.)
moralize નીતિનો ઉપદેશ કરવો.
morals સદાચાર ( પું.)
mortal ( adj. ) મર્ત્ય; મૃત્યુકારક; નશ્વર.
mortal ( n. ) મર્ત્ય; મનુષ્ય ( ન.)
mortals મૃત્યુલોક ( પું.)
mortality મર્ત્યતા; નશ્વરતા ( સ્ત્રી.)
mortal sin મૃત્યુકારક પાપ ( ન.)

| | |
|---|---|
| mortification | દેહદમન ( ન.); ઈન્દ્રિય-નિગ્રહ ( પું.) |
| mortify | મારી નાખવું ( દેહના કામને ); દેહદમન કરવું. |
| motion ( moving ) | ગતિ ( સ્ત્રી.) |
| motion ( proposal ) | દરખાસ્ત ( સ્ત્રી.); પ્રસ્તાવ ( પું.) |
| motivation | પ્રેરણાશક્તિ ( સ્ત્રી.); પ્રેરકબળ ( ન.); હેતુ (પું ) |
| motive ( adj. ) | પ્રેરક. |
| motive ( n. ) | હેતુ ( પું.): ધ્યેય ( ન.) |
| movement | ગતિ ( સ્ત્રી ); આંદોલન ( ન ); હિલચાલ; ચળવળ; હલચલ; ઝુંબેશ ( સ્ત્રી.) |
| mystagogue | રહસ્યવાદી; ગુપ્તપંથનો દીક્ષાગુરુ ( પું.) |
| mysteries ( Greek ) | રહસ્યો ( ન.); ગુપ્ત કે માર્મિક પંથોની ક્રિયાઓ. |
| mysterious | માર્મિક; અગમ્ય; ગૂઢ. |
| mystery | રહસ્ય ( ન ); ગુપ્ત કે માર્મિક ધર્મક્રિયા ( સ્ત્રી.) |
| *mystery religions | રહસ્યવાદ; માર્મિક પંથ ( પું.) |

— ગ્રીસ અને પશ્ચિમ એશિયામાં શરુ થએલા અને ઈ. સ.ની પહેલી, બીજી અને ત્રીજી સદીમાં રોમન સામ્રાજ્યમાં વ્યાપક બનેલા ગુપ્ત ક્રિયાઓવાળા ધર્મ, દા. ત. એલ્યુસિનિયન અને ઑર્ફિક ગુપ્તપંથો. પાછળથી આવો જ મિથ્રાસ ધર્મ પણ પ્રચલિત થયો હતો. આવા દરેક ધર્મમાં કોઈક પૌરાણિક દૈવી વિભૂતિદેવ તરીકે ગણાતી અને ગુપ્ત ક્રિયાઓ દ્વારા ભક્ત તેની સાથે ઐક્યનો સંબંધ અનુભવતો એમ મનાતું.

| | |
|---|---|
| mystic | અગમનિગમવાદી, રહસ્યવાદી: ગૂઢવાદી; ભક્ત; યોગી. |
| mystical | રહસ્યાત્મક; માર્મિક; ગૂઢ; અગમ્ય. |
| mystical body ( i. e., the church ) | માર્મિક અથવા રહસ્યાત્મક શરીર ( ન.); ( તદ્ભવ ) ખ્રિસ્તના શરીરરૂપ મંડળી. |
| mysticism, general | અગમનિગમવાદ; રહસ્યવાદ; અગમ્યવાદ; ગૂઢવાદ ( પું.) |
| „ personal | ભક્તિવાદ ( પું.) |
| „ monistic | અદ્વૈતવાદ ( પું.) |

| | |
|---|---|
| *myth ( legend ) | દંતકથા ( સ્ત્રી.); પરીકથા; કાલ્પનિક કથા (સ્ત્રી.) |
| ,, ( ancient tale ) | પૌરાણિક કથા; પુરાણકથા ( સ્ત્રી.) |
| ,, ( religious truth in figurative language ) | અલંકારિક ભાષામાં વર્ણવેલું ધર્મસત્ય ( ન.) |

— ( ગ્રીક : મુર્થોસ=શબ્દ, વાર્તા ) આ શબ્દના બે સ્પષ્ટ અર્થ થાય છે : અ દંતકથા. આ ઈશ્વર અને માનવને લગતા પાયારૂપી સિદ્ધાંતોની વિજ્ઞાનની ચોક્કસ પરંતુ નિરસ ભાષામાં રજૂઆત કરવાને બદલે વાર્તારૂપે અલંકારિક અને કાવ્યમય ભાષામાં રજૂ કરવાની પદ્ધતિ.

| | |
|---|---|
| mythical | કાલ્પનિક. |
| mythological | પૌરાણિક; કલ્પિત. |
| mythology | પુરાણ ( ન.); પુરાણ–સમૂહ ( પું.); પુરાણશાસ્ત્ર ( ન.) |
| nativity | જન્મ; ઈસુનો જન્મ (પું.); ખ્રિસ્તજયંતી (સ્ત્રી.) |
| natural | કુદરતી; સ્વાભાવિક; સહજ. |
| natural law | જુઓ law. |
| naturalism | કુદરતવાદ; પ્રકૃતિવાદ; નિસર્ગવાદ ( પું.) |
| nature ( in the world ) | કુદરત; પ્રકૃતિ; નિસર્ગ ( સ્ત્રી.) |
| ,, ( of man ) | સ્વભાવ ( પું.); પ્રકૃતિ ( સ્ત્રી.) |
| nature (of God, Christ) | સ્વભાવ ( પું.); પ્રકૃતિ ( સ્ત્રી.) |
| nature–spirits | દેવ દેવતા ( પું.); ભૂતાત્મા ( પું.) |
| nature worship | પ્રકૃતિ–પૂજા ( સ્ત્રી.); દેવ દેવતાની–ભૂતાત્માની પૂજા ( સ્ત્રી.) |
| nave | પ્રભુમંદિરમાં સભાજનો બેસે છે તે ભાગ. |
| necessity ( general ) | આવશ્યકતા; જરૂરિયાત ( સ્ત્રી.) |
| ,, ( fate ) | નસીબ; કિસ્મત; પ્રારબ્ધ ( ન.); નિયતિ (સ્ત્રી ) |
| necromancy | પ્રેતવિદ્યા; ભૂતવિદ્યા ( સ્ત્રી.) |
| negation | નકાર; ઇન્કાર; અભાવ ( પું.) |
| negative ( general ) | નકારાત્મક; અભાવાત્મક. |
| ,, ( electricity ) | ઋણ ( વિદ્યુત ). |
| neo–Hinduism | નવ–હિંદુ વિચારસરણી ( સ્ત્રી.) |
| *neo–orthodoxy | નવ–સતધર્મવાદ ( ખ્રિસ્તી ). |

— કાર્લ બાર્થના નામ સાથે સંકળાયેલું ધર્મશિક્ષણ. ૧૯મી સદીની અધવચથી ૨૦મી સદીની પ્રથમ પચીસી સુધી ખ્રિસ્તી ઈશ્વરવિદ્યામાં પ્રવર્તતા ઉદ્દારમતવાદ તરફથી કાર્લ બાર્થે લોકોને બાઇબલમાં ઊંડાં મૂળ ઘાલેલી અને ધર્મસુધારણાના સમય સાથે નિકટ રીતે સંકળાયેલી ઈશ્વરવિદ્યા તરફ વાળ્યા હતા. બાઇબલમાં તેમ જ મહાન ધર્મસુધારકોનાં લખાણોમાં રજૂ કરેલા સતધર્મ સાથે નિકટનો સંબંધ ધરાવતી હોવાથી બાર્થની વિચારસરણીને "નવ-સતધર્મ" કહે છે.

neophyte નવો શિષ્ય; શિખાઉ, નવો થયેલો, ખ્રિસ્તી.

*neo-Platonism નવપ્લેટોવાદ.

— (Plotinus) પ્લોતિનસ (આસરે ઈ. સ. ૨૦૫-૨૬૯)ની ફિલસૂફી. ઈ. સ. પૂર્વે ૫મી સદીમાં થઈ ગયેલા પ્લેટોના વિચારોને પ્લોતિનસે આપેલું તાજું સ્વરૂપ. નવપ્લેટોવાદ એક પ્રકારનો જ્ઞાનવાદ હતો, જે દ્વારા જ્ઞાન અને ચિંતન મનનવાળા જીવનવડે વિશ્વાત્મા સાથે ઐક્ય સાધવા પ્રયત્ન કરવાના હતા.

nepotism સગાંવાદ (પું.)

nescience અવિદ્યા (સ્ત્રી.)

neurosis જ્ઞાનતંતુક્રિયાવિકૃતિ (સ્ત્રી.)

nihilism શૂન્યવાદ (પું.)

nominal નામનું; નામધારી.

*nominalism નામવાદ (પું.)

— તમામ દૃષ્ય વસ્તુઓની પાછળ અદૃષ્ય, સનાતન સત્ય-વસ્તુઓ રહેલી છે, એવું પ્લેટો શીખવતો હતો. નામવાદીઓ આથી ઊલટું શિક્ષણ આપતા હતા. કહેવાતી "સત્ય-વસ્તુઓ" (universal principles) તે ફક્ત "નામ" રૂપ છે અને નહિ કે અસ્તિત્વ ધરાવતી સાચી વસ્તુઓ. આ પ્રમાણે માનવી બુદ્ધિ ઈશ્વરના અસ્તિત્વ કે સ્વભાવ વિષે જ્ઞાન પ્રાપ્ત કરી શકતી નથી; તેથી, ઈશ્વરવિદ્યાના મહાન સિદ્ધાંતો બુદ્ધિને આધારે નહિ, પણ કેવળ વિશ્વાસને આધારે સ્વીકારવાના છે. પીતર ઍબેલાર્ડ (૧૨મી સદી) અને ઓક્કમનો વિલ્યમ (૧૪મી સદી) સૌથી જાણીતા નામવાદીઓ છે. (લૅટિન nomina=નામો).

non-being　　અસત્ ( ન.)
*non-conformist　　બિનરૂઢિવાદી; સ્વતંત્ર.

— ઈંગ્લંડમાં રાજમાન્ય મંડળીના સિદ્ધાંત અને શિસ્તના ધોરણને વળગી રહેતા નથી એવા પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ માટે આ પ્રયોગ વપરાય છે. ઈંગ્લંડની રાજમાન્ય મંડળી સિવાયની પ્રોટેસ્ટંટ મંડળીઓના સભાસદોને નોનકન્ફોર્મિસ્ટ કહેવામાં આવે છે.

non-conformity　　( ઈંગ્લંડમાં ) રાજમાન્ય મંડળીનો અધિકાર નહિ સ્વીકારનાર સંપ્રદાય ( પું. ); સ્વતંત્રતા ( સ્ત્રી. )
non-credal　　વિશ્વાસનામા રહિત; વિશ્વાસનામું નહિ વાપરનાર.
non-existence　　અસત્.
non-resistance　　અપ્રતિકાર ( પું.); અપ્રતિરોધ ( પું.); સામનો નહિ કરવો તે.
non-violence　　અહિંસા ( સ્ત્રી )
norm　　ધોરણ ( ન.); માપદંડ ( પું.); પ્રમાણ ( ન.)
normal　　સાધારણ; પ્રમાણસર ઇત્યાદિ.
normative　　પ્રમાણક; પ્રમાણિત કરનારું; પ્રમાણરૂપ; નમૂનારૂપ.
*novice　　નવો શિષ્ય; સંન્યાસદીક્ષાર્થી ( પું.)

— સંઘના સભ્યપદની પ્રતિજ્ઞા લેતા પહેલાં જે વ્યક્તિને મઠમાં ઉમેદવાર તરીકે સ્વીકારવામાં આવે છે તે.

*novitiate　　ઉમેદવારીની અવસ્થા ( સ્ત્રી.)

— સંઘનું પૂરૂં સભ્યપદ પ્રાપ્ત કર્યા પહેલાંની ઉમેદવારીની અવસ્થા—ઉમેદવારીનો સમય.

nun　　સાધ્વી; મઠવાસી સ્ત્રી.
" Nunc dimittis "　　સિમયોનનું ગીત ( લુક ૨ : ૨૯–૩૨ ).
nunnery　　સાધ્વીનો મઠ.
object ( n.)　　વસ્તુ ( સ્ત્રી.); ધ્યેય ( ન.); ચીજ ( સ્ત્રી.); લક્ષ્યબિંદુ ( ન.)
object ( vb.)　　વાંધો ઉઠાવવો.

object (adj.)
(opp. to subjective) વાસ્તવિક; પરલક્ષી; યથાર્થ.
objective (n.) લક્ષ્યબિંદુ; ધ્યેય (ન.); હેતુ; ઉદ્દેશ (પું.)
oblation અર્પણ (ન); ભોગ (પું.); બલિદાન (ન.)
obligation ફરજ; જવાબદારી (સ્ત્રી.)
obligatory ફરજિયાત, અનિવાર્ય.
obscurantist ગૂંચવણ ઊભી કરનાર.
observance પાલન (ન.); પાળવું તે.
observation (watching closely) નિરીક્ષણ; અવલોકન (ન.)
,, (adhering to, performing) જુઓ observance.
observe નિરીક્ષણ કરવું; પાલન કરવું; પાળવું.
occult ગુપ્ત; નિગૂઢ.
oecumenical જુઓ ecumenical.
offence ગુનો (પું.)
offertory : collection of gifts દાનાર્પણ (ન.)
,, presenting an offering અર્પણવિધિ (સ્ત્રી.)
,, "prasad" etc. નૈવેદ (ન); પ્રસાદ (પું.)
office : rank હોદ્દો (પું.); પદ (ન.)
,, work કાર્ય (ન.)
,, worship-service ભક્તિકાર્ય (ન.); ભજનસેવા (સ્ત્રી.)
officiate ધર્મક્રિયા પાળવી–પળાવવી.
oligarchy અલ્પજનતંત્ર; ટોળી/ટોળકીશાસન (ન); એવું શાસનતંત્ર કે જેમાં સત્તા થોડાંક માણસોના હાથમાં હોય.
omega ગ્રીક ભાષાનો અન્તાક્ષર; છેલ્લો અક્ષર; (અંત).
omission, sin of અનાચરણવિષયક પાપ (ન.); ચૂક (સ્ત્રી.); ચૂકનું પાપ (ન.); કસૂર (સ્ત્રી.)

omnipotence — સર્વસમર્થતા ( સ્ત્રી.); સર્વસમર્થપણું ( ન.)
omnipotent — સર્વસમર્થ; સર્વશક્તિમાન; સર્વસત્તાધારી.
omnipresence — સર્વવ્યાપકતા ( સ્ત્રી.)
omnipresent — સર્વવ્યાપક.
omniscience — સર્વજ્ઞપણું ( ન )
omniscient — સર્વજ્ઞ.
oneness — અદ્વિતીયતા ( સ્ત્રી.); એકત્વ (ન.); એકતા (સ્ત્રી.)
only-begotten — એકમાત્ર; એકમાત્ર જ.
*outological — સત્ત્વ સંબંધી; સત્ત્વાત્મક; અસ્તિત્વ સંબંધી; સત્સ્વરૂપ વિષેનું.
*outological argument — ઈશ્વરના અસ્તિત્વ વિષેની દલીલ.

— માણસોના મનમાં ઈશ્વરના વિચારનું અસ્તિત્વ છે તેથી ઈશ્વરનું અસ્તિત્વ પણ હોવું જોઈએ એવી દલીલ.

outology — અસ્તિત્વ-મીમાંસા; સત્સ્વરૂપ મીમાંસા (સ્ત્રી.)
optimism — આશાવાદ ( પું.)
optimist — આશાવાદી.
oracle — દેવવાણી ( સ્ત્રી.); દેવવાણીનું સાધન ( ન.)
ordain ( to order ) — આદેશ આપવો; નિયમિત કરવું.
ordain (to the ministry) — દીક્ષા આપવી.
ordained — દીક્ષિત.
order ( n.) ( office ) — પદ ( ન.)
order ( n.) ( a society ) — સંઘ ( પું.)
order ( of service ) — વિધિ; આરાધનાવિધિ; પ્રાર્થના પદ્ધતિ ( સ્ત્રી.)
order ( of creation ) — ભૂમંડળ; વિશ્વમંડળ ( ન.)
order ( authority in the church ) — ધર્માધિકાર ( પું.)
( See also Faith and Order )
order ( vb.) — આજ્ઞા કરવી; નિયમિત કરવું.
ordinal — દીક્ષાક્રિયા પદ્ધતિ ( સ્ત્રી.)
ordinance — ઠરાવેલો વિધિ; આદેશ; અધ્યાદેશ; વટહુકમ (પું.); ફરમાન ( ન.); આજ્ઞા ( સ્ત્રી.)

ordinand દીક્ષાનો ઉમેદવાર, દીક્ષાર્થી.
ordination દીક્ષા (સ્ત્રી.)
organ ( of body ) અવયવ ( પું.)
organ ( publication ) મુખપત્ર ( ન.)
organic ( having organs ) સેંદ્રિય.
organic ( living ) જીવંત; સજીવ; જીવતું.
organic ( related together ) સંગઠિત.
organic union જીવંત એકતા.
organism પ્રાણી (ન.); જીવ ( પું.); સજીવ/જીવંત ઘટક (ન.)
organization સંસ્થા ( સ્ત્રી.); સંગઠન ( ન.)
organize સંગઠિત કરવું; વ્યવસ્થિત કરવું.
origin મૂળ; ઉદ્ભવસ્થાન ( ન. ); આરંભ ( પું. )
original મૂળ; આદિ; અસલી; મૌલિક.
*original sin ( doctrine of ) મૂળ પાપ.
— માણસનું પતન થયું ત્યારથી તેનો સ્વભાવ પાપના બંધનમાં આવ્યો છે અને તેની અધમાવસ્થા થએલી છે એવો સિદ્ધાંત.
originality મૌલિકપણું ( ન.)
orthodox ચુસ્ત; રૂઢિવાદી; શાસ્ત્રસંમત; પરંપરાવાદી.
*Orthodox Church ઑરથોડૉકસ મંડળી.
— કૉન્સ્ટંટીનોપલના પેટ્રિઆર્કની આધીનતા સ્વીકારનાર ગ્રીસ, રશીઆ ઇત્યાદિ દેશોની મંડળીઓ. "પૂર્વની મંડળી" ઈ. સ. ૧૦૫૪માં પશ્ચિમની અથવા રોમન મંડળીથી જુદી પડી
orthodoxy (a) right belief સદ્ધર્મવાદ; શાસ્ત્રાનુસાર સિદ્ધાંત કે મત (પું)
,, (b) rigid piety ચુસ્ત ધાર્મિકતા ( સ્ત્રી.)
,, (c) orthodox church tradition ,, ,, (પૂર્વની ) ઑરથોડૉકસ મંડળીનો સંપ્રદાય.

**ousia** ( Gk.) સત્ય; સત્ત્વ; મૂળ તત્ત્વ (ન.)
**pacific** શાંતિપ્રિય; પ્રશાંત.
**pacifism** શાંતિવાદ; અહિંસાવાદ ( પું.)
**pacifist** શાંતિવાદી.
***padroado** (Portuguese) "પ્રાદ્રાદો."

— સને ૧૫૧૪માં પોપ તરફથી પોર્ટુગલના રાજાને "આશ્રયદાતા"નો ઇલકાબ મળેલો. આ ઇલકાબને પ્રતાપે ભારતમાંની મંડળી અને મિશનનું કાર્ય અમુક અંશે પોર્ટુગલની સરકારની સત્તા તળે આવેલું અને તેથી સુવાર્તાપ્રચારનું કાર્ય શાહીવાદ સાથે સંકળાએલું છે એવી સમજણ ઊભી થવા પામી.

**pagan** વિધર્મી; અન્યધર્મી; મૂર્તિપૂજક.
**paganism** અન્યધર્મ ( પું.); મૂર્તિપૂજા (સ્ત્રી.)
**palimpsest** અધિલેખ/લખાણ; મૂળ લેખ ભૂંસીને લખેલું લખાણ.

***panentheism**

— ( ગ્રીક : પાન = બધા; એન = માં; થેઓસ = ઈશ્વર ) આખું વિશ્વ ઈશ્વરમાં અસ્તિત્વ ધરાવે છે એવી માન્યતા; વિશ્વના દરેક ભાગમાં ઈશ્વર ઓતપ્રોત હોવા છતાં વિશ્વથી વિશેષ છે.

***pantheism** સર્વેશ્વરવાદ ( પું.)

— ( ગ્રીક : પાન = બધું; થેઓસ = ઈશ્વર ) વિશ્વ બધું જ ઈશ્વર છે; ઈશ્વર અને વિશ્વ એક જ છે એવી માન્યતા. સૃષ્ટિની સાથે ઐક્ય પ્રાપ્ત થતાં આપણને ઈશ્વરની સાથે પણ ઐક્ય પ્રાપ્ત થાય છે.

**pantheist** સર્વેશ્વરવાદી.
**pantheon** ( temple of all the gods ) બધા દેવોનું મંદિર; સર્વદેવમંદિર; સર્વદેવાલય ( ન.)
**pantheon** ( all the gods ) બધા દેવો; દેવગણ (પું.)
**papacy** પોપતંત્ર; પોપનું શાસન; પોપનું પદ ( ન.)
***papyrus** પપીરસપત્ર; પપીરાપત્ર ( પું.); રેસાપત્ર ( પું.)

— ઇજીપ્તમાં ઊગતા એક ખાસ પ્રકારના બરૂમાંથી બનાવવામાં આવતો એક પ્રકારનો કાગળ. તેના જુદા જુદા કકડાને ગુંદરથી ચોંટાડી દેવાથી ઓળિયાં બનતાં હતાં. ૪થી સદી સુધી ઇજીપ્ત, ગ્રીસ અને રોમમાં લેખન માટે મુખ્યત્વે પાપીરસનો ઉપયોગ થતો હતો. પાછળથી ચર્મપત્રોએ તેનું સ્થાન લીધું.

*Paraclete — સહાયક; સંબોધક; દિલાસો આપનાર; પવિત્રાત્મા; બેલી; સહારો.

— ( ગ્રીક : પારાકલેતૉસ=કોઈકની બાજુએ ( પડખે ) બોલાવેલો ) નવા કરારમાં સામાન્ય રીતે આ સંજ્ઞા પવિત્રાત્મા માટે વપરાએલી છે ( યોહાન ૧૪ : ૧૬ ), પરંતુ ખ્રિસ્ત માટે પણ એનો ઉપયોગ થયેલો છે ( ૧ યોહાન ૨ : ૧ ).

paradise — સ્વર્ગ; સ્વર્ગધામ ( ન.); પારાદૈસ ( પું.); આનંદધામ ( ન.)

paradox — વિરોધાભાસ ( પું.)

paralipomena — પરિશિષ્ટ ( ન.); સપ્તતિ અને વલ્ગેટમાં કાળવૃત્તાંત પુસ્તક માટે વપરાયેલો શબ્દ; પડતાં મૂકેલાં પુસ્તકો.

parallelism ( in poetry ) — અનુરૂપાલંકાર ( પું.)

paraphrase ( alternative rendering ) — સરળાર્થ ( પું.)

„ ( Scottish metrical version of Scripture passages ) — પ્રેસ્બીટેરિયન મંડળીઓમાં શાસ્ત્રભાગોનું વપરાતું સંગીતરૂપ.

parchment — ચર્મપત્ર ( પું.)

parish — સ્થાનિક મંડળીનો વિસ્તાર ( પું.) પૅરિશ.

parousia ( presence ) — હાજરી ( સ્ત્રી.); આગમન ( ન.)

parousia ( second coming ) — પુનરાગમન ( ન.)

parson — સ્થાનિક મંડળીનો પાળક–દીક્ષિત ધર્મસેવક (પું.)

paschal (relating to passover) પાસ્ખાપર્વ સંબંધી; પ્રભુભોજન સંબંધી. (આપણો પાસ્ખાયજ્ઞ ખ્રિસ્ત–૧ કોરીંથી. ૫ : ૭).

passible દુઃખાધીન; દુઃખ વેઠી શકે તેવું.

passion (emotion) આવેગ; આવેશ (પું.); લાગણી (સ્ત્રી.)

,, (lust) વાસના; દુર્વાસના; કુઇચ્છા (સ્ત્રી.)

,, suffering દુઃખસહન; કષ્ટસહન; કષ્ટ (ન.)

passive નિષ્ક્રિય; સહનશીલ.

*passover પાસ્ખા (પું.); પાસ્ખાપર્વ (ન.)

— પાસ્ખાપર્વ—મિસરમાંથી થયેલા છુટકારાનું વાર્ષિક સ્મરણ રાખવા અબીબ (એપ્રિલ) માસમાં યહૂદીઓ આ પર્વ પાળે છે.

pastor પાળક; ધર્મસેવક; ધર્માચાર્ય (પું.)

pastoral પાળકનું; પાળકના કાર્ય સંબંધીનું.

pastoralia પાળકવિદ્યા; પાળકના સેવાકાર્ય વિષેની વિદ્યા (સ્ત્રી.)

pastorate પાળકનું કાર્યક્ષેત્ર; પાળકપદ (ન.); પાળકની સેવાનો સમય (પું.); પાળક કારકિર્દી (સ્ત્રી.)

*patriarch ગોત્રપતિ; વડો ધર્માધ્યક્ષ (પું.)

— અ. બાઇબલ પ્રમાણે : ગોત્ર અથવા કુળનો મુખ્ય આગેવાન અથવા પિતા.

આ. મંડળીમાં : રોમ, આલેકઝાંડ્રિયા, અંત્યોખ, કૉન્સ્ટંટિનોપલ અને યરૂશાલેમ એ પાંચ બિશપની ગાદીનાં ધામ હતાં. આ પાંચે સ્થળોના બિશપોને પ્રાચીન કાળમાં "પેટ્રિઆર્ક" કહેતા.

*Patripassianism પિતૃદુઃખસહનવાદ (પું.)

— (લૅટિન : પાતર = પિતા; પાસ્સીઓ = દુઃખસહન) ઈશ્વરના ઐક્ય સંબંધીનો એક દુર્મત. આ દુર્મત મુજબ ઈશ્વરપુત્ર તરીકે ઈશ્વર-પિતાએ પોતે વધસ્તંભ ઉપર દુઃખ સહન કર્યું હતું. આ દુર્મતનો મુખ્ય પ્રતિપાદક સબેલ્યસ (૩જી સદી) હતો. (વળી જુઓ monarchianism–અખંડેશ્વરવાદ.)

patristics ખ્રિસ્તીધર્મપિતૃઅભ્યાસ.
patron આશ્રયદાતા; દાતા (પું.)
patron saint ઈષ્ટ સંત.
patronage આશ્રય (પું.)
peace શાંતિ (સ્ત્રી.)
*peace (kiss of) શાંતિનું ચુંબન.
— પ્રભુભોજન લીધા બાદ પરસ્પર અપાતી સલામી. "શાંતિદાયક કુશળતા."
peacemaker શાંતિસ્થાપક (પું.); સલાહ કરાવનાર.
pedagogue શિક્ષક (પું.) બાળશિક્ષક, વાલી (પું.)
pedagogy શિક્ષણશાસ્ત્ર (ન)
penal દંડાત્મક; સજાત્મક; દંડ સંબંધી.
penalty દંડ (પું.); સજા (સ્ત્રી.)
penance તપ (ન); તપશ્ચર્યા (સ્ત્રી.); પ્રાયશ્ચિત્ત (ન.)
penitence પશ્ચાત્તાપ; પસ્તાવો (પું.); હૃદયપલટો; મનપલટો (પું.)
penitent પશ્ચાત્તાપી; પસ્તાવિક; અનુતાપી.
*pentateuch પંચગ્રંથ (પું.)
— બાઇબલનાં પ્રથમ પાંચ પુસ્તકો.
*Pentecost પચાસમો/પચાસમાનો દિવસ (પું.)
— (ગ્રીક : પેન્તેકોસ્તે = પચાસમો દિવસ) પચાસીપર્વ (ન.) અસલમાં યહૂદીઓનું "સપ્તાહોનું પર્વ." પાસ્ખાપર્વ પછી પચાસમે દિવસે આ પર્વ આવતું. પવિત્રાત્મા પુનરુત્થાન પછી પચાસમે દિવસે પ્રેરિતો પર ઊતર્યો તેથી ખ્રિસ્તીઓ એ દિવસે પવિત્રાત્માના આગમનનો ઉત્સવ પાળે છે.
Pentecostal પચાસીપર્વ સંબંધી; પવિત્રાત્મદાનવિષયક.
*Pentecostalist પેન્ટેકોસ્ટલિસ્ટ.
— જુદાં જુદાં પેન્ટેકોસ્ટલ મંડળો ("assemblies")ના સભ્યો. વીસમી સદીના આરંભમાં પેન્ટેકોસ્ટલ હિલચાલ શરુ થઈ હતી. એના સભ્યો પવિત્રાત્માની અમુક કાર્યપ્રવૃત્તિઓ ઉપર ઘણો ભાર મૂકે છે, જેવી કે, અન્ય ભાષાઓમાં બોલવું અને વિના ઔષધે અપાતું સાજાપણું. પચાસમાના દિવસ પછીના સમયમાં મંડળીમાં જે સંગત હતી તેવી સંગત ભોગવવાની તેઓ ઇચ્છા રાખે છે.

| | |
|---|---|
| perception | પ્રત્યક્ષબોધ (પું.); જ્ઞાન (ઈન્દ્રિયજન્ય) (ન.); સંવેદન (ન.); સમજ (સ્ત્રી.) |
| perdition | વિનાશ (પું.) |
| perfection (doctrine) | પરિપૂર્ણતા (સિદ્ધાંત). |
| pericope | ફકરો (પું.) |
| perjury | જૂઠા સમ (પું.) |
| permanent | સ્થાયી; કાયમ. |
| persecution | સતાવણી; સતામણી (સ્ત્રી.) |
| person | પુરુષ (પું.); વ્યક્તિ (સ્ત્રી.); જણ (પું.); પાત્ર (ન.) |
| Person (of Trinity) | પુરુષ (પું.); વ્યક્તિ (સ્ત્રી.); વ્યક્તિ-સ્વરૂપ (ન.) |
| personal | વ્યક્તિગત; અંગત; વૈયક્તિક; વ્યક્ત-સ્વરૂપ. |
| personalism | અંગત સંબંધવાદ (પું.); ઈશ્વર સાથે અંગત સંબંધ દાખવવો તે. |
| personality | વ્યક્તિત્વ (ન.); સ્વત્વ (ન.); અસ્મિતા (સ્ત્રી.); પુરુષત્વ (ન.) |
| personification | સજીવારોપણ (ન.) |
| personify | સજીવારોપણ કરવું; વ્યક્તિના રૂપમાં પ્રદર્શિત કરવું; પોતામાં કે પોતાદ્વારા પ્રદર્શિત કરવું. |
| perspective | દૃષ્ટિકોણ (પું.); યથાર્થદર્શન (ન.); યથાદર્શન (ન.); સંબંધ (પું.) |
| pervade | વ્યાપી રહેવું; આખા ભાગમાં ફેલાવું. |
| pervasion | વ્યપ્તિ (સ્ત્રી.); ફેલાવ (પું.) |
| pervasive | વ્યાપક. |
| perverse | દુરાગ્રહી; હઠીલું; વિકૃત. |
| perversion | વિકૃતિ (સ્ત્રી.) |
| pervert (n.) | ભ્રષ્ટ. |
| pervert (vb.) | બગાડવું; ભ્રષ્ટ કરવું; દુરુપયોગ કરવો. |
| pessimism | નિરાશાવાદ (પું.) |
| petition (prayer of) | વિનંતી; યાચના (સ્ત્રી.); (સરકારી અરજી). |

phallicism — લિંગપૂજા (સ્ત્રી.)
phantom — આભાસ (પું.); છાયા (સ્ત્રી.); ભૂત (ન.)
phenomenalism — દૃષ્ટવાદ (પું.); દૃશ્યજગતવાદ (પું.)
phenomenon — દૃષ્ટ ઘટના; દૃશ્ય વસ્તુ (સ્ત્રી.); દેખાવ (પું.)
philosopher — ફિલસૂફ; તત્ત્વજ્ઞાની; તત્ત્વવેત્તા; દાર્શનિક.
philosophy — ફિલસૂફી (સ્ત્રી.); તત્ત્વજ્ઞાન; દર્શનશાસ્ત્ર (ન.)
phylactery — તાવીજ; માદળિયું (ન.)
physical — ભૌતિક; શારીરિક; પ્રાકૃતિક.
physical universe — ભૌતિક જગત; ભૌતિક વિશ્વ (ન.)
*pietism — ધાર્મિકવાદ; ભક્તિવાદ (પું.)

— ૧૭મી સદીમાં જર્મનીની રાજમાન્ય (લુથરન) મંડળી નિર્જીવ બની ગઈ હતી ત્યારે શરુ થયેલી ભક્તિહિલચાલ. પાયેટિસ્ટ લોકો નાની સંખ્યાવાળી પ્રાર્થનાસભાઓ અને બાઇબલના અભ્યાસ ઉપર ભાર મૂકતા હતા. ટાઢાંટમ ભાષણો કરતાં ઉષ્માભરી ભક્તિસભાઓ પસંદ કરતા. મોરેવિયન મંડળીના આગેવાન ઝિન્ઝનડૉર્ફ અને ઈંગ્લાંડના જહોન વેસ્લી ઉપર આ હિલચાલની મોટી અસર પડેલી. આજે પણ અનેક સ્થળે આ હિલચાલ જીવાળ રીતે ચાલે છે.

pietist — ધાર્મિકતાવાદી; ભક્તિવાદી.
piety — ભક્તિ; ભક્તિપરાયણતા (સ્ત્રી.); ધાર્મિકભાવ (પું.); ધર્મિપણું (ન.)
pilgrim — યાત્રી; યાત્રાળુ; યાત્રાકારી (પું.)
pilgrimage — યાત્રા; તીર્થયાત્રા (સ્ત્રી.)
pious — ધાર્મિક; ભક્ત.
plan of salvation — તારણોપાયની યોજના.
plenary — સંપૂર્ણ.
plenitude — સંપૂર્ણતા; પરિપૂર્ણતા (સ્ત્રી.)
pluralism
(ecclesiastical) — મંડળીના એક કરતાં વધુ હોદ્દા એકી સાથે ધારણ કરવાની રીત.
*pluralism
(philosophical) — અનેક/બહુતત્ત્વવાદ (પું.)

— અદ્વૈતથી ઊલટી માન્યતા : જગતમાં એક જ નહિ પણ અનેક તત્ત્વો સમાયેલાં છે.

plutocracy ધનિકોનું શાસન; પૈસાદાર વર્ગનું રાજ્ય (ન.)
polemic વિવાદ ( પું.)
polemical વિવાદાત્મક.
polytheism બહુદેવવાદ ( પું.)
polytheist બહુદેવવાદી.
pope પોપ; પાપા; વડા ધર્મગુરુ ( રો. કે. )
positive નિશ્ચયાત્મક; નિશ્ચિત; હકારાત્મક.
*positivism પ્રત્યક્ષજ્ઞાનવાદ ( પું.)

— ઑગસ્ટ કોમ્ટ (મૃત્યુ ૧૮૫૭) નામના ફ્રેંચ ફિલસૂફે શરુ કરેલી વિચારસરણી. આ વિચારસરણી ઈશ્વર અને તમામ સૈદ્ધાંતિક સત્યોના વિચારોને નકારે છે અને નિશ્ચિત હકીકતોને જ સ્વીકારે છે.

*positivism ( logical ) "લોજિકલ ( તાર્કિક ) પોઝિટિવિઝમ"— પ્રત્યક્ષ જ્ઞાનવાદનું એક વર્તમાન સ્વરૂપ.

— આ વાદ ઈશ્વરવિદ્યાનાં અને તત્ત્વજ્ઞાનનાં તમામ વિધાનોને અર્થહિન ગણી નકારે છે. તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને સિદ્ધાંતો અને ભાષાના તર્કયુક્ત પૃથક્કરણ પૂરતી મર્યાદિત બનાવે છે.

postulate ( n.) મૂળ ધારણા ( સ્ત્રી.)
postalate ( vb.) માની લેવું; ધારી લેવું.
practical Theology પાળકવિદ્યા ( સ્ત્રી.); વ્યાવહારિક ધર્મવિજ્ઞાન (ન.)
*praemunire "પ્રૈમૂનીરે".

— પોપની સત્તાના દબાણ સામે રાજાના અધિકારોના બચાવાર્થે ૧૪મી સદીમાં પસાર કરેલા કાયદાઓની હારમાળા.

pragmatic વ્યવહારલક્ષી; પરિણામલક્ષી; વાસ્તવિક.
pragmatism પરિણામવાદ ( પું.)
prayer પ્રાર્થના ( સ્ત્રી.)
precept આદેશ ( પું.); નૈતિક શિક્ષણ ( ન.)
*predestination પૂર્વપ્રધારણા ( સ્ત્રી.); પૂર્વસંકલ્પ ( પું. ); પૂર્વનિર્ધારણા (સ્ત્રી.); પૂર્વયોજના (સ્ત્રી.)

— (લૅટિન)–ઈશ્વરે તેના સનાતન ફરમાન દ્વારા અમુક વ્યક્તિઓને તારણના ઉપભોગ માટે ઠરાવી છે એવો પ્રેરિત પાઉલે રૂમી. ૮ : ૨૮–૩૦ અને એફેસી. ૧ : ૩–૪માં સમજાવેલો સિદ્ધાંત. ધર્મસુધારણાના સમયે જહૉન કાલ્વિને રૂમી. ૯ : ૨૨ જેવાં વાક્યોને આધારે એક વધુ મુદ્દો ઉમેર્યો કે અમુક વ્યક્તિઓને નાશને માટે અગાઉથી નિર્માણ કરી છે. આ બેવડી ઈશ્વરી પૂર્વયોજનાનો સિદ્ધાંત સામાન્ય રીતે માન્ય રાખવામાં આવતો નથી, અને મોટા ભાગના ઈશ્વરશાસ્ત્રવેત્તાઓ અને સુવાર્તાના ઉપદેશકો એફેસી. ૧ : ૪ને આધારે ઈશ્વરે પ્રેમ દ્વારા કરેલી પસંદગીની બાબત ઉપર ભાર મૂકે છે અને તેને વધુ પસંદ કરે છે.

predication — આરોપણ; નિશ્ચિત વિધાન (ન.)

predict — અગમ ભાખવું; ભવિષ્ય ભાખવું; આગાહી કરવી.

prediction — અગમવાણી; ભવિષ્યવાણી; આગાહી (સ્ત્રી.) ભવિષ્યકથન (ન.)

pre-existence — પૂર્વ–અસ્તિત્વ (ન.)

prejudice — પૂર્વગ્રહ (પું.)

presbyter — વડીલ; પાળક; પ્રેસબિતર (પું.)

*Presbyterian — ખ્રિસ્તી મંડળીનો એક સંપ્રદાય.

— (ગ્રીક : પ્રેસ્બુતેરોસ = વડીલ)–મંડળીની એક વ્યવસ્થા જેમાં બિશપ જેવી એક વ્યક્તિના હાથમાં સત્તા ના સોંપતાં ધર્મસેવકો અને વડીલોના બનેલા એક એકમસમા મંડળ (પ્રેસ્બીટરી = વડીલસભા)ના હાથમાં સોંપવામાં આવે છે. મંડળીનું તંત્ર મંડળીની અદાલતો દ્વારા, ખાસ કરીને "સેશન" (સ્થાનિક), "પ્રેસ્બીટરી" (પ્રાદેશિક), અને "જનરલ એસેમ્બ્લી" (રાષ્ટ્રીય) દ્વારા ચાલે છે. ૧૬મી સદીના સુધારકો—ખાસ કરીને જોન કાલ્વિન—એવું માનતા હતા કે, આ જાતની પદ્ધતિ અનુસરવાથી આપણે પ્રાચીન મંડળીની વ્યવસ્થાપદ્ધતિ સ્વીકારીએ છીએ.

presbytery (a) council of ministers and elders — વડીલસભા (સ્ત્રી.)

(b) residence of priest (R. C.) — રો. કે. પાળકનું રહેઠાણ (ન.)

preservation — સાચવણી; જાળવણી; સંભાળ (સ્ત્રી.) સંરક્ષણ (ન.)
presumption (in thought) અનુમાન; પૂર્વાનુમાન (ન.)
,, (in character) દુ:સાહસ (ન); ધૃષ્ટતા (સ્ત્રી); ઘમંડ (પું.)
presumptuous દુ:સાહસી; ધૃષ્ટ; ઘમંડી.
presumptuous sin ધૃષ્ટાપૂર્ણ પાપ; જાણીબૂજીને કરેલું પાપ (ન.)
presupposition પૂર્વધારણા (સ્ત્રી.)
prevenient (grace) પુરોગામી/પૂર્વગામી કૃપા (સ્ત્રી.)
priest (one who sacrifices) યાજક; યાજ્ઞિક (પું.)
,, (general) પુરોહિત; ધર્મગુરુ (પું.)
priesthood યાજકપદ (ન.); યાજકવર્ગ (પું.); (હિંદુ ધર્મમાં) ગોરપદું (ન.)

*priesthood of all believers સર્વ વિશ્વાસ કરનારાઓનું યાજકપદ (ન.)

— ૧ પીતર ૨ : ૫, ૯ જેવા શાસ્ત્રભાગો ઉપર આધારિત સિદ્ધાંત: ખ્રિસ્ત એકલો જ મધ્યસ્થ છે, અને તમામ વિશ્વાસ કરનારાં માફીને સારુ તેના દ્વારા ઈશ્વર સમક્ષ સીધાં –બારોબાર— જઈ શકે છે, અને ધંધાદારી યાજકો ઈશ્વર અને માણસની વચ્ચે મધ્યસ્થી બને એની કશી જરૂર નથી. આ સિદ્ધાંત ખાસ કરીને ધર્મસુધારણાના સમયનો સિદ્ધાંત ગણાય છે અને માર્ટિન લુથરના નામ સાથે સંકળાયેલો છે.

prima facie (Lat.) પ્રથમદષ્ટિએ; પ્રથમદર્શને.
primate દેશનો વડો ધર્માધ્યક્ષ (પું.)
primitive આદિ(વાસી); પુરાતન; અસંસ્કૃત; અસભ્ય.
principle તત્ત્વ (ન.); નિયમ; સિદ્ધાંત (પું.)
probation ઉમેદવારી (સ્ત્રી.); અજમાયેશકામ (પું.)
probationer ઉમેદવાર; પરીક્ષાર્થી; અજમાયેશ પર હોય તે.
procedure કાર્યવાહી; કાર્યપ્રણાલી; રીત; પદ્ધતિ (સ્ત્રી.)
proceed નીકળવું; આગળ વધવું.
*procession (of Holy Spirit) નિ:સરણ (ન.); નીકળી આવવું.

— (લેટિન: નીકળવું અથવા નીકળી આવવું)—ત્રિએકતા સંબંધીના નિકૈયાના વિશ્વાસનામા જેવા મંડળીના પ્રણાલિગત શિક્ષણમાં પુત્રને પિતાથી જન્મેલો કહેવામાં આવ્યો છે, જ્યારે પવિત્રાત્મા પિતા તરફથી નીકળી આવે છે. (યો. ૧૫ : ૨૬). તેથી આત્માના પિતા સાથેના સંબંધને "procession" (અર્થાત્ નીકળેલા) કહેવામાં આવે છે.

| | |
|---|---|
| proclamation | ઢંઢેરો (પું.); ઘોષણા; જાહેરાત (સ્ત્રી.); પ્રચાર (પું.) |
| profane (adj.) | સાંસારિક; અપવિત્ર; ધર્મહીન. |
| profane (vb.) | અપવિત્ર કરવું; વટલાવવું. |
| profess (confess) | ઇકરાર કરવો; કબૂલાત કરવી; વિશ્વાસ જાહેર કરવો. |
| ,, (claim) | દાવો કરવો. |
| prologue | પ્રસ્તાવના (સ્ત્રી.); આમુખ; મંગલાચરણ (ન.) |
| pronouncement | ઘોષણા; જાહેરાત; ચુકાદો (પું.) |
| propaganda | પ્રચાર (પું.) |
| propagate | પ્રચાર કરવો; ફેલાવવું. |
| propagation | પ્રસાર; ફેલાવો (પું.) |
| property (attribute) | ગુણધર્મ (પું.); લક્ષણ (ન.) |
| prophecy | પયગામ; પેગામ; પ્રબોધ (પું.); ભવિષ્યવાણી; આગાહી; નબૂવત (સ્ત્રી.) |
| prophet | પયગંબર; પેગંબર; પ્રબોધક; ભવિષ્યવાદી; નબી (પું.) |
| propitiate | પ્રસન્ન કરવું; તર્પણ ધરીને સંતુષ્ટ કરવું; રીઝવવું. |
| *propitiation | પ્રાયશ્ચિત્ત; તર્પણ (ન.) |

— આ લેટિન ભાષાનો શબ્દ છે. "ઈશ્વરને પ્રસન્ન કરે એવું કશુંક" એવો એનો અર્થ થાય છે. નવો કરાર ખ્રિસ્તને આપણા "પ્રોપિશિએશન"—પ્રાયશ્ચિત્ત તરીકે ગણે છે, એટલે ઈશ્વર સાથેનો આપણો તૂટેલો સંબંધ ખ્રિસ્તના મૃત્યુ દ્વારા ફરીથી સંધાય છે. (રૂમી. ૩ : ૨૫; ૧ યોહાન ૨ : ૨ ; ૪ : ૧૦).

*proselyte ધર્માંતર કરનાર; (યહૂદી થયેલો) (પું.)

— (ગ્રીક : પ્રોસેલ્યુતોસ = ઓળંગીને આવ્યો તે)—યહૂદી ધર્મનો સ્વીકાર કરનાર—મુસાનું નિયમશાસ્ત્ર સુન્નત સહિત સ્વીકારનાર—થયેલો યહૂદી.

*proselytism ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ (સ્ત્રી); ધર્માંતર (ન.); શિષ્ય બનાવવો.

— ખ્રિસ્તી ધર્મના વિરોધીઓ આ શબ્દનો હલકો અર્થ—વટાળનો અર્થ—કરે છે. કોઈકને લાલચ આપીને તેના ધર્મનો ત્યાગ કરવા અને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરવા તેને સમજાવવો એવો અર્થ કરે છે.

proselytize ધર્માંતર કરાવવું; શિષ્ય બનાવવો.

prostration સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા.

*Protestant પ્રોટેસ્ટંટ.

— (લૅટિન : પ્રોનેસ્તાતિયો = સાક્ષી–કબૂલાત–વિશ્વાસની). ઈ. સ.ની ૧૬મી સદીની ધર્મસુધારણાના સિદ્ધાંતોના સ્વીકારને પરિણામે વિશ્વાસ અને વ્યવહારમાં રો. કે. સંપ્રદાયથી જુદો પડે એવો સંપ્રદાય.

prototype આદિરૂપ (ન.); પૂર્વપ્રતિમા; મૂળ વસ્તુ (સ્ત્રી.)

providence (sustaining activity) ઈશ્વરી નિગાહબાની; ઈશ્વરી રક્ષા; ઈશ્વરી દેખભાળ/સંભાળ (સ્ત્રી.); ઈશ્વરી વિધાન; પ્રજાપાલન (ન.)

providence (God) પરમકૃપાળુ પરમેશ્વર; વિધાતા, નિભાવી રાખનાર (પું.)

province (ecclesiastical) મહા ધર્મપ્રદેશ (પું.) મહા ધર્મક્ષેત્ર (ન.)

pseudo (prefix) જૂઠા, ઢોંગી, દંભી, નકલી, બનાવટી.

pseudepigrapha અન્યના નામે ચઢાવેલું લખાણ (ન.)

psyche (Gk.) (ગ્રીક) માનસ (ન.); બુદ્ધિ (સ્ત્રી.)

psychic માનસિક.

psychoanalysis — મનોવિશ્લેષણ (ન.); માનસ પૃથક્કરણ (ન.)
psychology — મનોવિજ્ઞાન; માનસશાસ્ત્ર (ન.)
puberty — યૌવનાગમન (ન.); જાતીય દૃષ્ટિએ પરિપક્વ થવાની શરુઆત.
pulpit — બોધાસન; સિંહાસન (ન.); વ્યાસપીઠ (સ્ત્રી.); મંચ (પું.)
pure — શુદ્ધ; નિર્મળ.
*purgatory — શુદ્ધિસ્થાન.

— (લેટિન)—રો. કે. સંપ્રદાયના શિક્ષણ અનુસાર સજા કે તાવણીનું સ્થાન કે સ્થિતિ, જ્યાં મૃત્યુ સમયે કૃપામાં સ્થિર હતાં એવાં માણસોના આત્માઓ સજા દ્વારા તેમની ભૂલો–તેમના દોષોનું પ્રાયશ્ચિત્ત કરીને સ્વર્ગલોકે પ્રવેશતા પહેલાં તેમની શુદ્ધિ થાય છે.

purification — શુદ્ધીકરણ (ન.)
*puritan — શુદ્ધવાદી.

— ચર્ચ ઓવ ઈંગ્લાંડમાં પૂરતી ધર્મસુધારણા થઈ નહોતી એવું માનનારા ૧૬ અને ૧૭મી સદીના અંગ્રેજ પ્રોટેસ્ટંટોનો સમૂહ. શાસ્ત્રાનુસારની ના હોય તેવી તમામ ધર્મક્રિયાઓને રદ કરીને અને ઘણું સાદું જીવન જીવીને એ મંડળીને તેઓ શુદ્ધ કરવા માગતા હતા. ધાર્મિક સ્વાતંત્ર્યની શોધમાં તેમનામાંના ઘણા વતનનો ત્યાગ કરીને અમેરિકા ચાલ્યા ગયા હતા.

puritanical — ધર્મ બાબતે ચોખલિયો (પું.)
puritanism — શુદ્ધવાદ (પું.)
pyx (See tabernacle)
Quaker — ક્વેકરપંથી. (જુઓ નામાવલી).
qualitative — ગુણાત્મક; ગુણવાચક.
quality — ગુણ; ધર્મ (પું.); લક્ષણ (ન.)
quantitative — સંખ્યાવાચક; સમૂહવાચક.
quantity — માપ (ન.); માત્રા; સંખ્યા (સ્ત્રી.)
quest — તપાસ, ખોજ, શોધ (સ્ત્રી.)
radiance — તેજ; ઓજસ (ન); દીપ્તિ; કાંતિ (સ્ત્રી.)

radical ( basic ) મૂળગત; સમૂળું; મૌલિક.
,, ( extreme ) ઉદ્દામ; જહાલ.
radicalism ઉદ્દામવાદ ( પું.)
ransom ( n.) મુક્તિમૂલ્ય (ન.); છુટકારો (પું.); ખંડણી (સ્ત્રી.)
ransom ( vb.) ખંડવું; ખંડી લેવું; છુટકારો કરવો; છોડાવવું.
rapture ( joy.) હર્ષોલ્લાસ; ખૂબ આનંદ; ઉલ્લાસ ( પું.) ભાવસમાધિ ( સ્ત્રી.)
" rapture of the saints " ઉપર તણાઈ/તેડાઈ જવું.
ratification મંજૂરી; બહાલી ( સ્ત્રી.); અનુમોદન; અનુસમર્થન ( ન.)
rational તર્કસિદ્ધ; તર્કસંગત; બુદ્ધિગમ્ય.
rationalism બુદ્ધિવાદ ( પું.)
rationalization કારણારોપણ.
reading ( textual ) પાઠ ( પું.)
real સાચું; વાસ્તવિક; યથાર્થ.
real presence ( See also virtual ) સાચી/વાસ્તવિક હાજરી ( સ્ત્રી.)
realisation સાક્ષાત્કાર ( પું.); સિદ્ધિ ( સ્ત્રી.)
realise સમજવું; પ્રાપ્ત કરવું.
*realised eschatology યુગાંત શરુ થઈ ચૂક્યો છે એવી માન્યતા.

— અંગ્રેજ ઈશ્વરજ્ઞાનવેત્તા સી. એચ. ડૉડના નામ સાથે સંકળાયેલો સિદ્ધાંત : ઈશ્વરનું રાજ્ય ભવિષ્યની આશારૂપે જ નથી, પણ એક અર્થમાં ખ્રિસ્તમાં એ ક્યારનુંય પ્રત્યક્ષ થઈ ચૂક્યું છે–પ્રાપ્ય બની ચૂક્યું છે. " આવનાર દુનિયાના—આવનાર યુગના જીવન "નો મંડળીમાં આરંભ થઈ ચૂક્યો છે.

*realism ભાવાસ્તિત્વવાદ ( પું.); વાસ્તવવાદ ( પું.); વાસ્તવદર્શન ( ન.); યથાર્થવાદ ( પું.)

(૧) મધ્યકાલીન યુગમાં એક એવો સિદ્ધાંત પ્રચલિત હતો કે, ભાવવાચક સંજ્ઞાઓ વસ્તુ કે વ્યક્તિથી નોખું એવું અસ્તિત્વ ધરાવે છે; દા. ત.

માણસ ભલો છે એમ કહીએ ત્યારે તેની ભલાઈ એક ગુણ તરીકે તેનાથી અલગ અસ્તિત્વ ધરાવે છે. આ મતને જાતિવાદ પણ કહે છે. નામવાદીઓ અથવા અભિધાનવાદીઓ આ મત સ્વીકારતા નહોતા. તેઓ કહેતા કે, બાહ્ય વિશ્વમાં ભાવ, ગુણ કે સિદ્ધાંતનું વ્યક્તિથી અલગ એવું અસ્તિત્વ છે જ નહિ.

(૨) અર્વાચીન ફિલસૂફી અનુસાર જે દૃષ્ય વિશ્વ છે તે જ સાચું છે. વિશ્વ સાચે જ અસ્તિત્વ ધરાવે છે. Idealism (વિજ્ઞાનવાદ) મુજબ વિશ્વ તમામ દૃષ્ય કે સ્પર્ષ્ય વસ્તુઓથી પર છે. Realism આની વિરૂદ્ધનો સિદ્ધાંત છે.

(૩) (સામાન્ય) ભાવવાચક સિદ્ધાંત પર નહિ પણ ઇતિહાસની હકીકતો પર આધારિત એવા દૃષ્ટિબિંદુને રીયલિઝમ કહે છે.

realist — વાસ્તવદર્શી; યથાર્થદર્શી.
reality — વાસ્તવિકતા; સત્યતા (સ્ત્રી.); સત્ય; તત્ત્વ; વસ્તુત્વ; ખરાપણું (ન.)
reason — બુદ્ધિ (સ્ત્રી.); કારણ (ન.); હેતુ (પું.)
rebaptism — પુનઃબાપ્તિસ્મા (ન.)
rebel (n.) — બળવાખોર; ફિતૂરી; બંડખોર.
rebel (vb.) — બળવો કરવો; સામનો કરવો.
rebellion — બળવો (પું.); ફિતૂર; બંડ (ન)
rebirth — પુનર્જન્મ (પું.)
recant — જાહેરમાં પાછું ખેંચવું; મત ત્યાગ કરવો (જાહેર).
recompense — બદલો (પું.); પ્રતિફળ; પ્રતિદાન (ન.)
reconcile — પુનર્મિલાપ કરાવવો; સમાધાન કરાવવું; મેળ કરાવવો.
reconciliation — સમાધાન (ન.); પુનર્મિલાપ (પું.)
recreate — પુનઃસર્જન કરવું.
re-creation — પુનઃસર્જન.
rector (minister of local Church) — સ્થાનિક મંડળીનો ધર્મસેવક.
,, (head of college) — વિદ્યાલય કે તેના કોઈ વિભાગનો વડો.

| | |
|---|---|
| redact | ગ્રંથનું સંસ્કરણ કરવું; નવી આવૃત્તિ માટે સુધારવું. |
| redaction | સંસ્કરણ ( ન.) |
| redeem | ખંડવું; ખંડી લેવું; મૂલ્ય આપી છોડાવવું; મુક્ત કરવું; છોડાવવું. |
| redeemer | ઉદ્ધારક; મુક્તિદાતા; છોડાવનાર. |
| redemption | મુક્તિ (સ્ત્રી.); ઉદ્ધાર; મોક્ષ (પું.) |
| reference | ઉલ્લેખ; નિર્દેશ; સંબંધ; સંદર્ભ (પું.) |
| reflection ( image ) | પ્રતિબિંબ; પરાવર્તન (ન.) |
| reflection ( mental ) | મનન; ચિંતન ( ન.) |
| reflex ( action ) | સહજ ક્રિયા; અહેતુક પ્રતિક્રિયા (સ્ત્રી.) |
| reform ( n.) | સુધારો (પું.) |
| reform ( vb.) | સુધારવું. |
| *Reformation | ધર્મસુધારણા ( સ્ત્રી.); સુધારો ( પું.) |

— રો. કે. સંપ્રદાયનાં અનેક દૂષણો દૂર કરવા સારુ યુરોપમાં ૧૬મી સદીમાં માર્ટિન લુથરની આગેવાની હેઠળ થયેલી મહાન ધાર્મિક હિલચાલ. એ સમયનો રો. કે. સંપ્રદાય સુધારા સ્વીકારવા ઇચ્છતો નહોતો તેને પરિણામે મહાન પ્રોટેસ્ટંટ મંડળીઓની સ્થાપના થઈ. ધર્મસુધારણાના કેટલાક મુખ્ય સિદ્ધાંત : બાઇબલ તરફ પાછા વળો; ન્યાયીકરણ કરણીદ્વારા નથી થતું પણ વિશ્વાસદ્વારા થાય છે; વિશ્વાસ કરનાર તમામ યાજકપદનાં અધિકારી છે; દરેક દેશની ભાષામાં બાઇબલનું ભાષાંતર થવું જોઈએ, અને ભજનસેવા માતૃભાષામાં થવી જોઈએ.

| | |
|---|---|
| reformed ( adj.) | રીફૉર્મ્ડ; પુનર્રચના પામેલી. |
| reformer | સુધારક. |
| refutation | રદિયો ( પું ); ખંડન ( ન.) |
| regeneration | નવજીવન; પુનર્જીવન ( ન.); પુનરુત્પત્તિ (સ્ત્રી.) |
| regular ( clergy ) | સંઘશાસન તળેનો સાધુ; સંન્યાસી ધર્મગુરુ (રો.કે.) |
| reign ( n.) | રાજ્ય; શાસન ( ન.); રાજ્યકાળ ( પું.) કારકિર્દી ( સ્ત્રી.) |

reincarnation (rebirth) પુનરાવતાર ( પું.)
,, ( principle ) જન્મજન્માંતરનો સિદ્ધાંત.
relative ( adj.) સાપેક્ષ; તુલનાત્મક; સંબંધી.
relics અવશેષ; મૃતાવશેષ ( પું.) સ્મૃતિચિહ્ન; સંભારણું ( ન.)
religion ધર્મ; મત; માર્ગ ( પું.)
religiosity અતિધર્મિપણું ( ન.)
religious ( pious ) ધાર્મિક; ધર્મસંબંધી.
,, ( member of an order ) સંઘશાસિત સભ્ય.
remission છુટકારો ( પું.); માફી ( સ્ત્રી.)
*remnant શેષ; અવશેષ ( પું.)

— જૂના કરારના સમયમાં યહૂદીઓ પ્રજા તરીકે હમેશાં પાપ અને બળવો કરતા હતા ત્યારે જે નાનાં જૂથ–મોટે ભાગે બહુ નાની લઘુમતિ ઈશ્વરને વિશ્વાસુ અને વફાદાર રહેતી તે ( દા. ત. યશા. ૧ : ૯ ).

remorse ખેદ; રંજ (પું.); ગ્લાનિ ( સ્ત્રી.); પશ્ચાત્તાપ (પું.)
*renaissance ( renascence ) પુનરુજ્જીવન ( ન.); નવજાગૃતિ ( સ્ત્રી.) નવોત્થાન ( ન.)

— ઈ. સ. ૧૪૫૩માં તુર્ક સૈન્યે કૉન્સ્ટંટિનોપલ જીતી લીધું પછી પૂર્વ યુરોપીય પંડિતો અને તેમના ગ્રંથો પશ્ચિમના પ્રદેશોમાં પ્રવેશ પામ્યા; ગ્રીક અને લૅટિન પ્રદેશોનાં કળા અને સાહિત્યનું નવેસરથી સંશોધન થવા લાગ્યું, અને તેને પરિણામે કલા, સાહિત્ય અને વિજ્ઞાનના ક્ષેત્રે યુરોપમાં જે પુનરુજ્જીવન પ્રગટ્યું તેને રીનેસાં કહે છે.

renewal નવીનીકરણ (ન ); પુનરુદ્ધાર (પું.) જાગૃતિ (સ્ત્રી.)
renunciation ત્યાગ ( પું.)
reordination પુનર્દીક્ષા ( સ્ત્રી.)
repentance પસ્તાવો; પશ્ચાત્તાપ ( પું.); મનપરિવર્તન (ન.); હૃદયપલટો ( પું.); મનપલટો ( પું.)
repentant પસ્તાવિક; પશ્ચાત્તાપી.

representative ( adj.) પ્રતિનિધિક; પ્રતિનિધિરૂપ.
representative (n.) પ્રતિનિધિ.
repression દમન ( ન ); નિગ્રહ ( પું.)
reprobate પાપાત્મા ( પું.); ધર્મભ્રષ્ટ; પાપમાં રીઢું; ઈશ્વરથી તજાયેલું.
repudiate ઇન્કાર કરવો; ત્યાગ કરવો; ( આક્ષેપનું ) ખંડન કરવું.
repudiation ઇન્કાર; ત્યાગ ( પું.)
*reservation ( of sacrament ) ( રો. કે. ) પ્રસાદની પેટીમાં રાખી મૂકેલી પ્રભુભોજનની રોટલી.
resistance સામનો; પ્રતિકાર; વિરોધ ( પું.)
resolute દઢ; મક્કમ.
resolution ( mental ) દઢ સંકલ્પ ( પું.); દઢતા ( સ્ત્રી.)
resolution ( proposed action ) ઠરાવ; પ્રસ્તાવ ( પું.)
resolution ( action decided on ) નિર્ણય; ઠરાવ ( પું.)
resolve ( vb. ) દઢ સંકલ્પ કરવો; નિર્ણય કરવો.
response ઉત્તર; પ્રત્યુત્તર ( પું.); પ્રતિક્રિયા ( સ્ત્રી.)
responsible જવાબદાર.
responsibility જવાબદારી ( સ્ત્રી.)
responsive સંવેદનાશીલ.
restitution પાછું ભરી આપવું; નુકસાન ભરપાઈ.
restoration પુનઃસ્થાપના; પુનઃપ્રસ્થાપના ( સ્ત્રી.)
restore પુનઃસ્થાપના કરવી; પુનઃસ્થાપિત કરવું.
resurgent નવજાગૃતિ પામતું; ફરી ઊભું–સજીવન થતું.
resurrection પુનરુત્થાન ( ન.); પુનઃસજીવન થવું.
retract પાછું ખેંચવું.
retreat ( withdrawal ) પીછેહઠ ( સ્ત્રી.)
retreat ( vb.) પીછેહઠ કરવી.

retreat (for meditation) મનનસભા ( સ્રી.)
retribution પ્રતિફળ ( ન.); બદલો ( પું.); સજા ( સ્રી.)
reunion પુનર્મિલન ( ન.); પુનરૈક્ય ( ન )
reveal ( શબ્દાર્થ: અનાવરણ કરવું ); પ્રગટ કરવું.
revelation પ્રકટીકરણ ( ન.); ( શબ્દાર્થ: અનાવરણ ); શ્રુતિ ( સ્રી.)
reverence માન; સન્માન ( ન.); આદર; પૂજ્યભાવ (પું.)
revision સંસ્કરણ; પુનરાવર્તન ( ન.)
revival પુનર્જાગ્રતિ; આત્મિક જાગ્રતિ ( સ્રી.); ધર્મજાગ્રતિ ( સ્રી )
*revivalism ધર્મજાગ્રતિવાદ ( પું.)

— બાઇબલના અભ્યાસની પ્રાર્થનાસભાઓ દ્વારા મોટી મોટી સભાઓ ભરવામાં આવે, અને ત્યાં સુવાર્તાનો જુસ્સાદાર ઉપદેશ થાય,— લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્તને અંગત તારનાર તરીકે સ્વીકાર કરવા નહોતરું અપાય, અને એ બધાને પરિણામે લોકોનું જે ભક્તિજીવન ઘડાય તેને રીવાઈવલિઝમ—ધર્મજાગ્રતિની પ્રેરણાને પોષનાર વાદ કહે છે.

revive જાગ્રત થવું/કરવું; પ્રાણ પૂરવો; હોશમાં આવવું/લાવવું; પુનઃપ્રચલિત કરવું
revocation રદ્દીકરણ ( ન.)
revoke રદ કરવું.
revolution ક્રાંતિ ( સ્રી.); વિપ્લવ ( પું.)
righteous ધર્મિષ્ઠ; ધાર્મિક; ન્યાયી.
righteousness ન્યાયીપણું (ન.); ધર્મ (પું.); ધાર્મિકતા (સ્રી.); સદ્દાચાર ( પું.)
rite ક્રિયા; વિધિ; રીત ( સ્રી.)
ritual ધર્મવિધિ/ધર્મક્રિયા ( સ્રી.)
*ritualism ક્રિયાકાંડ ( પું.); ધર્મવિધિઓના ચુસ્ત પાલન પર ભાર મૂકતું વલણ.
ritualist ક્રિયાકાંડી
rival પ્રતિસ્પર્ધી; હરીફ.

| | |
|---|---|
| rivalry | સ્પર્ધા; હરીફાઈ (સ્ત્રી.) |
| *Rogation (days) | ઉપવાસ અને પ્રાર્થનાના દિવસો. |

— (લૅટિન : વિનંતી–માગણી)—ઇંગ્લંડમાં કાપણીની મોસમ બેસે તે અગાઉ ઉપવાસ અને પ્રાર્થના (વિનંતી)ના દિવસો.

| | |
|---|---|
| rosary | પ્રાર્થનાની ગણતરી માટે હાથમાં રાખવામાં આવતી મણકાની માળા (સ્ત્રી.) |
| *rubric | ભજનસેવા ચલાવવાની પ્રાર્થનાપોથીમાં ધર્મ-સેવકે અનુસરવાનાં લાલ અક્ષરે છાપેલાં સૂચનો. |

— (લૅટિન : રૂબેર = લાલ) આ સૂચનો લાલશાહીથી છપાતાં હતાં.

| | |
|---|---|
| rule | નિયમ (પું.); શાસન (ન.) |
| rule of life | દિનચર્યાનું ધોરણ (ન.) |
| sabaoth | (હિબ્રૂ) સાબાઓથ; સૈન્યો(નો દેવ). |
| *Sabbatarian | સાબ્બાથવાદી; સાબ્બાથ દિને કોઈ પણ જાતનું કામ કરવું નહિ એવા સિદ્ધાંતને ચુસ્ત-પણે વળગી રહેનાર. |

— "સાબ્બાથ" હિબ્રૂ ભાષાનો શબ્દ છે. અસલ અર્થમાં સાબ્બાથ અઠવાડિયાનો છેલ્લો દિવસ એટલે શનિવાર છે. સાબ્બાથપાલન ઉપર ખાસ કરીને ફરોશીઓ વિશેષ ભાર મૂકતા હતા. ધર્મસુધારણા પછી કેટલાક ખ્રિસ્તીઓ રવિવાર સાબ્બાથ તરીકે પાળવા લાગ્યા, અને કેટલાક હજુ પણ પાળે છે.

| | |
|---|---|
| sacerdotal | યાજકને લગતું; યાજકે કરવાનું; યાજકતંત્રવાળું. |
| *sacerdotalism | યજ્ઞયાગવાદ; યાજકતંત્રવાદ (પું.) |

— લૅટિન "સાકરદોસ" = યાજક, પુરોહિત.

(अ) યાજકપદ અને યાજકો દ્વારા જ પ્રાયશ્ચિત્ત કરી શકાય અને યાજકો ચમત્કારિક શક્તિ ધરાવે છે એવી માન્યતા.

(ब) યાજકપદનાં કાર્યો અને મહત્ત્વ ઉપર મુકાતો વધારે પડતો ભાર.

| | |
|---|---|
| *sacrament | સંસ્કાર (પું.) |

— રો. કે. મંડળી સાત સંસ્કાર માને છે: બાપ્તિસ્મા, દઢીકરણ, પ્રભુભોજન, તપશ્ચર્યા, અંતિમ અભ્યંગ, દીક્ષા અને લગ્ન. પ્રોટેસ્ટંટ મંડળીઓ માત્ર બે સંસ્કાર એટલે બાપ્તિસ્મા અને પ્રભુભોજન માને છે.

,, (the holy) } પ્રભુભોજનમાં અર્પિત કરાયેલાં દ્રવ્યો,
,, (the blessed) } ખાસ કરીને રોટલી.
,, (reserved) પ્રભુભોજન પળાયા પછી રાખી મૂકેલાં પવિત્ર દ્રવ્યો.

— પ્રાચીન મંડળીમાં પ્રભુભોજનની ભજનસેવામાં માંદગીને લીધે કે અન્ય કારણસર ગેરહાજર રહેલા સભાસદોને પાછળથી રોટલી અને દ્રાક્ષારસ આપી શકાય માટે તે અર્પિત કરાયેલાં દ્રવ્ય રાખી મૂકવામાં આવતાં હતાં. કેટલીએક મંડળીઓમાં તે રિવાજ હજી ચાલુ છે. રો. કે. મંડળીમાં પ્રભુભોજનમાં અર્પિત કરાયેલી રોટલી ખ્રિસ્તનું ખરેખરું શરીર બની જાય છે એવી માન્યતા હોવાથી તે રોટલી કોઈક વાર વેદી પર રાખી મૂકવામાં આવે છે, જેથી સભાસદો પાછળથી તેની આગળ આવીને પૂજા કરી શકે.

sacramental સંસ્કારનું; સંસ્કારને લગતું.
sacred પવિત્ર; પુનિત; પાવન.
sacrifice (offering) બલિદાન (ન.); યજ્ઞ (પું.); અર્પણ (ન) ભોગ (પું.)
,, (self-offering) ત્યાગ (પું.); અર્પણ; સ્વાર્પણ; આત્મસમર્પણ (ન.)
sacrilege પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવી; અભડાવવી; અપવિત્રીકરણ (ન)
sacrosanct અત્યંત પવિત્ર અને તેથી જ સુરક્ષિત; અલંઘનીય–ઓળંગી કે ઉથાપી ના શકાય એવું.
saga વીરગાથા; અદ્દ્ભુત કથા (સ્ત્રી.)
saint સંત; પુણ્યાત્મા; સાધુ (પું.)
(See also communion of Saints).

salvation — ઉદ્ધાર (પું.); મુક્તિ (સ્ત્રી.); તારણ (ન.); મોક્ષ (પું.)
sanctification — પવિત્રીકરણ (ન.)
sanctuary (holy place) — પવિત્ર સ્થાન (ન.)
,, (place of refuge) — આશ્રયસ્થાન (ન.)
*Sanctus — પવિત્ર.

— (લૅટિન : સૅન્કટસ = પવિત્ર)–"પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોના પ્રભુ" એ શબ્દોથી શરુ થતો સ્તુતિશ્લોક.

Sanhedrin — સાન્હેડ્રિન; યહૂદીઓની વરિષ્ઠ ન્યાયસભા (સ્ત્રી.)
Satan — શેતાન (પું.)
satisfaction (subjective) — સંતોષ (પું.); તૃપ્તિ (સ્ત્રી.)
satisfaction (objective) — તર્પણદ્વારા પ્રાયશ્ચિત્ત (ન.)
*Satisfaction Theory — સંતોષાત્મક સિદ્ધાંત (પું.)

— કેન્ટરબરીના આન્સેલ્મે (૧૧મી સદી) પ્રાયશ્ચિત્તનો જે સિદ્ધાંત રજૂ કર્યો હતો તે. માણસે તેના પાપના પરિણામે ઈશ્વરના મહિમા વિરૂદ્ધ અનહદ મોટો અપરાધ કર્યો છે અને એકલો ખ્રિસ્ત જ તેના મૂલ્યવાન મૃત્યુની અનહદ શક્તિ વડે ઈશ્વરને સંતોષી શકે એમ છે.

satisfy — સંતોષવું; તૃપ્ત કરવું.
saviour — ત્રાતા; તારનાર; તારણહાર; ઉદ્ધારનાર; મુક્તિદાતા; ત્રાણકર્તા (પું.)
*scape-goat — પાપહરણ કરનાર છૂટો મુકાયેલો બકરો.

— જુઓ લેવીય ૧૬ : ૨૧

sceptic — સંશયવાદી; શંકાવાદી; સંદેહ લાવનાર; અશ્રદ્ધાળુ.
scepticism — સંશયવાદ; શંકાવાદ; સંદેહ (પું.)
science — વિજ્ઞાનશાસ્ત્ર (ન.)
schism — ફાટફૂટ (સ્ત્રી.): ભાગલા (પું.) ભંગાણ (ન.) તડ (ન.)

schismatic ફાટફૂટને લગતું; ફાટફૂટ પડાવનાર.
scholastic વિદ્યાવાદી; પાંડિત્યવાળું (મધ્યયુગી).
*scholasticism ખ્રિસ્તી સિદ્ધાંતવાદ (મધ્યયુગી).

— મધ્યકાલીન યુરોપની વિદ્યાપીઠોની અભ્યાસપ્રણાલી. પાછળથી ખ્રિસ્તી ધર્મમાં મહાન સત્યોના અભ્યાસને બદલે એ વિદ્યાપીઠોના પંડિતો ચોકસાઈ અને તર્કયુક્ત દલીલબાજી પર ભાર મૂકવામાં અને નકામી વિગતોની માથાફૂટમાં પંડિતાઈ રહેલી છે એવું માનતા થયા હતા.

school (place of learning) શાળા (સ્ત્રી.); વિદ્યાલય (ન.)
school (tradition) સંપ્રદાય; પંથ; મત (પું.); વિચારસરણી (સ્ત્રી.)
scriptural ધર્મશાસ્ત્રસંબંધી; ધર્મશાસ્ત્રાનુસાર શાસ્ત્રીય.
scripture ધર્મશાસ્ત્ર; શાસ્ત્ર (ન.); ધર્મગ્રંથ (પું.) શ્રુતિ (સ્ત્રી.)
scroll ઓળિયું (ન.)
scruple સંકોચ; સંશય (પું.)
seal (n.) મુદ્રા; મહોર; છાપ (સ્ત્રી.)
seal (vb.) મુદ્રા કરવી; મહોર કરવી.
second coming/advent પુનરાગમન (ન.)
secondary ગૌણ.
sect પંથ; સંપ્રદાય (પું.); દળ (ન)
sectarianism સાંપ્રદાયિકતા (સ્ત્રી.)
secular (non-religious) બિનસાંપ્રદાયિક; બિનમજહબી; બિનકોમી.
,, (worldly) દુનિયાદારીનું; ઐહિક; લૌકિક.
secularism (religious neutrality બિનસાંપ્રદાયિકતા.
,, (worldliness) ઐહિકવાદ; લૌકિકવાદ.
see (episcopal) બિશપની દેખભાળનો વિસ્તાર.
seer દ્રષ્ટા; ઋષિ (પું.)
seeker (gen.) શોધક (પું.)
seeker (after knowledge) જિજ્ઞાસુ (પું.)

| | |
|---|---|
| seeker (after salvation) | મુમુક્ષુ (પું.) |
| self | અહમ્; આત્મા; જાતે; પોતે; સ્વયં; અહંકાર. |
| self-consciousness | અહંભાન (ન.); આત્મચેતના (સ્ત્રી.) |
| self-control | સંયમ; આત્મસંયમ (પું.) |
| self-deception | આત્મવંચના (સ્ત્રી.); જાતને છેતરવી. |
| self-defence | આત્મરક્ષા (સ્ત્રી.); સ્વરક્ષણ (ન.) બચાવ (પું.) |
| self-denial | આત્મત્યાગ; સ્વનકાર; સ્વત્યાગ (પું.) |
| self-determination | આત્મનિર્ણય; સ્વયંનિર્ણય (પું.) |
| ,, (political) | (રાજકીય) સ્વતંત્રતા (સ્ત્રી.); સ્વાતંત્ર્ય (ન) |
| self-development | આત્મોન્નતિ (સ્ત્રી.); આત્મવિકાસ; સ્વયંવિકાસ (પું.) |
| self-esteem | સ્વમાન; આત્મગૌરવ; અભિમાન (ન.) |
| self-evident | સ્વયંસિદ્ધ; સ્વપ્રમાણિત. |
| self-examination | આત્મપરીક્ષા (સ્ત્રી.) |
| self-existent | સ્વયંભૂ (પું.) |
| self-government | સ્વરાજ્ય; સ્વશાસન (ન.) |
| selfishness | સ્વાર્થ (પું.) |
| self-knowledge | આત્મજ્ઞાન (ન.) |
| self-pity | આત્મકરુણા; જાતદયા (સ્ત્રી.) |
| self-respect | સ્વમાન (ન.) |
| self-sacrifice | આત્મસમર્પણ; સ્વાર્પણ; આત્મબલિદાન (ન.) આત્મભોગ; સ્વાર્થત્યાગ (પું.) |
| self-support | સ્વયંપોષણ (ન.); સ્વાશ્રય (પું.) |
| self-surrender | સ્વાર્પણ; આત્મસમર્પણ (ન.); શરણાગતી (સ્ત્રી.) |
| self-transcendence | સ્વાતીતપણું (ન.) |
| self-transcendent | સ્વાતીત. |
| semblance | બાહ્ય દેખાવનું મળતાપણું (ન.); રૂપ (ન.); આભાસ (પું.) |
| seminary | ઈશ્વરવિદ્યાપાઠશાળા (સ્ત્રી.); ગુરુકુલ (ન.) |
| semitic | શામી; શેમવંશી. |
| sensation | લાગણી (સ્ત્રી.); ઈંદ્રિયજ્ઞાન; સંવેદન (ન.) |

sense ( feeling, discernment ) લાગણી; સમજ (સ્ત્રી.); ભાન (ન.)
sense ( meaning ) અર્થ (પું.); તાત્પર્ય (ન.)
sense-perception ઇંદ્રિયજ્ઞાન (ન.)
sensibility સમજશક્તિ; સંવેદનશીલતા (સ્ત્રી.)
sensitive લાગણીપ્રધાન; ઊર્મિપ્રધાન; લાગણીશીલ; સંવેદનશીલ; સૂક્ષ્મભેદ બતાવનાર.
sensitivity સંવેદનશક્તિ; સમજશક્તિ (સ્ત્રી.)
sensual ( carnal ) શારીરિક; દૈહિક.
sensual ( pertaing to the senses ) ઇંદ્રિયોને લગતું; ઇંદ્રિયવિષયક.
sensual ( voluptuous ) વિષયી; કામી; વિષયાસક્ત.
sensuality કામીપણું (ન); કામુકતા; વિષયાસક્તિ (સ્ત્રી.)
sentiment ભાવ (પું.); લાગણી (સ્ત્રી.); અભિપ્રાય (પું.)
separatism અલગતાવાદ (પું.)
septuagint સપ્તતિ અનુવાદ (પું.); જૂના કરારનો ગ્રીક તરજુમો.
sermon ઉપદેશ (પું.); બોધભાષણ (ન.); ઈશ્વરી સંદેશો (પું.)
servant સેવક; દાસ; નોકર (પું.)
*servant, the suffering દુઃખ સહન કરનાર સેવક.

— ઈસ્રાએલના પાપને કારણે દુઃખ સહેનાર અને મૃત્યુ પામનાર એવા એ "સેવક"નું વર્ણન યશાયાહના પુસ્તકના ૫૩મા અધ્યાયમાં મળે છે. ખ્રિસ્તીઓને મન "સેવક" સંબંધીની એ આગાહીઓ–અગમવાણીઓ–ખ્રિસ્તમાં પૂર્ણ થઈ છે.

service ( gen.) સેવા (સ્ત્રી.)
service ( of worship ) ભક્તિસભા; ભજનસેવા; આરાધના; ઉપાસના (સ્ત્રી.)
servus servorum Dei (Lat.) ઈશ્વરનો દાસાનુદાસ.

Seventh Day
Adventists જુઓ Adventist.

*Sheol શેઓલ ( ન.); પ્રેતલોક ( પું.) અધઃપ્રદેશ ( પું.); અધઃસ્થાન.

— જૂના કરારનો પ્રેતલોક–મૃત્યુ બાદ પૃથ્વી પરથી વિદાય પામેલા આત્માઓનો પ્રદેશ. ભાવિ જીવન પડછાયારૂપ હતું એવી માન્યતાનું પ્રતિબિંબ પાડતો શબ્દપ્રયોગ. પાછલા સમયના યહૂદી ધર્મમાં અને ખ્રિસ્તી ધર્મમાં એ માન્યતાનો વધુ સ્પષ્ટ વિકાસ થતાં શેઓલનું સ્થાન પુનરુત્થાન અને વધુ ઉજ્વળ ભાવિની માન્યતાએ લીધું છે.

Sign ( miracle ) ચિહ્ન; અદ્ભુત કાર્ય ( ન.); ચમત્કાર ( પું.)

*Simony ધર્મવિક્રય ( પું.); ધર્મને કમાણીનું સાધન બનાવવો તે.

— સિમોનવાદ–સિમોન જાદુગર પરથી ( પ્રે. કૃ. ૮ : ૨૦ ).

Sin ( power of ) પાપ ( ન.), પાપસત્તા ( સ્ત્રી.); દુષ્ટાઈ ( સ્ત્રી.)

Sin ( act of ) પાપ; દુષ્કર્મ; પાપકર્મ; પાપાચરણ ( ન.)

Sin ( original ) જુઓ original.

Sin of commission પાપકૃત્ય.

Sin of omission કરવાનું ન કર્યું તે; અનાચરણવિષયક પાપ (ન.); કસૂર ( સ્ત્રી.); ચૂક ( સ્ત્રી.)

Sinful પાપી; પાપમય; પાપાધીન; પતિત; પતનશીલ.

sinless નિષ્પાપ; નકલંક; નિષ્કલંક; નિર્દોષ.

sinner પાપી; પાપ કરનાર; પાતકી; પતિત.

sin-offering પાપાર્થાર્પણ ( ન.); પાપબલિ ( પું.)

snare જાળ ( સ્ત્રી ); ફાંદો; પાશ; ફાંસલો ( પું.)

social સામાજિક.

socialism સમાજવાદ ( પું.)

socialist સમાજવાદી.

society ( human ) સમાજ ( પું.)

society (organization) સંસ્થા ( સ્ત્રી.); મંડળ ( ન.); સમાજ ( પું.)

sociology સમાજશાસ્ત્ર; સમાજવિજ્ઞાન ( ન.)

| | |
|---|---|
| solemn | ગંભીર; વિધિપૂર્વક. |
| solemnize | વિધિપૂર્વક ક્રિયા કરવી; ધર્મવિધિસર કરવું. |
| solidarity | સંગઠન; સંગીનપણું; અવિભાજિતપણું; અખંડિતપણું (ન.) |
| Son of God | ઈશ્વરપુત્ર (પું.) |
| Son of man | માનવપુત્ર; મનુષ્યપુત્ર (પુ.) |
| sonship | પુત્રપણું; પુત્રત્વ (ન.) |
| sophism | ખરી દેખાતી પણ વસ્તુતઃ ખોટી દલીલ; ખોટો યુક્તિવાદ; હેત્વાભાસ; વિતંડાવાદ (પું.) |
| sorcerer | જાદુગર; મંત્રતંત્ર કરનાર (પું.) |
| sorcery | જાદુ; મંત્રતંત્ર; જંતરમંતર (ન.) |
| sorrow | શોક; ખેદ (પું.); દુઃખ (ન.); આપત્તિ (સ્ત્રી.) |
| *soteriology | તારણવિદ્યા (સ્ત્રી.); મુક્તિશાસ્ત્ર (ન.); મુક્તિપ્રાપ્તિવિદ્યા (સ્ત્રી.), ઉદ્ધારવિષયકજ્ઞાન (ન.) |

— (ગ્રીકઃ સોતેરિયા = તારણ; ઉદ્ધાર; મુક્તિ) ખ્રિસ્તી ઈશ્વરવિદ્યામાં ખ્રિસ્તનું ઉદ્ધારક—તારણસાધક—કાર્ય વર્ણવતો વિભાગ.

| | |
|---|---|
| soul | આત્મા; જીવ; પ્રાણ; જીવાત્મા (પું.) |
| source | મૂળ; ઉદ્‌ભવસ્થાન; ઉગમસ્થાન; આદિકારણ(ન.); મૂલ/સાધન (ન.) |
| source (documentary) | મૂળ લખાણ; અસલ લખાણ (ન) અસલી લેખ (પું.) |
| sovereign (adj.) | પરમ; શ્રેષ્ઠ; સર્વસત્તાધારી; સાર્વભૌમત્વ; વરિષ્ઠ. |
| sovereign (n.) | સર્વસત્તાધીશ; અધિરાજા; સાર્વભૌમ સત્તાધીશ; રાજરાજેશ (પું.); સોનાનો સિક્કો (પું.) |
| sovereignty | પ્રભુત્વ (ન.); રાજસત્તા; શ્રેષ્ઠતા; સર્વોપરિતા (સ્ત્રી.) |
| space | અવકાશ (પું.); સ્થાન (ન.); આકાશ; અંતર (ન.); વિસ્તાર (પું.) |
| space and time | દેશ–કાળ, દિક્કાળ (પું.); દિશા અને કાળ. |
| species (biological) | ઉપજાતિ (સ્ત્રી.); વર્ગ. |
| spell (n.) | જાદુ; મંત્ર (પું.); મોહિની; મોહજાળ; અભિચાર. |
| spirit (of man) | આત્મા; જીવાત્મા (પું.); ચિત્ત; ચૈતન્ય (ન.) |

| | |
|---|---|
| spirit ( ghost ) | ભૂત ( ન.); પ્રેતાત્મા ( પું.) |
| Spirit ( Holy ) | પવિત્રાત્મા; શુદ્ધાત્મા; અંતર્યામી ( પું.) |
| spirit ( inner ) | અંતરાત્મા ( પું.) |
| Spirit ( supreme ) | પરમાત્મા ( પું.) |
| spirit ( attitude ) | ભાવ ( પું.); ભાવના ( સ્ત્રી.); વલણ ( ન.) |
| spirit and letter | આત્મા અને અક્ષર; ભાવ અને અક્ષર. |
| spiritism | મેલી વિદ્યા ( સ્ત્રી.) પિશાચાસ્તિત્વવાદ ( પું.) |
| spiritual ( belonging to the spirit ) | આત્મિક; આધ્યાત્મિક. |
| spiritual (incorporeal) | નિરાકાર. |
| spiritual ( mental ) | માનસિક. |
| spiritual ( pure intelligence ) | ચિન્મય. |
| *spiritualism | પ્રેતવાદ ( પું.); પ્રેતવિદ્યા ( સ્ત્રી.); આધ્યાત્મવાદ. |

— પ્રેતાત્માઓ સાથે વાતચીત કરવાની શક્યતામાં વિશ્વાસ ધરાવવો તે; પરલોકવિદ્યા.

| | |
|---|---|
| spirituality | આત્મિકતા; આધ્યાત્મિકતા ( સ્ત્રી.) |
| spontaneous | સહજ; સ્વાભાવિક; સ્વયંપ્રેરિત; સ્વયંસ્ફૂર્ત. |
| *sprinkling | પ્રોક્ષણ ( ન.); છંટકાવ ( પું.) |

— બાપ્તિસ્મા આપવાની એક રીત.

| | |
|---|---|
| standard ( ideal ) | આદર્શ ( પું.) |
| standard ( measure ) | ધોરણ; પરિમાણ; પ્રમાણ ( ન.); માપદંડ (પું.) |
| state ( condition ) | સ્થિતિ; અવસ્થા; દશા; હાલત ( સ્ત્રી.) |
| state ( nation ) | રાષ્ટ્ર ( ન.) |
| state ( region ) | રાજ્ય ( ન.) |
| static | સ્થિર; ગતિહીન; અગતિશીલ. |
| station ( in life ) | સ્થિતિ; અવસ્થા ( સ્ત્રી.); આશ્રમ ( પું.) |
| *stations of the Cross | વધસ્તંભના માર્ગ પરનાં સ્થાન. |

— "વધસ્તંભના માર્ગ" ઉપર બનેલા બનાવો દર્શાવતાં ૧૪ મથકોનાં ચિત્રો અથવા કોતરકામ. રો. કે. મંડળીમાં ભક્તિ માટે સહાયક તરીકે એમનો ઉપયોગ થાય છે.

steward કારભારી ( પું.)
stewardship કારભારીપણું ( ન. )
stigma ચિહ્ન ( ન.); ડાઘ ( પું.); કલંક ( ન.)
stigmata પ્રભુ ઈસુનાં ચિહ્નોની છાપ.
stimulus પ્રેરણા ( સ્ત્રી.); ઉત્તેજન ( ન.)
Stoic (following the Stoic philosophy) સ્તોઈક; સ્તોઈક મત–સુખદુઃખ પ્રત્યે ઉદાસીનતાના મતને માનનાર.
Stoic (showing fortitude) સુખ અને દુઃખ બન્ને સમાનભાવે સ્વીકારનાર; ખૂબ સંયમી.
*Stoicism સ્તોઈક સિદ્ધાંત–સ્તોઈકવાદ.

— ગ્રીક ફિલસુફ ઝેનોએ ઈ. સ. પૂર્વે ૩૦૦માં સ્થાપેલી એક વિચાર-સરણી ( તત્ત્વજ્ઞાનની ). સ્તોઈક મતવાળા સદાચાર અને ઋત–નિયમની સત્તામાં માનતા હતા. તેમનાં નૈતિક ધોરણ ઘણાં કડક હતાં. તેઓ દેહદમન–કડક તપશ્ચર્યા પર ભાર મૂકતા. સૃષ્ટિક્રમની વ્યવસ્થા અને સુંદરતા દ્વારા તેઓ એવી માન્યતા પર આવ્યા હતા કે, ઈશ્વર વિશ્વબુદ્ધિ અથવા લોગોસ (શબ્દ) છે. લોગોસની તેમની આ માન્યતાએ ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના ઘડતરમાં અસરકારક ફાળો આપ્યો છે.

stumbling–block ઠોકર ખવડાવનાર પાણો; પથ્થર ( પું.)
subconscious (adj.) અર્ધજાગ્રત; સુષુપ્ત.
subconscious ( n.) અર્ધજાગ્રતાવસ્થા; સુષુપ્તિ ( સ્ત્રી.)
subconsciousness અવચેતના ( સ્ત્રી.); અવબોધ ( પું.)
subjective આત્મલક્ષી.
sublime ભવ્ય; ઉચ્ચ, ઉન્નત; અતિ મહાન.
subordinate (adj.) ગૌણ; ઉતરતા દરજ્જાનું.
subordination આધીનતા; પરાધીનતા; પરવશતા ( સ્ત્રી.)
*subordinationism પુત્રપરાધીનતાવાદ ( પું.)

— ઈશ્વરપુત્ર ઈશ્વરપિતા કરતાં ઉતરતા દરજ્જાનો છે એવો વાદ— યોહાન ૧૪ : ૨૮.

subsidiary સહાયક; ગૌણ; પૂરક; ઊતરતા દરજ્જાનું.
subsist ( to exist ) અસ્તિત્વ ધરાવવું; હોવું; જીવવું.
,, (to eke out a living) નભવું; જીવતું રહેવું; નિર્વાહ કરવો.
subsistence (existence) અસ્તિત્વ ( ન.)
,, ( sustaining life ) આજીવિકા; જીવાઈ (સ્ત્રી.); નિભાવ; નિર્વાહ (પું.)
substance ( material ) દ્રવ્ય (ન.); પદાર્થ (પું ); તત્ત્વ (ન.); વસ્તુ (સ્ત્રી.)
substance ( gist ) સાર; ભાવાર્થ ( પું.)
substance ( in the Trinity ) સત્ત્વ; સત્ય; તત્ત્વ ( ન.); પ્રકૃતિ ( સ્ત્રી.)
substance and accidents દ્રવ્ય ( ન.) અને ગુણો ( પું.); સત્ત્વ અને લક્ષણો; ગુણલક્ષણો; તત્ત્વ અને ઉપાધીઓ.
substantial વાસ્તવિક; તાત્ત્વિક; નક્કર; સદ્ધર.
substantiality વાસ્તવિકતા; તાત્ત્વિકતા ( સ્ત્રી )
substantive ( adj.) તાત્ત્વિક.
substitute ( adj.) અવેજી.
substitute ( n.) અવેજી; અન્યનું સ્થાન લેનાર.
substitution અન્યના બદલામાં આપવું કે રાખવું; અવેજી.
*substitutionary theory ( of the atonement ) અવેજીવિષયક.
— ખ્રિસ્ત માનવીને સાટે શિક્ષા ભોગવે છે તે સિદ્ધાંત.
succession ( See also apostolic ) અનુક્રમ ( પું.); પરંપરા ( સ્ત્રી.); ઉત્તરાધિકાર; વારસાહક્ક ( પું.)
successor વારસ; ઉત્તરાધિકારી ( પું.)
suffragan બિશપવિસ્તારના અમુક ભાગ પર દેખરેખ રાખનાર મદદનીશ બિશપ.
sui generis ( Lat.) અદ્વિતીય; અનુપમ; અજોડ.
summum bonum (Lat) પરમશ્રેય.
supererogation, works of કર્તવ્ય કે ફરજ ઉપરાંતનાં કાર્યો; કર્તવ્યાતિરેક ( પું.)

| | |
|---|---|
| supererogatory | ફરજિયાત કાર્યો ઉપરાંતનાં; કર્તવ્યાતિરિક્ત. |
| superfluous | વધારે પડતું; બિનજરૂરી. |
| superhuman | અલૌકિક; અતિમાનુષી. |
| superior (adj.) | ચઢિયાતું; ઉચ્ચતર; ચઢિયાતા દરજ્જાનું. |
| superior (of a relig. order) | અધ્યક્ષ; મઠાધ્યક્ષ; ઉપરી અધિકારી; વડો. |
| superiority | શ્રેષ્ઠતા (સ્ત્રી.); ચઢિયાતાપણું; પ્રાધાન્ય (ન.) સરસાઈ (સ્ત્રી.) |
| supernatural | અલૌકિક; નિસર્ગાતિત; પારલૌકિક. |
| supplement | પુરવણી (સ્ત્રી.); પરિશિષ્ટ (ન.) |
| supplementary | પૂરક. |
| supplication (prayer of) | નમ્રતાપૂર્વક વિનંતી. |
| supra-national | અધિરાષ્ટ્રિય. |
| supreme | સર્વોપરિ; સર્વોત્તમ; પરમ; સર્વોચ્ચ. |
| Supreme Being | પરમાત્મા; પરાત્પર; પરમજીવ બ્રહ્મ; પરબ્રહ્મ; સચ્ચિદાનંદ. |
| suppress | દાબી દેવું; દમન કરવું; દમવું. |
| suppression | દમન (ન.) |
| surrender (defeat) | તાબેદારી; હાર; શરણાગતિ (સ્ત્રી.) |
| surrender (self-dedication) | સમર્પણ; આત્મસમર્પણ (ન.); પ્રપત્તિ (સ્ત્રી.); આત્મનિવેદન (ન.) |
| surrender (vb.) | તાબે થવું; સમર્પિત થવું; સમર્પણ કરવું. |
| sursum corda (Lat.) | "તમારાં હૃદયો ઉલ્લાસિત થાઓ"; હર્ષ કરો; પ્રભુભોજનની વિધિમાં અર્પણની પ્રાર્થના પૂર્વે વપરાતું વાક્ય. |
| survival | બચાવ (પું.) ટકી રહેવું. |
| survival of the fittest | "બળિયાના બે ભાગ"; યોગ્યતમની ચિરંજીવતા; લાયકનો બચાવ. |
| swear | સમ ખાવા; સોગન લેવા; અપશબ્દ ઉચ્ચારવા. |

| | |
|---|---|
| symbol | પ્રતીક; ચિહ્ન ( ન.); સંજ્ઞા; નિશાની; એંધાણી ( સ્ત્રી.) |
| symbol ( of faith ) | વિશ્વાસનામું; શ્રદ્ધાસુત્ર ( ન.) |
| symbolic | સંજ્ઞારૂપ; પ્રતીકરૂપ; પ્રતીકાત્મક; સાંકેતિક; લાક્ષણિક; દ્યોતક. |
| symbolics | વિવિધ વિશ્વાસનામાનું અધ્યયન ( ન.) |
| symbolism ( symbolic treatment ) | રૂપક; સંજ્ઞા–અર્થ; સંજ્ઞા વિવેચન. |
| symbolism ( science of symbols ) | સંજ્ઞાશાસ્ત્ર. |
| sympathy | સહાનુભૂતિ; હમદર્દી ( સ્ત્રી.); અનુકંપા; મમતા, સંવેદના ( સ્ત્રી.); સમભાવ ( પું.) |
| synagogue | સભાગૃહ; યહૂદી સભાસ્થાન. |
| *syncretism | સર્વધર્મસારસંગ્રહ; જુદા જુદા ધર્મોના સિદ્ધાંતો ભેગા કરીને વિશ્વધર્મ ઘડવાનો પ્રયત્ન. |

— ( ગ્રીક ) ભિન્ન ભિન્ન અને પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાંતો અને આચારને એક સાથે સાંકળવાનો પ્રયત્ન, દા. ત. જુદા જુદા ધર્મોનાં અમુક તત્ત્વોનું સાંધરું કરીને વિશ્વધર્મ રચવાનો પ્રયત્ન.

| | |
|---|---|
| *synergism | " મર્કટન્યાય ". |

— માનવ તારણમાં માણસ પણ ભાગ ભજવે છે એવો વાદ.

| | |
|---|---|
| synod | સંસદ; સભા; ધર્મપરિષદ; સિનડ ( સ્ત્રી.) |
| synopsis | સારાંશ; ઉપસંહાર ( પું.); સિંહાવલોકન ( ન.) |
| synoptic ( abridged ) | સારાત્મક. |
| *Synoptic Gospels | સંદર્શક સુવાર્તાઓ; સહદર્શી/સમદર્શી સુવાર્તાઓ. |

— જેમાં ઘણું સામ્ય જોવા મળે છે એવી પ્રથમ ત્રણ સુવાર્તાઓ.

| | |
|---|---|
| synthesis | એકીકરણ; સંકલન ( ન.) |
| system ( of thought ) | વિચારસરણી ( સ્ત્રી.); દર્શન ( ન.) |
| system ( ordered arrangement ) | પદ્ધતિ; વ્યવસ્થા ( સ્ત્રી.) |

tabernacle (tent, booth) માંડવો; મંડપ; મુલાકાતમંડપ (પું.)
,, (temple) પ્રભુમંદિર (ન.)
,, (fig. = body) શરીર (ન.)
,, (receptacle for consecrated host–R. C.) અર્પિત રોટલી રાખવાનો કોશ (રો. કે.)
taboo (adj.) મના કરેલું; નિષિદ્ધ; હરામ.
taboo (n.) મના (સ્ત્રી.); નિષેધ (પું.)
*Te Deum (Lat.) પ્રાચીન મંડળીનું એક સ્તોત્ર.
— (લેટિન) "તને, ઈશ્વર" (સ્તવીએ છીએ) એ શબ્દોથી શરુ થતું પ્રાચીન મંડળીનું આજે પણ વપરાતું એક સ્તુતિગીત.
teleological ધ્યેયવિષયક; હેતુવિષયક; ઉદ્દેશવાદી; યોજનાવિષયક.
teleology ધ્યેયવાદ (પું.); હેતુવિદ્યા (સ્ત્રી.); ઉદ્દેશવાદ; પ્રયોજનવાદ (પું.)
temperance સંયમ; મિતાહાર; મદ્યનિષેધ (પું.)
temporal ઐહિક; લૌકિક; સાંસારિક.
temporary કામચલાઉ; હંગામી; મુદતિયું; અનિત્ય; અસ્થાયી; ક્ષણિક.
temptation પરીક્ષણ; પ્રલોભન (ન.); લાલચ; પરીક્ષા; કસોટી (સ્ત્રી.)
tenet માન્યતા (સ્ત્રી.)
terrestrial પાર્થિવ; પૃથ્વીનું; સાંસારિક.
*tertiary "તૃતીયસંઘી".
— મઠવાસી દીક્ષિત અને અદીક્ષિત સાધુઓ સિવાયના સંઘના સભ્યો.
testament (agreement) કરાર (પું.); કરારનામું; વસિયતનામું (ન.)
Testament (Old and New) જૂનો અને નવો કરાર.
testimony સાક્ષી; શાહેદી (સ્ત્રી.); જાહેરમાં આત્મિક અનુભવ જણાવવો તે.
*tetragrammaton ચતુરાક્ષર–ચાર અક્ષર (પું.)

— "યહવહ"–હિબ્રૂ બાઇબલમાં પવિત્ર મનાતું ચાર અક્ષરનું નામ.

text (written or printed record) પાઠ (પું.); અસલનું લખાણ (ન.); લેખ (પું.) વાચના (સ્ત્રી.)

text (chosen verse) આધારવાક્ય (ન.)

textual પાઠવિષયક; પાઠગત; વાચનાગત.

textual criticism જુઓ criticism.

textual preaching શાસ્ત્રાર્થવિવેચક બોધભાષણ.

theism ઈશ્વરવાદ; સગુણ ઈશ્વરવાદ; સગુણેશ્વરવાદ (પું.)

theme વિષય; મુદ્રાલેખ (પુ.)

theocentric ઈશ્વરકેંદ્રિત.

theocracy ઈશ્વરશાસન (ન.); ધર્મસત્તા (સ્ત્રી.); ધર્મરૂઢ રાજસત્તા (સ્ત્રી.)

*theodicy ઈશ–ન્યાયપ્રમાણ.

— (ગ્રીક : થેઓસ = ઈશ્વર; દીકે = ન્યાય)–ઈશ્વરી વ્યવસ્થાના મૂળમાં તેની કૃપા–તેની ભલાઈ રહેલી છે એવું પુરવાર કરવાનો ઈશ્વરવિદ્યાનો પ્રયત્ન. અનિષ્ટના અસ્તિત્વને ઈશ્વર સાંખી લે છે—પરવાનગી આપે છે—એ દૃષ્ટિએ ઉપલી માન્યતા વિષે પ્રશ્ન ઊભો થાય છે: અનિષ્ટનું અસ્તિત્વ ઈશ્વર ચાલવા દે છે—રહેવા દે છે એ હકીકતથી ઊભી થતી મુશ્કેલી દૂર કરવા ઈશ્વરી વ્યવસ્થાના મૂળમાં તેની કૃપા—તેની ભલાઈ રહેલી છે એવી માન્યતાને વ્યાજબી ઠેરવવા જે સિદ્ધાંત રચાયો છે તેને થિયોડોસીનો સિદ્ધાંત કહે છે.

theologian ઈશ્વરશાસ્ત્રવેત્તા; ઈશ્વરવેત્તા; ઈશ્વરવિદ્યાનો પંડિત (પું.)

theology (general) ધર્મવિજ્ઞાન (ન.); ધર્મશાસ્ત્ર (ન.); ઈશ્વરવિદ્યા (સ્ત્રી.)

theology (doctrine of God) ઈશ્વરવિદ્યા (સ્ત્રી.)

theology, practical પાળકવિદ્યા (સ્ત્રી.); પાળકસેવાલક્ષી ધર્મજ્ઞાન (ન.)

theology, natural સહજબુદ્ધિ ઉપર આધારિત ધર્મવિજ્ઞાન; સહજબુદ્ધિ ધર્મવિજ્ઞાન (ન.)

theology, revealed — ઈશ્વરના પ્રકટીકરણ પર આધારિત ધર્મવિજ્ઞાન; ઈશ્વરપ્રેરિત ધર્મવિજ્ઞાન; શ્રુતિ દ્વારા પ્રગટ કરેલું ધર્મજ્ઞાન (ન.)
theophany — ઈશદર્શનાભાસ; ઈશ્વરદર્શનાભાસ (પું.)
theory — સિદ્ધાંત (પું.); અનુમાન (ન.); વાદ (પું.); કલ્પના (સ્ત્રી.)
*theosophy — "થીયોસોફી"–ઈશ્વરજ્ઞાન; ઈશ્વર સંબંધી ઍની બિસંટનું દૃષ્ટિબિંદુ.
*theotokos (Gk.) — ઈશજનેતા (સ્ત્રી.)

— ઑરિગન ઇત્યાદિ ગ્રીક ધર્મપિતૃઓએ મરિયમને આપેલું ઉપનામ. નાસ્તોરી મતવાળાઓએ એનો વિરોધ કરેલો, પણ ઈ. સ. ૪૩૧માં એફેસસની અને ઈ. સ ૪૫૧માં ખાલ્સેદોનની ધર્મસભાએ મરિયમનું એ ઉપનામ મંજૂર રાખેલું.

thesis (basis of argument) — પ્રમેય (ન.); દલીલ (સ્ત્રી.)
thesis (dissertation) — મહાનિબંધ (પું.)
thesis (Luther's 95 theses) — સૂત્ર (ન.); પ્રસ્તાવ; ઠરાવ (પું.)
tolerance — સહિષ્ણુતા (સ્ત્રી.)
toleration — સર્વધર્મસમભાવ (પું.)
tongues (gift of) — અન્ય ભાષા (જુઓ Glossolalia)
topic — વિષય (પું.)
topical — વિષયક; પ્રસંગોચિત; પ્રાસંગિક.
topical preaching — પ્રાસંગિક બોધભાષણ; વિષયવિવેચક બોધભાષણ.
totalitarian — સરમુખત્યારશાહી; સરમુખત્યારવાદી.
totalitarianism — સરમુખત્યારવાદ (પું.)
tradition (practice handed down) — પ્રણાલિકા; પરંપરા; પ્રથા (સ્ત્રી.) સંપ્રદાય (પું.)
tradition (legend) — દંતકથા; લોકકથા (સ્ત્રી.)
traditional — પરંપરાગત; પ્રણાલીનુસાર; સાંપ્રદાયિક; પૌરાણિક.
traditionalism — રૂઢીપરાયણતા (સ્ત્રી.)

*traditor ( Lat. ) દ્રોહી.

— ( લૅટિન : દ્રોહી; સોંપી દેનાર ) સને ૩૦૩માં દિયોક્લેશ્યન સમ્રાટના સમયમાં બાઇબલ રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો ત્યારે સતાવણીમાંથી છટકી જવા સારૂ પોતાની પાસેની બાઇબલની પ્રતો સોંપી દેનાર ખ્રિસ્તીઓને નામ આપવામાં આવેલું.

tragedy કરૂણ–દુઃખદ ઘટના ( સ્ત્રી.)

tragic કરૂણ.

trance મૂર્છા; બેશુદ્ધાવસ્થા; તલ્લિનતા; સમાધિ (સ્ત્રી.)

transaction ( of the atonement ) મુક્તિમૂલ્ય ચૂકવણી; કાર્યસિદ્ધિ ( સ્ત્રી.); સાર્થક કાર્ય; મહાકાર્ય ( ન.)

transcend પર હોવું; શ્રેષ્ઠ હોવું; લોકાતીત હોવું.

*transcendence સર્વાતિશાયિત્વ ( ન.); શ્રેષ્ઠતા ( સ્ત્રી.); પરત્વ; અનુભવાતીત ( ન.)

— ( લૅટિન : ટ્રાન્સ–સેન્ડન = સામે પાર ચઢી જવું.) તમામ માનવી અનુભવ અને સમજણથી જે પર છે એવું. દા. ત. ઈશ્વરના સર્વાતિશાયિત્વ વિષે કહેવું, એટલે, ઈશ્વર સર્વથી પર છે, અલગ કે જુદો છે, સર્વથી નિરાળો છે એમ કહેવું. માનવી જ્ઞાનથી ઈશ્વરને પહોંચી શકાય કે સમજી શકાય નહિ. સર્વાનુશાયિત્વ–Immanenceથી ઊલટું, જુઓ Immanence.

transcendent સર્વાતિશાયી; લોકાતીત; પર.

transept ક્રૂસાકાર પ્રભુમંદિરનો પાર્શ્વભાગ ( પું.) પાંખ ( સ્ત્રી.)

transfiguration રૂપાંતર ( ન.)

transform રૂપાંતર કરવું.

transformation રૂપાંતર; રૂપપરિવર્તન ( ન.)

transgression ઉલ્લંઘન ( ન. )

translation ( to another language ) ભાષાંતર ( ન.); તરજુમો ( પું.)

,, ( to heaven ) સ્વર્ગારોહણ ( ન.)

translation (ecclesiastical) સ્થળાંતર ( બિશપનું ) ( ન )
transmigration જન્માંતર; યોનીભ્રમણ ( ન. ); જન્મમરણની ઘટમાળ ( સ્ત્રી.); લખ–ચોર્યાસી અવતાર (પું.); આવાગમન (ન.); કર્મ–સંસાર (પું.)
transposition સ્થાનાતંર; ક્રમાંતર ( ન.)
*transubstantiation સત્ત્વાંતર; તત્ત્વાંતર; સત્ત્વપરિવર્તન ( ન )
— ( લેટિન : " તત્ત્વનું પરિવર્તન " ) " યુખારિસ્ત "–પ્રભુભોજનના સંસ્કાર વખતે રોટલી અને દ્રાક્ષારસનો સ્વાદ, રંગ, ઇત્યાદિ બદલાતો નથી છતાં એ દ્રવ્યો ખ્રિસ્તનું માંસ અને રક્ત બની જાય છે એવી ( મુખ્યત્વે રો. કે. ) માન્યતા.
travail પ્રસવવેદના; પ્રસવપીડા; જનનપીડા; પીડા (સ્ત્રી.); કષ્ટ; દુઃખ ( ન.)
treason રાજદ્રોહ; દેશદ્રોહ; વિશ્વાસઘાત ( પું.)
trespass ઉલ્લંઘન; અતિક્રમણ ( ન.)
Trinitarian ત્રિ–એકત્વવાદી; ત્રિ–એક્તાવિષયક.
Trinity ( The Triune God ) ત્રિ–એક પરમેશ્વર.
,, ( the doctrine ) ત્રિ–એકત્વ (ન.); ત્રિ–એકતા (સ્ત્રી.); ત્રૈક્ય (ન.)
tritheism ત્રિ–દેવવાદ ( પું.)
triumphant ( Church ) વિજયવંત/સ્વર્ગસ્થ વિશ્વાસીઓનો સમૂહ.
triune ત્રિ–એક; ત્રૈએક; ત્ર્યેક.
triune immersion પિતા, પુત્ર અને પવિત્રાત્માને નામે ત્રણ ડૂબકી મારી બાપ્તિસ્મા લેવું.
true સત્ય; સાચું; યથાર્થ.
trust ( confidence ) ભરોસો; વિશ્વાસ ( પું.)
trust ( responsibility ) જવાબદારી ( સ્ત્રી.)
trust ( thing ( entrusted ) અનામત ( સ્ત્રી )
truth સત્ય ( ન.)
truth, goodness, beauty સત્યમ્, શિવમ્, સુંદરમ્.

type — જાત (સ્ત્રી.); પ્રકાર; વર્ગ; નમૂનો; (પું.) પ્રતીક; પૂર્વપ્રતીક (ન.); પૂર્વછાયા; પૂર્વએંધાણી (સ્ત્રી.)

*typology — પૂર્વ-છાયાના અભ્યાસનું વિજ્ઞાન (ન.); પ્રતિરૂપ-વિચાર (પું.)

— (ગ્રીક : તુપૅાસ = એંધાણી; નમૂનો). જૂના કરારમાં એવાં પાત્રો અને બનાવો આવે છે, કે જેઓ પ્રભુ ઈસુ તેમ જ તેના કાર્યનાં એંધાણીરૂપ કે આગાહીરૂપ સમજી શકાય, દા. ત. મેલ્ખિસેદેકમાં પ્રભુ ઈસુના રાજવીપદ અને યાજકપદની એંધાણી જણાય છે; સૂફસાગરમાં ઇસ્રાએલીઓનો જ બચાવ થયો તે બાપ્તિસ્માનો નમૂનો ગણી શકાય, વગેરે. આવી એંધાણીઓ વિષેના જ્ઞાનને "ટાઈપોલૅાજી" કહે છે.

ubiquity (See also *omnipresence*) — સર્વવ્યાપકતા; અભિવ્યપ્તિ (સ્ત્રી.)

ultimate — અંતિમ; પરમ; છેવટનું; આખરી.

unavoidable — અનિવાર્ય.

unbiased — નિષ્પક્ષ.

unchangeable — અવિકારી; નિત્ય; અપરિવર્તનીય.

*uncial (manuscript)

— મોટા અક્ષરે (અંગ્રેજી કૅપીટલ અક્ષર જેવા) લખાયેલા બાઇબલના હસ્તલેખો. (સદી ૪ થી ૯)

(See also *minuscule*)

unconditional — બિનશરતી.

unconditioned — નિર્ગુણ.

unconscious — અચેત; બેહોશ; અજાણ; બેભાન.

unconsciousness — અચેતનાવસ્થા; બેભાનાવસ્થા (સ્ત્રી.)

unction — અભ્યંજન (ન.); અભિષેક (પું.)

(See also extreme)

understanding — બુદ્ધિ; સમજ; સમજણ (સ્ત્રી.)

undifferentiated — અવિભાજિત; અવિભિન્ન; અખંડ.

unequivocal — અસંદિગ્ધ.

unforgivable — અક્ષમ્ય.

*uniate

— પૂર્વના પ્રદેશોની મંડળીઓ જેઓ રો. કે. મંડળી સાથે પ્રભુભોજનનો સંબંધ રાખે છે છતાં જેમને પોતાની આગવી ભાષા, પ્રણાલી અને નિયમો અપનાવવાની છૂટ છે એવી મંડળીઓ. દા. ત. કેરળની માલનકારા પ્રણાલી (સંપ્રદાય)ની મંડળી.

uniformity — એકસરખાપણું (ન.)

union (oneness) — ઐક્ય (ન.); એકતા (સ્ત્રી.); સંયોજન (ન.)

union with God — સાયુજ્ય (ન.)

union (organization) — સંઘ (પું.); મંડળ (ન.)

unique — અદ્વિતીય; અપૂર્વ; અનુપમ; અજોડ.

unitarian — એકત્વવાદી; ઈશ્વરની ત્રિ–એકતા નહિ સ્વીકારનાર.

*unitarianism — એકત્વવાદ; ઈશ્વરની ત્રિ–એકતા નહિ સ્વીકારતો વાદ (પું.)

— ત્રિ–એક ઈશ્વરનો અને ખ્રિસ્તના ઈશ્વરત્વનો સિદ્ધાંત નકારીને ઈશ્વરત્વમાં માત્ર એક જ વ્યક્તિસ્વરૂપ છે એવી ધાર્મિક વિચારસરણી.

united — સંયુક્ત.

unity — ઐક્ય; એકતા (સ્ત્રી.)

universal (adj.) — સાર્વત્રિક; સર્વવ્યાપી.

*universal (n.), Platonic — જાતિ (સ્ત્રી.); સામાન્ય પ્રત્યય (પું.) કૂટસ્થ (સર્વ કાળે એકરૂપ રહેનારું, અચળ) તત્ત્વ નિર્વિકલ્પ સત્ત્વ; વિશ્વગુણ માપદંડ.

— પ્લેટોના સૂચવ્યા મુજબ પ્રત્યેક પાદાર્થિક બનાવ કે દષ્ટાની પાછળ જે સાર્વત્રિક ભાવના રહેલી છે–સાર્વત્રિક ખ્યાલ રહેલો છે તે. દા. ત. તમામ સારાં વાનાં અને લોકોની પાછળ જે સાર્વત્રિક સારાપણાનો ખ્યાલ રહેલો છે તે, અથવા જે બધું અસ્તિત્વ ધરાવે છે તે તમામની પાછળ શુદ્ધતાનો ખ્યાલ–શુદ્ધતાની ભાવના રહેલી છે તે.

universalism — સર્વતારણવાદ; સર્વોદ્ધારવાદ; સમગ્રતારણવાદ (પું.)

universalist — સર્વતારણવાદી; સર્વોદ્ધારવાદી.

universe — વિશ્વ; ભૂમંડળ (ન.)

| | |
|---|---|
| unknowable | અજ્ઞેય; જ્ઞાનાતીત; અગમ્ય. |
| unmanifest | અવ્યક્ત. |
| unnatural ( not according to nature ) | અકુદરતી; અપ્રાકૃતિક; અસ્વાભાવિક. |
| ,, ( perverted ) | પ્રકૃતિવિરુદ્ધ; અનૈતિક; અતિદુષ્ટ. |
| unprejudiced | નિષ્પક્ષ; પૂર્વગ્રહ વિનાનું. |
| unqualified ( Phil.) | નિર્ગુણ. |
| unrighteous | અધર્મી; અન્યાયી; અનીતિમાન. |
| unrighteousness | અધર્મ ( પું ); અન્યાયીપણું ( ન.) અનીતિ ( સ્ત્રી.) |
| unseemly | અનુચિત; અશોભિત; અઘટિત. |
| unseen | અદૃષ્ય; અણદીઠ; અગોચર. |
| unselfish | નિઃસ્વાર્થી. |
| unveil | ખુલ્લું મૂકવું; અનાવરણ કરવું. |
| unveiling | ખુલ્લું મૂકવું તે; અનાવરણ ( ન.) |
| usher | સત્કારસેવક; પ્રભુમંદિરમાં સ્વાગત કરનાર. |
| utilitarianism | ઉપયોગિતાવાદ; સર્વહિતવાદ. |
| utopia | આદર્શરાજ્ય ( કલ્પાનું ); સ્વપ્નરાજ્ય ( ન.) |
| utopianism | અવહેવારૂ આદર્શવાદ ( પું.) |
| utterance | વકતવ્ય; કથન; ભાષણ ( ન.); રજૂઆત (સ્ત્રી.) |
| valid | માન્ય; યોગ્ય; પ્રમાણભૂત; કાયદેસર. |
| validity | માન્યતા; યોગ્યતા ( સ્ત્રી.); કાયદેસરપણું ( ન.) |
| value ( worth ) | ગુણ ( પું.); યોગ્યતા; લાયકાત ( સ્ત્રી.); મૂલ્ય; મહત્ત્વ ( ન.) |
| ,, ( price ) | મૂલ્ય ( ન.); કિંમત ( સ્ત્રી.) |
| vanity | વ્યર્થતા (સ્ત્રી.); મિથ્યાભિમાન ( ન.) |
| variant reading ( textual ) | પાઠાંતર ( ન.) |
| veil | પડદો; ઘૂંઘટ; બુરખો ( પું.); આવરણ ( ન.) |
| vellum | ચર્મપત્ર ( ન.) |
| venerable | પૂજ્ય; પૂજનીય; માનનીય. |

veneration — પૂજ્યભાવ; આદરભાવ ( પું.)
vengeance — વેર ( ન.)
venial ( sin ) — ક્ષમ્ય; ગૌણ.
veracious — સત્યભાષી; સત્યશીલ.
veracity — સત્યતા; સત્યશીલતા; સચ્ચાઈ ( સ્ત્રી.)
verbal — શાબ્દિક; શબ્દશઃ
verdict — નિર્ણય; ચુકાદો; ફેંસલો ( પું.)
verification — ખાતરી; સાબિતી ( સ્ત્રી.); પુરાવો ( પું.)
verify — ખાતરી કરવી; સાબિત કરવું; પુરવાર કરવું.
vernacular — પ્રાદેશિક ભાષા ( સ્ત્રી.)
versicle — પ્રત્યુત્તરિત પ્રાર્થનામાં ધર્મસેવકે બોલવાનો ભાગ.
version ( translation ) — ભાષાંતર ( ન.); અનુવાદ ( પું.)
version ( edition ) — આવૃત્તિ ( સ્ત્રી.)
*vertical relation — માનવીનો ઈશ્વર સાથેનો સંબંધ.

— ક્રૂસની આકૃતિની ઊર્ધ્વરેખા ( vertical ) ઈશ્વર સાથેનો સંબંધ સૂચવે છે, જ્યારે આડી રેખા ( horizontal )ના બન્ને છેડા સાથી મનુષ્યો સાથેનો સંબંધ સૂચવે છે.

( See also *horizontal relation.* )

vespers — સાયંસંધ્યા; સાયંપ્રાર્થના ( સ્ત્રી.)
vestment — વસ્ત્ર ( ન ); ધર્મક્રિયા વખતે પહેરવામાં આવતો પોશાક.
veto ( n.) — નિષેધાધિકાર; નિષેધ ( પું.); મનાઈ ( સ્ત્રી.) "વીટો".
veto ( vb.) — નિષેધાધિકાર વાપરવો; મનાઈ ફરમાવવી.
vicar — સ્થાનિક પાળક ( પું.); ( મૂળાર્થ : પ્રતિનિધિ.)
vicarious — અવેજી; અન્યને બદલે બેઠેલું.
vice — દુર્ગુણ; દુષ્ટાચાર; ભ્રષ્ટાચાર ( પું.)
vicious — દુષ્ટ; ભ્રષ્ટ; દુરાચારી; ભ્રષ્ટાચારી.
viewpoint — દૃષ્ટિકોણ ( પું ); દૃષ્ટિબિંદુ ( ન.)
vigil — પ્રાર્થનાર્થે રાત્રિજાગરણ; પર્વની આગલી રાતે ઉપવાસ સહિત કરેલું જાગરણ ( ન.)

vindicate — નિર્દોષ સાબિત કરવું; બચાવ કરવો.
vindication — દોષમુક્તિ (સ્ત્રી.); બચાવ (પું.); દોષનિરસન (ન.)
violate — ઉલ્લંઘન કરવું; ભંગ કરવો; ભ્રષ્ટ કરવું.
violation — ઉલ્લંઘન (ન.)
virgin — કુંવારી; કન્યા; કુમારિકા.
*Virgin Birth
(doctrine of) કુંવારીના પેટે થયેલ જન્મ (નો સિદ્ધાંત).
— માનવ પિતા વિના કુંવારી પેટે ઈસુ દેહધારી થયા તે સિદ્ધાંત.
virginity — કૌમાર્ય; કુંવારાપણું (ન.)
virtual — અસરકારક; સાર્થક.
*virtual real presence
— પ્રભુભોજનનાં દ્રવ્યો (રોટલી ને દ્રાક્ષારસ) લેનાર પ્રભુના આબેહૂબ શરીરનો નહિ, પણ આત્મિક રીતે તેની હાજરી દ્વારા તેના મૃત્યુના અસરકારક લાભનો સ્વીકાર કરે છે. —(કાલ્વિન)
virtue — સદ્ગુણ; ગુણ; સદાચાર (પું.)
vision — દર્શન; સંદર્શન (ન.); દષ્ટિ (સ્ત્રી.)
vision (of God) — પ્રત્યક્ષ દર્શન (ન.); સાક્ષાત્કાર (પું.)
*visitation — મુલાકાત (સ્ત્રી.); સ્વર્ગીય સંદેશવાહકની મુલાકાત.
(૧) મરિયમ કુંવારીની તેની પિત્રાઈ બહેન એલીસાબેતે લીધેલી મુલાકાત. (લુક ૧ : ૩૯-૫૬.)
(૨) નિરીક્ષણ, સુધારા અને ઉત્તેજનને અર્થે મંડળીના ઉચ્ચ અધિકારીઓ અવારનવાર સ્થાનિક મંડળીઓની મુલાકાત લે છે તે.
vital — જીવન સંબંધીનું; જીવનરક્ષક; અગત્યનું.
(See also *elan*)
vitality — જીવનશક્તિ; સ્ફૂર્તિ (સ્ત્રી.)
vocabulary — શબ્દસંગ્રહ (પું.)
vocation (calling) — તેડું (ન.)
vocation (profession) — વ્યવસાય; ધંધો (પું.)

| | |
|---|---|
| volition | ઇચ્છા; ઇચ્છાશક્તિ (સ્ત્રી.): સંકલ્પ (પું.) |
| voluntary | સ્વૈચ્છિક; મરજિયાત. |
| votary | ભક્ત; વ્રતધારી; ઉપાસક (પું.) |
| vow | વ્રત (ન.); માનતા (સ્ત્રી.) |
| vulgar | સાધારણ; અસંસ્કારી; અભદ્ર; અસભ્ય. |
| *Vulgate | "વલ્ગેટ". |

— (લૅટિન : એડિટિઓ વલ્ગાતા=સાર્વજનિક આવૃત્તિ) આસરે સને ૪૦૪માં જેરોમે લૅટિન ભાષામાં કરેલું અને રો. કે. મંડળીએ સત્તાવાર ઠરાવેલું બાઇબલનું ભાષાંતર.

| | |
|---|---|
| way | માર્ગ; રસ્તો; પંથ; પથ; રાહ (પું.) |
| wicked | દુષ્ટ. |
| wickedness | દુષ્ટતા (સ્ત્રી.) |
| will | ઇચ્છા; ઇચ્છાશક્તિ (સ્ત્રી.) |
| wisdom | જ્ઞાન, ડહાપણ (ન.); બુદ્ધિ (સ્ત્રી.) |
| *Wisdom Literature | જ્ઞાનવર્ગીય સાહિત્ય (ન.) |

— ઈશ્વરી તેમ જ માનવી જ્ઞાનને ઘણું મહત્ત્વ આપે એવા પ્રકારનું હિબ્રૂ સાહિત્ય. કેટલીક વાર જ્ઞાનને વ્યક્તિરૂપ આપવામાં આવ્યું છે. આ વર્ગના સાહિત્યમાં નીતિવચનો, અયૂબ, સભાશિક્ષક ઉપરાંત અપ્રમાણિત (બાઇબલની બહારના) ધર્મગ્રંથો જેવા કે "એકલેસિયાસ્તિકસ" અને "સૂલેમાનનું જ્ઞાન"નો પણ સમાવેશ થાય છે.

| | |
|---|---|
| wise | જ્ઞાની; બુદ્ધિમાન; ડાહ્યું. |
| witness (evidence) | સાક્ષી; શાહેદી; જુબાની (સ્ત્રી.) |
| witness (evangelism) | સાક્ષી (સ્ત્રી.) |
| witness (person) | સાક્ષી; શાહેદ (પું.) |
| wonder (surprise) | આશ્ચર્ય (ન.); નવાઈ (સ્ત્રી.) |
| wonder (miracle) | ચમત્કાર (પું.); અદ્‌ભુત કાર્ય (ન.) |
| | See Also *miracle* |
| word (general) | શબ્દ (પું.); વચન (ન.) |

*Word ( Logos ) શબ્દ ( પું.)

— આ ગ્રીક "લોગૉસ" શબ્દ ખાસ કરીને યોહાનના પહેલા અધ્યાયમાં ખ્રિસ્ત (ઈશ્વરનો શબ્દ) માટે વપરાયો છે. સ્ટોઈક તત્ત્વજ્ઞાનમાં લોગૉસ વિશ્વ–માનસના અર્થમાં વપરાયો છે યહૂદી ફિલસૂફ ફીલોએ (મૃ. આસરે ઈ. સ. ૫૦) એનો સંબંધ ઈશ્વરના ઉત્પન્ન કરનાર શબ્દ (ઉત્પ. ૧;૩)ના અને જૂના કરારના "જ્ઞાન"ની સાથે જોડ્યો છે. યોહાનની સુવાર્તા આ બંને ખ્યાલોને જોડી દે છે: યહૂદી અને ગ્રીકોને લખતાં તે જણાવે છે: "અગર વિશ્વમાં કાર્ય કરનાર "લોગૉસ" ઈશ્વર છે, તો હું ભારપૂર્વક જાહેર કરું છું કે, ખ્રિસ્ત જ એ "લોગૉસ" છે."

work કાર્ય; કામ; કર્મ (ન.)
works ( good ) સત્કાર્યો; પુણ્યકૃત્યો (ન ); શુભકરણીઓ (સ્ત્રી.)
world ( gen.) જગત (ન.); સંસાર (પું.); દુનિયા (સ્ત્રી.)
world ( this ) ઈહલોક (પું.)
world ( other ) પરલોક (પું.)
worldly સાંસારિક; જગતી; જગિક; દુનિયાદારી.
World Council of Churches મંડળીઓની વિશ્વપરિષદ (સ્ત્રી.)
worship ભજનસેવા; આરાધના; ઉપાસના; ભક્તિ (સ્ત્રી.); ભજન (ન.)
worshipper ભક્ત; ભજનાર; ઉપાસક; આરાધક.
worth જુઓ value.
wrath ક્રોધ; કોપ; પ્રકોપ (પું.)
wrong ( adj.) ખોટું; અનુચિત; દોષિત; અશુદ્ધ; ભૂલભર્યું.
wrong ( n.) અન્યાય; અપરાધ (પું.); નુકસાન; અનિષ્ટ (ન.)
zeal ઉત્સાહ; ઉમંગ (પું.); આસ્થા; ધૂન (સ્ત્રી.)
zealous ઉત્સાહી; ઉમંગી; આસ્થાધારી/વાદી; ધૂની.

# TRANSLITERATION OF PROPER NAMES

## INTRODUCTION

It has been decided to add a list of Gujarati transliterations of proper names as a supplement to the English-Gujarati Glossary of Theological Terms. In the case of proper names, as of theological terms, it is highly desirable to establish uniformity of usage as far as possible, and it is hoped that the list here published will be used, with that aim, by all those who henceforward write or translate books in Gujarati in which these names occur. We hope it will be specially useful to theological teachers and their students.

### *No detailed rules for Gujarati*

The compilers of similar lists of names in Hindi and in Urdu have explained in detail the rules according to which the various phonetical elements of names which were originally Hebrew, Greek, Latin, English, French, German etc. ought to be transliterated into modern Hindi or Urdu. We, however, have framed no such rules for Gujarati. The reasons for this are as follows.

### *English-speaking background*

Hitherto the study of theology and Church History in the Gujarati Christian Church (at least in the Protestant denominations) has been dominated by the

English-speaking background of the Missions through which the Church was established; and this situation seems likely to continue. Theological teachers who teach through the medium of Gujarati have themselves studied through the medium of English and are accustomed to use English text-books, and Gujarati theological students who proceed to more advanced studies almost invariably do this at institutions where English is the medium. Moreover, educated non-Christian Gujaratis who wish to study any aspect of Christianity customarily rely almost entirely on English books.

